
ઇસ્લામની ઓળખ.



કરીમ મહમદ માસ્તર
વકીલ—નડીઆદ

રૂ. ૧-૦-૦

ઇસ્લામની ઓળખ.

Introduction to Islam.

કુરઆનેશરીફમાંની અરબી સૂરાઓ ગુજરાતી અક્ષરોમાં આપી, ત્હેના ગદ્યમય ભાષાન્તર અને વિસ્તૃત ટીકા સાથે, ભાષાન્તરરૂપ કાવ્યો અને અન્ય ઇસ્લામી લેખોનો સંગ્રહ

કર્તા

કરીમ મહમદ માસ્તર.

એમ. એ, એલએલ. બી., (એસ. ટી. સી. ડી.)

વકીલ, નડીઆદ.

(કર્તાનાં બીજાં પુસ્તકો માટે પાન ૨ જુઓ.)

ઉપોદ્દઘાત લખનાર

ખાન બહાદુર એમ. આઇ. કાદરી સાહેબ

ઓ. બી. ઇ., બી એ., એલએલ. બી,

ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ્જ, નડીઆદ.

પ્રથમ આવૃત્તિ ૧૯૨૭ પ્રત ૧૦૦૦

કીંમત રૂ. ૧—૦—૦

કદર બુજે, ન બુજે, ત્હોય ત્હારે શું !
નિજાનંદે સદા મસ્તાન રહેજે તું.

'બેદરકાર'—વસંત, ફાલ્ગુન ૧૯૬૬.

कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन ॥

શ્રીમદ્ ભગવદ્ગીતા

મ્હોટાં ન્હાનાં વધુ મ્હોટાંમાં, તો ન્હાનાં પણ મ્હોટાં,
વ્યોમ-દીપ રવિ નભ-બિન્દુ, તો ઘરદીવડાં શાં ખોટાં !

ગોવર્ધનરામ : સ્નેહમૂદ્રા.

૭૮૬

મ્હને

ઈસ્લામની ઓળખ

કરાવનાર

રહમતુ'લ આલમીન

ને

બલગ'લ્ ઉલા બે કમાલેહી,
કશફુદ્ દુજા બે જમાલેહી;
હસોનત જમીઅ ખેસાલેહી,
સલ્લુ અલયહે વ આલેહી !

પ્રસ્તાવના.

સ્વતંત્ર કૃતિઓ રચવા કરતાં ભાષાન્તરો કરવાં કેટલાં કઠિન છે, તે સહાનુભવીઓ સહજ સ્હમજી શકશે. બીજાઓએ કોઈ પણ અવતરણને માત્ર ગદ્યમાં જ ઉતારી અખતરો અજમાવી જોવો બસ થશે. મૂળ કૃતિનો નૈસર્ગિક ભાવ ભાષાન્તરમાં દ્રશ્ય કરાવી શકનાર કોઈ વિરલ જ હોય છે. પરભાષામાં પારિભાષિક શબ્દોના અભાવે મુશ્કેલીનું પ્રમાણ વધે છે. વળી, ધાર્મિક વિષયો પરત્વે, અનુયાયીઓની નાજુક લાગણીઓ (sentiments) નો વિચાર કરતાં, ભાષાન્તર કાર્ય કેટલું સાહસ છે, તે કલ્પી શકાશે. ત્હેમાં યે મુસ્લિમોની ધર્મચુસ્તતા તો જગજાણીતી છે. સંકુચિત વિચારના Orthodox મૌલવીઓએ ત્હેને પોષી, પ્રસારી છે. ઇસ્લામ સંબંધે હિન્દુ મુસલમાનો વચ્ચે સમજફેર, બલ્કે ગેરસમજ થાય છે, તે આ મૌલાનાઓને આભારી છે! ખુદ મુસ્લિમોમાં પણ અનેક વિકૃત માન્યતાઓ આવા ઉલમાઓ Doctors in Religion ની પ્રસાદી છે!

હું મૌલવી નથી, મૌલાના નથી; હાજી નથી, હાફિઝ નથી. આવી કોઇ ઉપાધિ (ડીપ્લોમા) નું પ્રમાણપત્ર (સર્ટીફીકેટ) મ્હારી પાસે નથી. છતાં મ્હારા અંગ્રેજી શિક્ષણથી મ્હને એટલું તો સ્હમજાય છે કે ઇસ્લામ, ધર્મ તરીકે, એટલો બધો સાદો અને સરળ છે કે જો ત્હેને ત્હેના મૂળ સ્વરૂપમાં સ્હમજાવવામાં આવે તો તે અચુક વિશ્વધર્મ થઇ શકે ! પરંતુ, મ્હારા માનવા પ્રમાણે, આ સ્હમજાવવાની રીતિ વિશાળ હૃદયી (liberal) અને સહૃદયી (sympathetic) હોવી જોઇએ. ઇલાહી ફરમાનોમાં 'અકલી' (rational) દલીલ 'કુફર'(નાસ્તિકતા) છે. એમ મૌલાનાઓ એકદમ 'ફતવો' (ધાર્મિક નિર્ણય) આપી દે છે ! છતાં અકલી દલીલથી ઇલાહી ફરમાન સુદ્રઢ થતું હોય તો અર્વાચીન જડવાદના યુગમાં તે રીતિ-નીતિ શા સારૂ સ્વીકારવી નહિ ? મગરિબી રોશની-પાશ્ચાત્ય સંસ્કૃતિ મુસ્લિમોમાં પણ પ્રવેશ કરતી જાય છે. તો તે દ્રષ્ટિબિન્દુથી ઇસ્લામ સ્હમજવામાં વા સ્હમજાવવામાં માત્ર **समे वर्ते सावधान** કરતાં વિશેષ શું છે !

આવો જ કંઇક આશય મ્હારો પણ છે. હિન્દુ મુસ્લિમ ગેરસમજ યથાશકિત દૂર કરવા મ્હારો આ અલ્પ પ્રયાસ છે: આટલી ન્હાનકડી કૃતિમાં ઇસ્લામ સર્વાંગે સ્હમજાવી શકાય, એ તો અકલ્પ્ય છે. તેમ છતાં એ દિશામાં મ્હારો પ્રયત્ન છે. ઇસ્લામનાં ઘણાં મૂળતત્વો

મ્હારી આ કૃતિમાં સમાવ્યાં છે. ત્હેમની ચર્ચા સંક્ષિપ્તમાં કરી છે. વિસ્તૃત વિવેચન ઇસ્લામથી અજ્ઞાત ગેર મુસ્લિમોને કદાચ કંટાળારૂપ નીવડે, અને તેથી ધારેલો ઉદ્દેશ અફળ જાય !

ભાષા સરળ રાખવા પ્રયત્ન કર્યો છે. છતાં મુસલમાનોના કેટલાક વર્ગોને તે કઠિન લાગે તો નિરૂપાય છું. ગુજરાતમાં વસતા મુસલમાનોએ શુધ્ધ ગુજરાતી, અર્થાત્ 'જડબાતોડ' સંસ્કૃતમય ગુજરાતી નહિં, પરંતુ સંસ્કારી (chaste) ગુજરાતી તો જાણવું જ જોઇએ. ગુજરાતમાં વસતા મુસ્લિમોને, જીવનના પ્રત્યેક વ્યવહારમાં, હિન્દુઓ સાથે સ્પર્ધા કરવાની છે. તેથી મુસ્લિમોએ શુધ્ધ, સંસ્કારી ગુજરાતી જાણવું અતિ આવશ્યક છે.

મ્હારી આ અલ્પ કૃતિ ઇસ્લામનું સર્વાંગ જ્ઞાન આપી શકે એ અકલ્પ્ય છે. છતાં **ઇસ્લામની ઓળખ** Introd1ction to Islam કરાવી શકશે, તો યે હું કૃત કૃતાર્થ માનીશ. એક વખત વાચકની જીજ્ઞાસા પ્રદીપ્ત થશે તો અવશ્ય વિશેષ જ્ઞાન મેળવવા તે સ્વતઃ પ્રયાસ કરશે; અને પ્રયાસને અંગે અવશ્ય અનુકૂળ સાહિત્ય પણ પ્રાપ્ત થશે !

હિન્દુઓને ઇસ્લામની, અને મુસ્લિમોને સનાતન ધર્મની પરસ્પર ઓળખ થશે, ત્યારે જ હિન્દના અર્વાચીન

હિન્દુ-મુસ્લિમ કલહો વિરામશે, એમ મ્હારૂં દૃઢ માનવું છે. કોમી નેતાઓ ઐક્ય સ્થાપવા અનેક મંત્રણા કરે વા યોજના ઘડે, પરંતુ જ્યાં સુધી જનસમૂહ (masses) પરસ્પર ધર્મ પરત્વે અતિ અજ્ઞાત છે, ત્યાં સુધી આવા પ્રયત્નો નિષ્ફળ જાય એ સ્વાભાવિક છે.

ઉપર્યુક્ત ઉદ્દેશોને અનુસરી, છેલ્લા દશકામાં, કુરઆને-શરીફમાંથી "ઇસ્લામની ઓળખ" કરાવતી વિવિધ સૂરાઓનાં પ્રાસંગિક ભાષાન્તરો મ્હેં કરેલાં હતાં; અને માસિકોમાં પ્રથક પ્રથક પ્રગટ કર્યાં હતાં. હજી આવી ઉપયોગી ઘણી સૂરાઓ બાકી છે. પરંતુ અવકાશે પ્રાસંગિક ભાષાન્તરો કરવામાં કદાચ બીજો દશકો વીતી જાય ! જીવન ક્ષણભંગુર છે ! તેથી કેટલાક મિત્રોની સલાહ, બલ્કે આગ્રહને માન આપી મ્હારાં જેટલાં ઇસ્લામી કાવ્યો અને લેખો અત્યાર સુધી પ્રગટ થઇ ચુક્યાં છે, ત્હેમનો સંગ્રહ આ કૃતિમાં કર્યો છે. કાવ્યોની ઉપયોગિતા વધારવા, મૂળ અરબી સૂરાઓ ગુજરાતીમાં છાપી, તે સ્હામે ત્હેનાં શબ્દાર્થ પ્રમાણે ગદ્ય ભાષાન્તરો મુકી, નીચે મ્હારાં ભાષાન્તર કાવ્યો આપી, સંક્ષિપ્ત ટીકા ઉમેરી છે.

અરબી સૂરાઓ અને ટીકામાંનાં પ્રથક અરબી અવતરણો ગુજરાતીમાં લિપિયાન્તર થવાથી આત્મા વિનાના શરીર જેવું પરિવર્તન લાગે છે ! કેટલાક અરબી મૂળાક્ષરોના

સમન્વય ગુજરાતીમાં બિલકુલ નથી. વળી, કેટલાક અરબી મૂળાક્ષરોના ઉચ્ચાર ગુજરાતીમાં ઉતારવા લગભગ અશક્ય છે. ગેરમુસ્લિમ વાચકોમાંથી જેમણે ફારસીનો અભ્યાસ કર્યો હશે. ત્હેમને આ તરત સ્હમજાશે. બીજાઓને આ વિવેચન જેટલું અગમ્ય રહે, તેટલો જ કંટાળો આપે, તેથી આટલો ઉલ્લેખ કરી વિરામું છું.

વિશેષ મુશ્કેલી કુરઆનેશરીફની ખાસ શૈલીની છે. કુરઆને પાકની સૂરાઓ નથી ગદ્ય કે નથી પદ્ય. 'અગદ્યા પદ્ય' વા 'પદ્યમય ગદ્ય', poetic prose, કહીએ તો યથાર્થ છે. કવિશ્રી ન્હાનાલાલની 'નવીન શૈલી' યથાર્થ સ્હમજનારને કુરઆને કરીમની શૈલીનો ખ્યાલ આવશે. કવિશ્રીની 'નવીન શૈલી' કુરઆન અને બાઇબલની શૈલીનું અનુકરણ છે, એમ કહું તો તદ્દન વાસ્તવિક છે. વેદનાં કેટલાંક સૂત્રો પણ આવી જ શૈલીમાં છે, એમ હિન્દુ મિત્રોના કહેવાથી કહું છું.

આવી અલૌકિક શૈલીનું ગાંભીર્ય અને માધુર્ય પિંગળના શુષ્ક વૃત્તોમાં છેદાઇ જાય, નષ્ટ થઇ જાય, એમાં કોનો દોષ !

કુરઆનેશરીફની આ અદ્વિતીય શૈલી વિશે મહાન અંગ્રેજી સાક્ષર ડૉ. જોહ્નસન લખે છે કેઃ—

If it is not Poetry-and it is hard to say whether it be or not, it is more than Poetry. It is not History, nor Biography. It is not Antho-

logy, like the Sermon on the Mount; not **Meta-physical** Dialectics, like the Buddhist Sutras, **nor** sublime Homilectics, like Plato's Conference of the Wise and Foolish Teachers. It is a PROPHET's CRY, Semitic to the core: yet of a meaning so UNIVERSAL and so timely that all the Voices of the Age take it up, willing or unwilling; and it echoes over Palaces and Deserts; over Cities and Empires; first kindling its chosen hearts to World Conquest, then gathering itself up into a reconstructive force, that all the creative light of Greece and Asia might penetrate the heavy) gloom of the Christian Europe, when Christianity was but the Queen of Night.

(Islamic Review, London, Aug. 1914).

વિધર્મી ભાષામાં. ભિન્ન ધાર્મિક સિધ્ધાંતોને કારણે, સમન્વય શબ્દોનો અભાવ હોય છે. તેથી ધાર્મિક સિદ્ધાંતોની પરિભાષા ઉતારવી અતિ કઠિન છે. તેથી જ મ્હેં મૂળ પારિભાષિક શબ્દોનો બન્યો તેટલો ઉપયોગ કર્યો છે. ટીકામાં જરૂરી ખુલાસો આપ્યો છે.

ટીકામાં શબ્દકોશનું કામ મ્હેં ઝાઝું કર્યું નથી. મુખ્ય આશય સિધ્ધાંતોના સ્ફોટનનો હોવાથી, શબ્દાર્થની

દિશામાં દર્શાવેલી ઉદાસીનતા વાચકો ક્ષમ્ય ગણશે.

કુરઆનેશરીફનાં અવતરણોનો ઉલ્લેખ કરવામાં અનુક્રમે સૂરા અને આયતના નંબર આપ્યા છે. કુરઆને પાકની મ્હારી પાસેની આવૃત્તિમાં આયાતોના નંબર આપેલા હોવાથી મ્હને આ યોજના વધારે સરળ લાગી છે. પરંતુ ઘણી આવૃત્તિઓમાં આયાતના નંબરો આપેલા હોતા નથી. તેથી વાચકોને રેફરન્સ (ઉલ્લેખ) શોધી કહાડવા પારા અને રૂકુના નંબર જુદા પરિશિષ્ટથી આપેલા છે.

ઇસ્લામી પારિભાષિક શબ્દોની જોડણી માટે, મ્હેં એકાદ વખત મૂળ જોડણી પ્રમાણે જોડણી કરી, પછીથી ગુજરાતી પ્રચલિત જોડણીમાં જરૂરી સુધારો કરી, વચલો માર્ગ ગ્રહણ કર્યો છે. ઉદા. પયગમ્બર–પેંગમ્બર. તેમ છતાં, કેટલાક શબ્દોમાં તો ગુજરાતી જોડણી સુધારવા મૂળ જોડણી જ સર્વત્ર સાચવી છે, ઉદા. કુરઆન, જન્નત, નમાઝ, વગેરે; ગુજરાતીમાં કુરાન, જીન્નત, નિમાજ, વગેરે લખાય છે તે અશુધ્ધ છે. અને શુદ્ધ જોડણી દાખલ કરવી જરૂરી છે.

પેગમ્બરો અને વલી ઓલિઆ વગેરે માટે મુસ્લિમો હમેશા ત્હેમનાં નામ સાથે માનસૂચક શબ્દો વાપરે છે. ત્હેમાં **હઝરત, સલ, અલ., રદી.** મુખ્ય છે. 'હઝરત' હિન્દુ 'શ્રી'ને મળતો છે. 'સલ' એ **સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ** : ત્હેમના ઉપર અલ્લાહની સલામ હો ! એનું

ટુંકું રૂપ છે. આ ઉદ્‌ગાર હમેશા હઝરત મોહમ્મદ પેગમ્બર સાહેબ (સલ)ના નામ સાથે જ જોડવામાં આવે છે. બીજા પેગમ્બરોનાં નામ સાથે '**અલ.**' જોડાયછે તે **અલયહિસ્સલામઃ** ત્હેમના ઉપર (અલ્લાહની) સલામ હો ! એનું ટુંકું રૂપ છે. 'રદી.' એ **રદી અલ્લાહોઃ તઆલા અન્હો** : અલ્લાહ તઆલા ત્હેમના ઉપર રાજી રહો ! એનું ટુંકું રૂપ છે. આ ઉદ્‌ગાર ઇમામો, વલી ઓલીઆ વગેરે બુઝુર્ગો (સંત પુરૂષો. Holy Persons.) સાથે જોડાય છે. હઝરત અલીના નામ સાથે હમેશા **કરમ અલ્લાહો વજહૂ** : અલ્લાહની ઉદારતા ત્હેમના પર હો ! એ જોડાય છે ત્હેનું ટુંકું રૂપ '**કરમ**' છે. આવા માનસૂચક ઉદ્‌ગાર વિના કોઇ બુઝુર્ગનું નામ લેવું, એ ઇસ્લામ અને મુસ્લિમોની નજરે અતિ અપમાન ગણાય છે. હિન્દુ લેખકોએ આ બાબત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.

આ સંગ્રહમાંનાં કાવ્યો અને લેખો, પ્રથમ કયાં અને ક્યારે પ્રગટ થયાં છે, તે પ્રત્યેક કાવ્ય વા લેખ નીચે દર્શાવેલું છે. આ રીતિ નવીન છે; પરંતુ આ દિશામાં આ પ્રયાસ પણ તેટલો જ નવીન છે. આ પ્રગટ થઇ ચુકેલાં લખાણોનો સંગ્રહ મ્હારા તરફથી પ્રગટ થાય ત્હેનો સ્વીકાર કેવો થાય છે તે હજી જોવાનું રહ્યું !

ઉપર જણાવ્યા પ્રમાણે, હું મૌલવી કે હાફિઝ નથી. તેમ મ્હારા આશય પણ ઉપર જણાવ્યા પ્રમાણે હોવાથી,

ટીકામાં મ્હારૂં દ્રષ્ટિબિન્દુ સ્હમજાશે. તેમ છતાં હિન્દુ મુસ્લિમ વાચકો અને અવલોકનકારોની યોગ્ય સૂચનાઓને હું યથાર્થ માન આપીશ, અને ભવિષ્યની આવૃત્તિમાં તે સૂચનાઓ સ્વીકારવા ઘટીત પ્રયત્ન કરીશ.

પૂરતી કાળજી રાખ્યા છતાં, છાપખાનાની ભુલો રહી ગઇ છે. તે માટે હું ઘણો દિલગીર છું. હિન્દુ કમ્પોઝીટરો અરબી લખાણ ન સ્હમજે તે સ્વાભાવિક છે, પ્રુફમાં ભુલો સુધાર્યા છતાં વગર સુધાર્યે પ્રેસવાળા છાપી કહાડે. એ તો અનુભવથી જ સ્હમજાય ત્હેવું છે! અંગ્રેજીમાં Printer's Devil કહે છે તે અતિ સૂચક છે.

મ્હારી આ અલ્પ કૃતિનો ઉપોદ્‌ઘાત લખવા ખાન બહાદુર એમ. આઇ. કાદરી સાહેબ, ઓ. બી. ઈ., બી. એ., એલએલ. બી.. નડીઆદના ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ સાહેબે જે મહેરબાની કરી છે, તે માટે હું તેઓ સાહેબનો અતિ અતિ ઉપકૃત છું.

નડીઆદ.

ઓગસ્ટ ૧૯૨૭.

કરીમ મહમદ માસ્તર.

ઉપોદ્ઘાત

ડૉ. એની બિસન્ટે ઇસ્લામ ઉપરનાં પોતાનાં કેટલાંક વિદ્વતાભર્યાં ભાષણોમાં કહ્યું છે કે, "ઇસ્લામ વિષે દુનિયાના સર્વે ધર્મોમાં સૌથી વધારે ગેરસમજ અને દ્વેષ પ્રસરેલાં છે; અને મુસ્લિમોની ફરજ છે કે ઇસ્લામનાં સત્ય મૂળતત્વો અને ત્હેમના પેગંબરના જીવનની પવિત્રતા વિષે ત્હેમણે પુસ્તકો પ્રગટ કરવાં જોઇએ. કોઇ પણ સામાન્ય પરંતુ નિષ્પક્ષપાત નિરીક્ષકને ઇસ્લામનાં ત્રણ મહાન તત્વો અતિ વિશિષ્ટતાથી તાદૃશ્ય થશે. પ્રથમ, કે ઇસ્લામ સકળ સૃષ્ટી પ્રતિ શાન્તિ અને સમભાવ પ્રેરતો ધર્મ છે. કુરઆને પાકમાં ફરમાવ્યું છે કે" ઇસ્લામમાં જુલ્મ નથી." દ્વિતીય સિદ્ધાંત, પાક પરવરદિગારની પરમ દયા અને કૃપામાં શ્રદ્ધા રાખવા સંબંધે છે. તૃતીય બોધ, સ્ત્રી જાતિના સમાજમાં હક અને સ્થાન પરત્વે છે.

વિદ્વાન લેખકે, આ ન્હાની કૃતિ પ્રગટ કરીને, વાચકને ઇસ્લામનાં કેટલાંક આવશ્યક મૂળતત્વોની ઝાંખી કરાવી છે.

અસલ અરબી સૂરાઓ અને અન્ય અવતરણો સાદી અને સ્હેમજાય ત્હેવી ભાષામાં આપી આ સિદ્ધાંતો વાંચક સમક્ષ રજુ કર્યા છે. અને તેથી વાચક ઈસ્લામનો વિશેષ અભ્યાસ કરવા પ્રેરાશે તો લેખકનો ઉદ્દેશ સફળ થશે.

આ કૃતિમાં દર્શાવેલી વિદ્વતા અને ઉદ્યોગ માટે કર્તાને અભિનંદન ઘટે છે. અને આશા રાખીશું કે ઇસ્લામનો વિશેષ ખુલાસો કરતાં અને હઝરત પેગંબર સાહેબના પવિત્ર જીવન પર પ્રકાશ પાડતાં આવાં અન્ય પુસ્તકો પ્રગટ કરવા લેખક પ્રેરાશે.

નડીઆદ. તા. ૧૬ મી ઓગસ્ટ ૧૯૨૭.

સૈયદ મેહેબુબમીયાં ઇમામબક્ષ કાદરી.

અનુક્રમણિકા.

કક્કાવારી.

ઈસ્લામના કલમા.

૧

અવ્વલ કલમે તૈયબ : લા ઇલાહા ઇલ્લલ્લાહ. મોહમ્મદુર રસૂલુલ્લાહ.

પ્રથમ સુન્દર સિદ્ધાંત : (એક) અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી; હઝરત મોહમ્મદ (સલ.) અલ્લાહના રસૂલ (પયગમ્બર) છે.

૨

દુવ્વમ કલમે શહાદત : અશહદો અલ્ લા ઇલાહા ઇલ્લલ્લાહો, વહ્દહૂ લા શરીક લહૂ; વ અશહદો અન્ના મોહમ્મદન્ અબ્દોહૂ વ રસૂલોહ્.

દ્વિતીય (બીજો) સિદ્ધાંત (અલ્લાહ અને ત્હેના રસૂલની) સાક્ષી પૂરવાનો : હું સાક્ષી પૂરૂં છું કે (એક) અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી; તે એક છે, અને ત્હેના સિવાય, ઇબાદત (સ્તુતિ) કરવા લાયક બીજો કોઇ નથી. અને હું સાક્ષી પૂરૂં છું કે, ખરેખર ! હઝરત મોહમ્મદ

૨

(સલ) અલ્લાહુના ખાસ સેવક અને પેગમ્બર છે.

૩

સિય્યૂમ કલમે તમ્જીદ: સુબ્હાન'લ્લાહે, વ'લ્હમ્દો લિલ્લાહે, વ લા ઇલાહા ઇલ્લલ્લાહો', વ'લ્લાહો અકબર; વ લા હવ્લ વ લા કુવ્વત ઇલ્લા બિ'લ્લાહિલ્ અલીય્યીલ્ અઝીમ.

તૃતીય (ત્રીજો) સિદ્ધાંત અલ્લાહુની મહત્તા (મ્હોટાઇ) નો: અલ્લાહ પાક છે, (સંસારી જીવનથી વિરકત છે). અને સૌ તા'રીફ (વખાણ) અલ્લાહ માટે છે, અને (એક) અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી, અને અલ્લાહ સૌથી મ્હોટો છે; અને અલ્લાહ સિવાય બીજા કોઇની બ્હીક રાખવા જેવી નથી. અલ્લાહ ઉચ્ચ અને મહાન છે.

૪

ચહાર્રુમ કલમે તૌહીદ: લા ઇલાહા ઇલ્લલ્લાહો, વહ્દહૂ લા શરીક લહૂ, લહુલ્ મુલ્કો વ લહુલ્ હમ્દો, યુહ્યી વ યોમીતો, બે યદેહિલ્ ખયરો, વ હોવા અલા કુલ્લે શયઇન્ કદીર.

ચતુર્થ (ચોથો) સિદ્ધાંત અલ્લાહની એકતાનો: (એક) અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી; તે એક છે, અને, પ્રભાહત (સ્તુતિ) કરવા લાયક, ત્હેના સમાન બીજો કોઇ નથી; સઘળો મુલ્ક ત્હેનો છે, અને સઘળી તા'રીફ (વખાણ)

ત્હેને માટે છે; તે જ જન્મ આપે છે અને તે જ મરણ મોકલે છે; સારૂં નરસું ભાવિ ત્હેને હસ્તક છે; અને સઘળી ચીઝો ઉપર ત્હેનો કુલ અખ્ત્યાર છે.

૫

પંજુમ કલમે રદ્દ કુફ્ર: અલ્લાહુમ્મા ઇન્ની અઊઝો બિકા મિન્ અન્ ઉશરેકા બિકા શયઅંવ્ વ અના અઅ્લમો બેહી અસ્તગ્ફિરોકા, લેમા લા અઅ્લમો બેહી, તુબ્તો વ રજઅ્તો વ અસ્લમ્તો વ અકૂલો, અશહદો અન્ લા ઇલાહા ઇલ્લલ્લાહો વહ્દહૂ લા શરીક લહૂ વ અશહદો અન્ના મોહમ્મદન્ અબ્દોહૂ વ રસૂલોહૂ.

પંચમ્ (પાંચમો) સિદ્ધાંત ‘ કુફ્ર ’ રદ્દ કરવાનો (નાસ્તિકતા નિર્મૂળ કરવાનો): હે મ્હારા મા'બુદ (અલ્લાહ)! ખરેખર! હું ત્હારૂં રક્ષણ માગું છું કે શિર્ક (નાસ્તિકતા) રૂપી દરેક વસ્તુથી તું મ્હારૂં સંરક્ષણ કર; જે શિર્ક હું સ્હમજતો હોઉં વા ના સ્હમજતો હોઉં, તે બધા શિર્કથી તું મ્હને માફી આપ. હું તોબા (પશ્ચાતાપ) કરૂં છું, હું (ત્હારી સેવામાં) હાજર થાઉં છું. હું ત્હારી આજ્ઞાઓને આધિન છું, અને હું ઇકરાર કરૂં છું (અને) સાક્ષી પૂરૂં છું કે (એક) અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી; તે એક છે અને ઇબાદત (સ્તુતિ) કરવા લાયક ત્હેના સમાન બીજો

કોઇ નથી. અને હું સાક્ષી પૂરૂં છું કે ખરેખર! મોહમ્મદ (સલ) ત્હેના ખાસ સેવક અને ત્હેનો સંદેશો લાવનાર પયગમ્બર છે.

(તોટક)

૧

પ્રભુ એક વિના નથી અન્ય પ્રભુ,
મહમૂદ રસૂલુલ્લા' ગણું છું.

૨

પ્રભુ એક તુહી વિણ અન્ય પ્રભુ—
નથી કોઇ બીજો, પ્રભુ! સાક્ષી પૂરૂં;
પ્રભુ એક તુહી—તુહી એક પ્રભુ,
નથી કોઇ બીજો તુ સમાન, પ્રભુ!
વળી સાક્ષી પૂરૂં, મહમૂદ, પ્રભુ!
તુજ સેવક ખાસ, રસૂલ ગણું.

૩

પ્રભુ પાક તુહી સંસાર થકી,
સૌ તા'રીફ છે પ્રભુ એક તણી;
નથી કોઇ બીજો વિણ એક પ્રભુ,
પરમેશ પ્રભુ! પરમેશ પ્રભુ!
ઇશ એક જ, ઉચ્ચ, મહાન ધણી,
શીદ બ્હીક ધરૂં દિલ કોઇ તણી!

નથી કુવ્વત ખલ્કત કોઇ તણી,
ઈશ એક જ, ઉચ્ચ, મહાન ધણી.

૪

નથી કોઇ બીજો વિણુ એક પ્રભુ,
પ્રભુ એક તુહી—તુહી એક પ્રભુ;
નથી કોઇ બીજો તુ સમાન, પ્રભુ,
સૌ મુલ્ક તણો, પ્રભુ! માલિક તું.
સૌ તા'રીફ હું પ્રભુ! ત્હારી કરૂં,
ગુણગાન કરૂં, યશગાન કરૂં;
તુહી જન્મ દિયે, તુહી મો'ત દિયે.
વિધિ ખેલ બધા તુ જ હસ્તક છે.
સૌ ખલ્કત છે તુ જ કાબુ તળે,
મકદૂર નથી જરી કો ચસકે.

૫

કર રક્ષણુ તું, પ્રભુ! શિર્ક થકી,
તુહી એક જ સત્ય, અનાદિ, હરિ!
તુ સિવાય ન મા'બુદ કોઇ ગણું,
સૌ મૂર્તિ પૂજા, પ્રભુ! શિર્ક ગણું;
વળી, શિર્ક બીજાં નથી માલમ તે—
સૌ શિર્ક થકી, પ્રભુ! રક્ષણુ દે.
કર માફ ગુન્હા, તુ જ આશ્રય દે.

તુ જ આજ્ઞ મ્હને શિર સાવંધ છે.
ફરમાવ મ્હને, રબ ! હાઝર છું,
તવબા કરૂં હું પ્રસ્લામ વદૂં.
પ્રભુ ! એક તુહી વિણુ અન્ય પ્રભુ—
નથીં કોઇ બીજો, પ્રભુ ! સાક્ષી પૂરૂં.
પ્રભુ એક તુહી—તુહી એક પ્રભુ.
નથી કોઇ બીજો તુ સમાન, પ્રભુ !
વળી, સાક્ષી પૂરૂં. મહમૂદ, પ્રભુ !
તુ જ સેવક ખાસ, રસૂલ ગણું.

૧

મોહમ્મદ : હમ્દ=(ત્હેણે) વખાણુ કર્યાં, અર્થાત્.
જેનાં ખુદાએ કુરઆનેશરીફમાં વખાણુ
કર્યાં છે તે.

અહમદ પણુ એક જ 'હમ્દ' ધાતુ પરથી નીકળેલો છે.

મહમૂદ : જેનાં વખાણુ કરવામાં આવ્યાં છે તે.
The Praised One.

આ નામનાં બીજાં ઘણાં રૂપાન્તર થયેલાં છે. તે બધાં મૂળ એક જ નામનાં અપભ્રંશ રૂપ છે.

રસૂલ : રસલ= ત્હેણે મોકલ્યો.

પયગમ્બર : પયગામ+બર—બુરદન=લઈ જવું.

એનો મૂળ અર્થ : સંદેશો લઇ જનાર. અહિં અર્થ:

અલ્લાહનો સંદેશો ખલ્કતને પ્હોંચાડનાર, Divine Messenger, પેગમ્બર, Prophet.

આ કલમો (Creed) ઇસ્લામનો અતિ આવશ્યક સિદ્ધાંત છે. કોઇ પણ વિધર્મી ઇસ્લામ સ્વીકારે, ત્યારે આ કલમો ત્હેને પ્રથમ પઢાવવામાં આવે છે. ઇસ્લામની વહદાનિયત (અદ્વૈતવાદ–એકેશ્વરવાદ)—Monotheism અને હઝરત મોહમ્મદ (સલ) ની રિસાલત (પયગમ્બરી)--Prophetship. ઇસ્લામને અન્ય ધર્મોમાં અનોખું સ્થાન આપે છે.

વહદાનિયત–અદ્વૈતવાદ ઇસ્લામનું હાર્દ છે; તે વિના ઇસ્લામ ગણાય જ નહિં. અનેક રૂપ રૂપાંતરમાં મૂર્તિ પૂજા થતી અને થાય છે. તે બધાનો ઇસ્લામ સખત વિરોધ કરે છે. અનેક દેવ દેવીઓની પૂજાની આ પ્રકારની માન્યતા–દ્વૈતવાદ–Polytheismને ઇસ્લામની પરિભાષા–Technicality માં "શિર્ક" કહે છે. નીચે બીજા કલમામાં "શરીક" (સમાન) શબ્દ વપરાયો છે, તે સાથે 'શિર્ક' વ્યુત્પત્તિ-Etymology નો સંબંધ ધરાવે છે. બીજા દેવ દેવીઓને ઇબાદત (સ્તુતિ) આરૂ અલ્લાહ સમાન ગણવાં એ 'શિર્ક' છે. આ વિશે વધુ ખુલાસા માટે આગળ પાન ૨૬મે 'શિર્ક"ની નોટ જુઓ.

એવી જ રીતે, હઝરત મોહમ્મદ (સલ)ની 'રિસાલત'–પેંગમ્બરી, ઇસ્લામને યાહુદી અને ખ્રીસ્તી પંથથી જુદો પાડે છે. યાહુદીઓના પેગમ્બર હઝરત મુસા (અલ) અને

ખ્રીસ્તીઓના પેગમ્બર હઝરત ઈસા (અલ)–એઉને મુસલમાનો પેગમ્બરો તરીકે માને છે, ("આમન્તો" માં "રોસોલેહી" પરની નોટ જુઓ). એટલુંજ નહિં, પરંતુ ત્હેમને મહાન પેગમ્બર– " ઓલુ'લ આઝમ " ગણે છે. (આગળ પાન ૨૨–૨૩ જુઓ). તેથી પણ આગળ વધી, હઝરત મુસા (અલ) ને "કલીમુ'લ્લાહ" (અલ્લાહ સાથે વાત કરનાર) અને હઝરત ઇસા (અલ) ને "રૂહુ અલ્લાહ" (અલ્લાહનો આત્મા) –એવા અતિ માનનીય ઉદ્ગારોથી સંબોધે છે. તેમ છતાં, પ્રગતિ (Progress) અને ઉત્ક્રાન્તિ (Evolution) ના વિશ્વમાન્ય નિયમાનુસાર, અગાઉ થઇ ગયેલા પેગમ્બરોએ પ્રતિપાદ કરેલા અનેક કાનુનો પાછળ થયેલા પેગમ્બરોને ખુદા પાકની નવી વહીઓ-શ્રુતિઓ (Revelations), મળેલી, તે આધારે 'મન્સુખ'–રદ કરેલા : અર્વાચીન ધારાસભાઓ કરે છે તેમ ! હઝરત મોહમ્મદ પેગમ્બર (સલ), ઇસ્લામી માન્યતા મુજબ, "પયગમ્બરૂ–એ–આખરૂઝઝમાન," છેલ્લા જમાનાના, એટલે ક્યામત અગાઉ, અંતિમ યુગના પેગમ્બર છે; વળી, તેઓ "ખાતિમુન્નબીય્યીન"–નબીઓ (પેગમ્બરો) માં છેવટના છે. અર્થાત્, હવે બીજા કોઇ પેગમ્બર થવાના નથી. કુરઆનેશરીફમાં ફર્માવ્યું છે કે–મા મોહમ્મદુન્ ઇલ્લા રસૂલુન્, કદ ખલત્ મિન્ કબ્લેહિર્ રોસુલ : મોહમ્મદ (સલ) સિવાય (ત્હમારો) બીજો કોઇ પેગમ્બર નથી; જો કે એમના પ્હેલાં બીજા ઘણા પેગમ્બરો થઇ

ગયેલા છે. (૩ : ૧૪૪). તેથી ત્હેમની પેંગમ્બરી ઉપર ઇમાન લાવવું જરૂરી છે. તાત્પર્ય કે ત્હેમને મળેલાં ઈલાહી ફરમાનો અને ત્હેમાં સમાયલાં ધાર્મિક તત્વો, કયામત અગાઉ, છેવટનાં છે; અને તે અનુસાર જીવન ઘડવું આવશ્યક છે. તે જ માર્ગે મુક્તિ સાધ્ય છે.

ઉપરોક્ત કલમો સુન્ની મઝહબ (માન્યતા) નો છે. શીઆઓ ત્હેમાં ઉમેરે છે કે-**અલીયુન્ વલી ઉલ્લાહ, વ વસી-એ-રસૂલુલ્લાહુ** : હઝરત અલી (કરમ.) અલ્લાહ ના વલી (Saint, બહુવચન ઔલિયા) છે, અને હઝરત મોહમ્મદ (સલ) રસૂલુલ્લાહના વસી (વારસ, Executor) છે (સરખાવો-વસીઅતનામું, Will).

શીઆ સુન્નીના જગ જાણીતા વિભાગો ઉપરાંત, મુસલમાનોમાં બારિક ધાર્મિક મતાંતરના ન્હાના મ્હોટા ૭૨ ફિરકા (વિભાગ) છે. તેઓ આંતર કલહમાં અન્યોન્ય 'કુફરનો ફતવો' આપી દે છે : નાસ્તિકતાનો સિક્કો લગાવી દે છે. બારિક મતાંતર ગમે તેટલા હોય છતાં તે માત્ર જીવનના વર્તનનો સવાલ છે. તે 'ઇમાન' (માન્યતા-belief) છે, 'ઇસ્લામ' નથી.

ઇસ્લામનો કલમો પઢનાર " મુસલમાન " છે; પછી ત્હેના આચાર ગમે તે હોય. પ્રીવી કૌંસીલના નામદાર જજ, ધિ રાઇટ ઑનરેબલ મિ. જસ્ટીસ સૈયદ અમીર અલી,

એમના મહોમેડન લૉ (Student's Ed., 1925, p. 11) માં લખે છે કે—

It is necessary to bear in mind the distinction between Islam and Iman (Faith). Any person who professes the Religion of Islam, in other words, accepts the Unity of God and the Prophetic character of Mohammed is a Muslim. So long as the individual pronounces the Kalma-e-Tauhid (confession of unity) the credo of Islam, it is not necessary for him or her to observe any of the rites and ceremonies, or to believe in particular doctrines which imply Imam or belief:

ઇસ્લામ અને ઇમાન વચ્ચેનો તફાવત ધ્યાનમાં રાખવો જરૂરી છે. કોઇ પણ માણસ ઇસ્લામી ધર્મમાં માનતો હોય, એટલે કે, અલ્લાહની એકતા (એક હોવાપણું) અને હઝરત મોહમ્મદ (સલ.) ની પેગમ્બરી સ્વીકારતો હોય તો તે મુસલમાન છે. જો કોઇ વ્યકિત (માણસ) અલ્લાહની એકતાનો ઇસ્લામનો કલમો પઢે, જે ઇસ્લામનું મૂળતત્ત્વ છે, તો ત્હેને અમુક ક્રિયાઓ અને વિધિઓ પાળવાની અથવા અમુક અકીદા (માન્યતા) માનવાની આવશ્યકતા નથી. તે માત્ર 'ઇમાન'ની વાતો છે, ('ઇસ્લામ' નથી).

કુરઆનેશરીફમાં એથી પણ વધુ હૃદયની વિશાળતા રાખવા ફરમાવેલું છે :–**લા તકૂલૂ લેમન્ અલ્કા ઇલય્કોમુસ્સલામા, લસ્તા મોઅ્મિના** : જે માણસ ત્હમને 'અસ્સલામો અલયૂકુમ' કહી સલામ કરે, ત્હેને એમ કહેતા નહિં કે તે મુસલમાન નથી, (૪ : ૯૪). અર્થાત્, તે મુસલમાન છે, એમ માનવું જોઇએ.

આવા નાજુક મુદ્દા ઉપર કેટલાક કેસ હાઇકોર્ટ સુધી પ્હોચેલા છે, ત્હેવો એક છેલ્લો કેસ મદ્રાસ હાઇ કોર્ટમાં ૧૯૨૨માં થયો હતો. પંજાબના અહમદિયા ઉર્ફે કાદિયાની અકીદાવાળા (માન્યતા ધરાવનારા) " મુસલમાન " છે કે કેમ, તે એ કેસમાં ખાસ મુદ્દો હતો. તેઓ "મુસલમાન" છે, એમ હાઇ કોર્ટે ઠરાવ્યું છે. એ કેસનો રિપોર્ટ ૧૯૨૩ની સાલના ક્રીમીનલ લૉ જરનલ, વૉલ્યુમ ૨૪, પાન ૧૭ મે પ્રગટ થયેલો છે. ત્હેમાં ઇસ્લામની માન્યતાઓ સંબંધે જજ અને બારીસ્ટર વચ્ચે સુન્દર પ્રશ્નોત્તર થયેલા છે. જીજ્ઞાસુએ તે અસલ રિપોર્ટ જોવો.

૨

બીજો કલમો પ્હેલા કલમાના વિવરણ રૂપે છે. અલ્લાહ તઆલા અને હઝરત પેગમ્બર સાહેબ માટે વિશેષણ–વાકયો ઉમેરેલાં છે. પ્રથમ દ્રષ્ટિએ આ વિશેષણો ઝાઝું ધ્યાન ખેંચે ત્હેવાં નથી. પરંતુ તે અતિ અર્થગર્ભિત છે. ઇસ્લામનું

હાર્દ અલ્લાહની એકતા બોધવાનું છે, અને ત્હેને અંગે નાસ્તિકવાદનું ખંડન કરવાનું છે. આ બોધ-" વહ્દહૂ લા શરીક લહૂ"થી થાય છે : "અલ્લાહ એક છે, અને, ત્હેના સમાન ઇબાદત કરવા લાયક બીજો કોઇ નથી."

વહ્દહૂ માટે કુલહોવલ્લાહની સૂરાની ટીકામાં 'અહદ' ની નોટ, પાન ૫૩ મે જુઓ.

શરીક લહૂ માટે શિર્કની નોટ, પાન ૨૬-૨૭મે જુઓ.

અલ્લાહની એકતા તથા નાસ્તિકતાના ખંડન ઉપરાંત, ઇસ્લામનો ઇલાહી સંદેશ લાવનાર મહાન પયગમ્બર હઝરત મોહમ્મદ (સલ)ની પયગમ્બરીનો સ્વીકાર પણ ઇસ્લામની માન્યતામાં તેટલો જ આવશ્યક છે. ઇસ્લામના પેગમ્બરે પોતાને માટે અલ્લાહ પાકના 'અબ્દ' (સેવક) અને 'રસૂલ' (સંદેશો લાવનાર) હોવાનાં ઉપનામ બસ ગણ્યાં છે. અલ્લાહ પાક કલામે મજીદમાં ફરમાવે છે કે-કુલ ઇન્નમા અના બશરૂમ્ મિસ્લોકુમ્, યૂહા ઇલય્ય: હે (મોહમ્મદ (સલ)!) (લોકોને) કહી દો કે હું પણ ત્હમારા જેવો માણસ છું; માત્ર મ્હારી પાસે વહી (અલ્લાહનો સંદેશ-શ્રુતિ) આવે છે: (૧૮ : ૧૧૦). ખ્રીસ્તીઓએ હઝરત ઇસા (અલ) અને યાહુદીઓએ હઝરત એઝાયર (અલ) ને 'અલ્લાહના પુત્ર' ગણ્યા છે, ત્હેવી ભુલ, બલકે ઇસ્લામની નજરે,—'શિર્ક' ને માર્ગે મુસલમાનો ન ચઢે તે અર્થે

આવું સાફ ઇલાહી ફરમાન કુરઆનેહકીમમાં ઉતરેલું છે. આ બાબત અલ્લાહ પાક કુરઆનેશરીફમાં ફરમાવે છે કે—

કાલતિલ્ યહૂદો ઉઝયરૂ'બ્નુ'લ્લાહે વ કાલતિન્ નસારલ્ મસીહુ'બ્નુ'લ્લાહ. ઝાલેકા કવ્લોહુમ્ બે અફવાહેહિમ યે દવાહેઊના કવ્લ'લ્લઝીના કફરૂ મિન કબ્લ: (૯:૩૦)

યાહુદીઓ કહે છે કે હઝરત ઓઝાયર (અલ) અલ્લાહના પુત્ર છે, અને ખ્રીસ્તીઓ કહે છે કે હઝરત ઇસા (અલ) અલ્લાહના પુત્ર છે; આ એમની મ્હોની વાતો છે; પ્હેલાં નાસ્તિક લોકો પણ આ પ્રમાણે કહ્યા કરતા હતા.

આ બાબત વિશેષ ખુલાસા સારૂ કુલહોવલ્લાહની ટીકામાં પાન ૫૪ જુઓ.

અબ્દ : સરખાવો, અબ્દુલ્લા—અલ્લાહનો સેવક. મુસલમાનોમાં આ નામ અતિ પ્રચલિત છે. હઝરત પેગમ્બર સાહેબ (સલ) ના પિતાનું નામ પણ તે હતું.

કોઇ પણ મુસલમાનને આ નામથી સંબોધી શકાય છે. તે દૂર હોય અને આપણે ત્હેનું નામ જાણતા હોઇએ નહિ, તો 'અબ્દુલ્લા' કહી ત્હેને હાંક મારી શકાય છે. ઇસ્લામી મુલ્કોમાં આ સાધારણ રિવાજ છે, જો કે હિન્દમાં 'મીયાં સાહેબ' સંબોધન વિશેશ પ્રચલિત છે.

આ બીજો કલમો, મૈયત દફન કરવા કબરસ્તાનમાં લઇ જતી વખતે, આખે રસ્તે, મુસલમાનો બોલતા જાય

છે. મૈયતને દફન કરી દીધા પછી, કબરમાં, મરનાર પાસે બે ફિરશ્તા આવે છે. ત્હેમનાં નામ મુનકીર અને નકીર છે. તેઓ અલ્લાહના હુકમથી મરનારને ઉઠાડી ત્હેણે દુનિયામાં કયો ધર્મ પાળ્યો છે તે સંબંધે ત્હેને પૂછે છે, અલ્લાહ પાકની એકતા અને હઝરત મોહમ્મદ (સલ)ની રિસાલતનો જવાબ મળે તો ફિરશ્તા તે મૈયતને કયામત સુધી ત્હેની કબરમાં રાહતથી આરામ લેવા દે છે; નહિં તો, અલ્લાહના હુકમથી, કયામત સુધી તે મૈયતને અનેક રીતે ત્રાસ આપતા રહે છે. તે કારણે, મૈયતના રૂહ (આત્મા) ને ચેતાવી દેવા, કબરસ્તાનમાં જતી વેળા આ કલમો મૈયતની આજુબાજુ સઘળા માણસો પઢયા કરે છે.

આ કલમો એટલો અગત્યનો છે કે પાંચમા કલમાનો ઉત્તરાર્ધ (પાછલો અર્ધો ભાગ) આ કલમો છે. આ પ્રમાણે આ કલમો બે વખત વપરાયો છે, જેથી ત્હેની અગત્ય ધાર્મિક અને તાત્ત્વિક બિન્દુથી સ્વસિદ્ધ થાય છે.

૩

સુબહ'ન અલ્લાહ : અલ્લાહ પાક છે; એ અલ્લાહની વિશેષતા ઇસ્લામમાં અતિ આવશ્યક મનાય છે. અલ્લાહની પાક હાલત તે નમાઝ માટે મનાતી પાકી—નાપાકીથી બહુ જ જુદા પ્રકારની છે. અલ્લાહ પાક છે. અર્થાત્, અલ્લાહ સંસારી જીવનથી વિરકત છે. અલ્લાહને

પિતા નથી; પુત્ર નથી, પરિવાર નથી; સારાંશ, હિન્દુઓના દેવ દેવીઓ જેવાં સાંસારિક બંધનોથી ઇસ્લામના અલ્લાહ તદ્દન મુક્ત છે. આ ઇસ્લામની વિશેષતા છે. આ બાબત વધુ ખુલાસા માટે કુલહોવલ્લાહની ટીકામાં પાન ૫૩ થી ૫૬ જુઓ.

અલહમ્દો લિલ્લાહ માટે અલહમ્દોની ટીકામાં પાન ૩૯-૪૦ જુઓ. સૃષ્ટિમાં સર્વોત્તમ તા'રીફ કરવા લાયક કોઇ પણ હોય તો તે પાક પરવરદિગાર માત્ર એક છે.

અલ્લાહો અકબર માટે અઝાનની ટીકામાં પાન ૩૪ જુઓ.

સુબહાન અલ્લાહ, અલહમ્દો લિલ્લાહ અને અલ્લાહો અકબર-આ ત્રણ ઉદ્ગાર મુસલમાનો તસ્બી પઢવામાં (માળા ફેરવવામાં) બહુધા વાપરે છે. અલ્લાહની આ તારી'ફ બહુ બરકતી (લાભદાયી) ગણાય છે.

મુસલમાનોની તસ્બી (માળા) માં તેત્રીસ તેત્રીસ દાણા (મણકા) ના ત્રણ ભાગ હોય છે દરેક ભાગ જુદો પાડવા, બે ભાગ વચ્ચે, એક જરા મ્હોટો મણકો હોય છે. એટલે એકંદરે ૯૯ મણકા અને મથાળે એક મ્હોટો મણકો, જેને મુસલમાનો માન્યાર્થે 'ઇમામ' કહે છે; તે હોય છે. અલ્લાહનાં નવ્વાણું નામ પઢવા આ નવ્વાણું મણકા હોય છે, અથવા તો આ ત્રણ ઉદ્ગારો પઢવા,

ગણવાની જરૂર પડે નહિ તે સારૂ. તસ્બીમાં ત્રણ હિસ્સા કરેલા હોય છે.

લા હવ્લ વ લા કુવ્વત–આ ઉદ્‌ગાર, હિન્દુઓના 'ન કરે નારાયણ' અને અંગ્રેજીના Heaven forbid ને મળતો છે છતાં એમાં ઇસ્લામનું એક અનેરૂં સત્ય સમાયલું છે. અલ્લાહ સિવાય બીજા કોઇની–બીજા કોઇ દેવ દેવીની, વા શયતાન વગેરેની--કોઈની પણ બ્હીક રાખવા જેવી નથી. કારણ કે મનુષ્યનું સારૂં નરસું ભાવિ અલ્લાહ સિવાય બીજા કોઇને હસ્તક નથી. અલ્લાહ સૌથી મ્હોટો છે.

અલ્લાહની આ પ્રકારની મહત્તાનું આ કલમામાં વર્ણન હોવાને લીધે આ કલમાનું નામ 'કલમે તમ્જીદ' : અલ્લાહની મ્હોટાઇનો કલમો, એમ પડેલું છે.

૪

અનુસંધાન પાન ૧૪૭ જુઓ.

આમન્તો

આમન્તો-	હું ઇમાન લાવું છું-
૧ બિલ્લાહે,	૧ (એક) અલ્લાહ ઉપર,
૨ વ મલાએકતેહી,	૨ અને ત્હેના ફિરસ્તાઓ ઉપર,
૩ વ કોતોબેહી,	૩ અને ત્હેની (ત્હેના તરફથી આવેલી) સૌ ધાર્મિક કિતાબો ઉપર,
૪ વ રોસોલેહી,	૪ અને ત્હેના (તરફથી આવેલા) સૌ પેગમ્બરો ઉપર,
૫ વ'લ્ યવ્મિ'લ્ આખેરે,	૫ અને છેવટે કયામત (થવાની છે તે ઉપર,
૬ વ'લ્ કદ્રે ખયરેહી વ શરૂરેહી મિન'લ્લાહે તઆલા,	૬ અને (માણસના) સારા નરસા (ભાવિ) ઉપર અલ્લાહતા'લા નો (કુલ) અખત્યાર છે તે ઉપર,
૭ વ'લ્ બા'સે બા'દ'લ્ મવ્ત.	૭ અને મરણ પછી (કયામતના રોજ ઇન્સાફ સારૂ) ફરી ઉઠવાનું છે તે ઉપર, (હું ઇમાન લાવું છું.)

(હરિગીત)

ઇમાન મોમિન માત્રનું, ઇસ્લામમાં શામાં ગણ્યું ?-
છે એક અલ્લા', વિણુ બીજો અલ્લા' નથી. એ માનવું.

૧

પ્રકટ્યા સ્વયંભૂ આપથી, આકાર વિણ જ્યોતિ બની,
પ્રભુતા મહીં અધિકાર કંઇ, ના કોઇનો રાખ્યો જરી;
સંસાર નવ માંડયો કદી, અવતાર પણ લીધો નથી,
"**અસ્સમદ,**" "**વ'લ્લાહો અહદ,**" અરકાન અવ્વલ સર્વથી.

૨

પે'દા કર્યા નૂરી મલાયક, અદદ ના કો જાણતા,
હરરોજ માનવ માત્ર શું, દિનરાત બબ્બે આવતા;
લહિયા બની લખતા અમ્હારાં નેક ભુરાં કામ એ,
ને કામ સારાં જો કરો, દશ દશ ગણાં લખતા રહે.

૩

દુનિયા કરી પે'દા ખુદાએ, ત્યારથી આદમ કર્યા,
ને નેક રસ્તો દાખવા, પેગમ્બરોને પાઠવ્યા;
સૌ કાળમાં, સૌ મુલ્કમાં, સૌ લોકને નસીહત કરી,
રસ્તો ભુલ્યા કે રાહબર, આવ્યા સદા યે ફરી ફરી.

૪

સૌ રાહબર એક જ ખુદાના મોકલ્યા આવ્યા અહીં,
ઉતરી 'કિતાબો' સૌ પરે, એક જ ખુદાની મોકલી;

પે'ગામ એક જ સૌ મહીં, અલ્લાહ એકજ, એક છે,
એ સૌ કિતાબો, સૌ રસૂલો, એક સરખા સત્ય છે.

૫

પુતળું બન્યું આ ખાકનું, તે ખાકમાં જાશે મળી,
પણ રૂહ રહેશે અમર ને, આવ્યો તહીં જાશે ફરી.
છે મો'ત આદમ જાતને, જિન્નાત ખલ્કત-નૂરને,
છે સૌ ફના, ના કો બકા. એક જ ખુદા અપવાદ છે

૬

આ ઝિંદગી એક જ ઠરી, પ્હેલી નથી, પછી પણ નથી,
આદમ અને હેવાન સૌ, ખલ્કત બધી એ રીતથી;
ખાલિકને સૌ સ્હેલ છે. માલિકનો ઈન્સાફ છે,
પામર બિચારા માનવી. અલ્લાહના મુન્સિફ બને!

૭

છે મો'ત પાછળ ઝિંદગી, પણ એ રૂહાની ઝિંદગી,
ભુંડાં, ભલાં કૃત્યો કર્યાં, ત્હેવી થશે એ ઝિંદગી.

૮

તે બા'દ કયામત આવશે. ઈન્સાફ છેવટ ત્યાં થશે,
આ'માલ અહિંયાં જે કર્યા, દફ્તર બધાં ખુલ્લાં થશે.
કાયા તણા નોકર ગણ્યા-પગ, હાથ. આંખો, જીભને,-
તે સૌ ગવાહી આપશે, ને જીવ બિચારો સાંખશે.

માતા-પિતા, પતિ-પત્ની સૌ, ના કોઈનું કો સગું થશે,
રહમાનની રહમત અદલ સાથે મળી ઉગારશે.

૯

આદિલ અદલ પૂરો કરે. ને સૌ ગુન્હા બક્ષી શકે,
પણ શિર્કનો એક જ ગુન્હો, ના બક્ષશે. ના બક્ષશે.
મોમિન જશે જન્નત મહીં, મુશરિક જશે દોઝખ મહીં,
બળશે જહન્નમ આગમાં, બળશે છતાં મરશે નહિ!

૧૦

આખર અવધ પૂરી થશે. જન્નત મહીં વાસો થશે,
અલ્લાહના દિદારમાં, સૌ "**અસ્સલામો**" વંદશે.

આમીન!

"આમન્તો"ના બે કલમા છે. ત્હેમનાં વિશેષ નામ-'ઇમાને મોજમ્મિલ' અને 'ઇમાને મોફસ્સિલ' છે. આ કલમો 'ઇમાને મોફસ્સિલ' છે. કાવ્યમાં તેનું પૂર્ણ સ્પષ્ટીકરણ સાથે વિસ્તૃત વિવરણ કરેલ છે.

'ઇમાને મોજમ્મિલ' આ પ્રમાણે છે:—

આમન્તો બિલ્લાહે કમા હોવા બે અસ્માએહી વ સિફાતેહી વ કબિલતો જમીઆ અહકામેહી વ અરકાનેહી.

હું ઇમાન લાવું છું—અલ્લાહ ઉપર અને ત્હેનાં સૌ નામ ઉપર, અને ત્હેના સૌ ગુણ ઉપર, અને ત્હેના સૌ હુકમ અને ફરમાન હું કબુલ કરૂં છું.

ઇમાન-આકીન, શ્રદ્ધા, Faith.

"એક અલ્લાહ": આ એકીશ્વરવાદ-Monotheism ઉપર ઈસ્લામની આખી ઈમારત ઉભેલી છે.

૧

સ્વયંભૂ-સ્વ-(પોતે)+ભૂ-ભવ્=થવું, Self-Begotten. પોતાની જાતે પેદા થયેલા. સરખાવો ખુદા-ખુદ (પોતે)+આ (આમદન)-આવવું-પેદા થવું.

"કુલહોવલ્લાહ"ની સૂરાનું અહિં વિવરણ કરેલું છે. 'અસ્સમદ,' 'અલ્લાહોઅહદ'-"કુલહોવલ્લાહ" ની સૂરામાં ટીકા જુઓ.

વ=અને, હો=છે, અહદ=એક, અરકાન=મૂળતત્વો. 'અરકાન' અનેકવચનનું રૂપ છે. એકવચનનું રૂપ 'રૂકન' છે. સમદ-પવિત્ર. અવ્વલ-પ્હેલો, પ્રાથમિક, Primary.

૨

નૂરી-નૂર (પ્રકાશ)માંથી પે'દા થયેલા. મલાયક-'મલક' નું બહુવચન; ફિરસ્તાઓ, Angels. ખુદાએ માણસ જાતિને માટીમાંથી, જીનની જાતને અગ્નિમાંથી અને ફિરસ્તાઓને પ્રકાશમાંથી પેદા કરેલા છે. એમ ઇસ્લામમાં માન્યતા છે.

અદદ-સંખ્યા. ખુદા સિવાય ફિરસ્તાઓની કુલ સંખ્યાની બીજા કોઇને ખબર નથી. ફિરસ્તાઓમાં ચાર ફિરસ્તા મુખ્ય છે, હઝરત જીબ્રાઇલ (અલ)-પેગમ્બરો પાસે વહી

લાવનાર, ૨ હઝરત મીકાઇલ (અલ)–માણુસોનાં કૃત્યોનો હિસાબ રાખનાર, ૩ હઝરત ઇસરાફીલ (અલ)–કયામતના દિવસની ખબર આપવા રણશીંગુ વગાડનાર, અને ૪ હઝરત ઇઝરાઇલ (અલ) મોતનો ફિરસ્તો. (સરખાવો યમરાજા)

ઢાંકીયા–ઇસ્લામી માન્યતા છે કે માણુસનાં દિનરાતનાં સારાં નરસાં કૃત્યોની નોંધ લેવા બબ્બે ફિરસ્તા આવેછે. દિવસના અને રાતના ફિરસ્તા જુદા હોય છે. ત્હેમને "કેરામુ'લ્ કાતેબીન" કહે છે. ત્હેમનાં નામ "રકીબ" અને "અતીદ" છે. સારાં કામ નોંધનાર 'રકીબ' જમણા ખભા ઉપર અને ખરાબ કામ નોંધનાર 'અતીદ' ડાબા ખભા ઉપર રહે છે. ખરાબ કામની એકવડી અને સારાં કામની દશગણી નોંધ થાય છે, એ પણ "અર્ રહ્માનિર્ રહીમ્" ની વિશેષતા છે.

૩

પેગમ્બરો–કુરઆને શરીફમાં અલ્લાહતા'લાનું ખાસ ફરમાન છે કે દરેક જમાનામાં અને દરેક દેશમાં માણુસોને સત્ય માર્ગે પ્રેરવા અને દોરવા ખુદાએ પોતાના પેગમ્બરો મોકલેલા છે. કુરઆને શરીફમાં ફરમાવ્યું છે કે–**વ લકદ્ અર્સલ્ના મિન્ કબ્લેકા ફી શેયઇલ્ અવ્વલીન્ :** અને અમ્હે ત્હમારા પ્હેલાંના લોકો પાસે પણ પેગમ્બર મોકલ્યા હતા : (સૂરએ અલ્હજ્ર, ૧૫:૧૦), **વ લકદ્ બઅસ્ના ફી કુલ્લે ઉમ્મતિર્ રસૂલન્ અનિઅ્બોદુ'લ્લાહ**

વજાતનેબુત્ત્વાગૂત: અને અમ્હે સઘળા લોકો પાસે પેગમ્બર મોકલ્યા, જેથી તેઓ એક અલ્લાહની બંદગી કરે અને મૂર્તિપૂજા છોડી દે: (સૂરએ અન્નહ્લ, ૧૬ : ૩૬).

એકંદરે ૧૨૪૦૦૦ પેગમ્બરો મોકલવામાં આવેલા છે. ચુસ્ત મુસલમાનો આ ફરમાનમાં માત્ર એકેશ્વરવાદ બોધનાર પેગમ્બરોનોજ સમાવેશ કરે છે; ત્યારે ઉત્તર હિન્દના "અહમદિયા" ઉર્ફે "કાદિયાની" પંથના મુસલમાનો ઈરાનના જરથોસ્ત, હિન્દના શ્રીરામ–કૃષ્ણ અને બુદ્ધ, અને ચીનના કોન્ફ્યુસીયસનો પણ આમાં સમાવેશ કરે છે. આ અહમદીયા મત, ઉપર જણાવેલાં કુરઆનેશરીફ-માંનાં અવતરણથી ખોટો ઠરે છે.

કુલ ૧૨૪૦૦૦ પેગમ્બરોમાંથી કુરઆને શરીફમાં માત્ર ૨૮ પેગમ્બરોનાં નામ આવે છે. તેમાં છ મુખ્ય છે.:- હઝરત આદમ (અલ.) દુનિયામાં ખુદાએ પેદા કરેલા પ્રથમ આદમી, ૨. હઝરત નૂહ (અલ) જેમના વખતમાં દુનિયા ઉપર જળપ્રલય થયો હતો, ૩. હઝરત ઇબ્રાહીમ (અલ) જેમના બે પુત્રો હઝરત ઇસહાક, અને હઝરત ઇસ્માઈલ, અનુક્રમે, યાહુદીઓ અને અરબોના પૂર્વજો છે, ૪. હઝરત મુસા (અલ) યાહુદીઓના પેગમ્બર, ૫. હઝરત ઇસા (અલ.) ખ્રીસ્તીઓના પેગમ્બર, અને ૬. હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ) મુસલમાનોના પેગમ્બર સાહેબ. આ છ મહાન

પેગમ્બરોને "ઓલુ'લ આઝમ" કહે છે

૪

કિતાબો–જુદા જુદા પેગમ્બરોને ખુદા તરફથી મળેલી કુલ ૧૦૪ કિતાબો છે. ત્હેમાં ૪ મુખ્ય છે. ૧. તૌરાત–Old Testament, હઝરત મુસા (અલ.) ને મળેલી કિતાબ, યાહુદીઓનું ધર્મપુસ્તક, ૨. ઝબુર–હઝરત દાઉદ (અલ) ને મળેલી કિતાબ, આ ધર્મપુસ્તક અત્યારે હસ્તીમાં નથી. ૩. ઇન્જીલ–New Testament, હઝરત ઇસા (અલ) ને મળેલી કિતાબ, ખ્રીસ્તીઓનું ધર્મપુસ્તક. તૌરાત અને ઇન્જીલ મળીને બાઇબલ થયેલું છે, અને ૪. કુરઆને શરીફ, હઝરત મોહમ્મદ (સલ.) ને મળેલી કિતાબ, મુસલમાનોનું ધર્મપુસ્તક. આ ચાર 'કિતાબો' કહેવાય છે, જ્યારે બાકીની ૧૦૦ 'સહીફા' કહેવાય છે.

૫

જિન્નાત–જીનનું બહુવચન.
ખલ્કત–પેદા કરેલા તે, Creation.
નૂરમાંથી પેદા કરેલા–ફિરશ્તા.
ફના–નાશવંત, ક્ષણભંગુર.
બકા–અમર, ચિરસ્થાયી.
અપવાદ–બાદબાકી, Exception.

૬

હિન્દુ માન્યતાના અનેક અવતારોથી ઇસ્લામ અહિં

જુદો પડે છે. ઇસ્લામમાં માત્ર એક જ જીંદગી છે. મરણ પછી અને કયામતના રોજ ઇન્સાફ માટે ઉઠતા સુધીનો વખત મરનાર પોતાની કબરમાં ગાળે છે.

મરણ પછી આત્માની સ્થિતિ સંબધે મુસલમાનોમાં અનેક મત છે.

રૂહાની–રૂહ (આત્મા) સંબંધી, આત્મિક. Spiritual.

૮

કયામત–કયામ–ઉભા થવું. કબરમાંથી ઉઠવું. સરખાવો–Re-surrection. કયામત કયારે થશે તે ખુદા સિવાય બીજું કોઇ જાણતું નથી. છતાં કયામત થશે એટલું ચોકકસ છે. આ સિધ્ધાંત ઇસ્લામનાં મૂળતત્વોમાંનો એક છે. એનો ઇન્કાર કરવાથી મુસલમાન ઇસ્લામમાં રહી શકતો નથી.

આ'માલ- અમલ (કૃત્ય) નું બહુવચન. કૃત્યો.

ગવાહી–પુરાવો; ગવાહ–સાક્ષી.

માણસ પોતાનાં સુકૃત્યોથી નહિ, પણ "અરૂરહમાનિરૂરહીમ" ની રહમતથી જન્નત (સ્વર્ગ) મેળવશે. એકલા અદલ ઇન્સાફથીજ મોક્ષ મેળવવો લગભગ અશકય છે, એમ ઇસ્લામ બોધે છે.

૯

આદિલ–અદલ–(ઇન્સાફ) કરનાર, જજ્.

શિર્ક-એક અલ્લાહ ઉપરાંત બીજાઓને અલ્લાહ બરાબર ગણી ત્હેમને પૂજવા તે. Polytheism આ બાબત કુરઆને શરીફનું સાફ ફરમાન છે કે:—ઇન્ન'લ્લાહા લા યગ્ફેરો અંઇ યુશ્રકા બેહી, વયગ્ફેરો માદૂના ઝાલેકા લેમં'ઇ યશાઅ: ખરે, અલ્લાહતા'લા એ ગુન્હો માફ નહિ કરે, જેથી જેણે અલ્લાહપાકની ઇબાદત સાથે બીજા દેવ-દેવીઓની ત્હેવી ઇબાદત કરી હોય; એ સિવાય બીજા કોઇ પણ ગુન્હા (અલ્લાહતા'લા) ઇચ્છશે તે માફ કરશે: (સૂરએ અન્નિસા ૪ : ૪૮ અને એજ આયત ૪ : ૧૧૬). વળી, સૂરએ અલ્-માએદા, ૫ : ૭૨માં ફરમાવ્યું છે કે—મંઇ યુશ્રિક્ બિલ્લાહે ફકદ હર્રમલ્લાહો અલય્હિલ્ જન્નતા વ મઅ્વાહુન્નારો, વ મા લિઝ્ઝાલેમીના મિન્ અન્સાર: જે અલ્લાહપાક સાથે બીજાઓની ઇબાદત કરશે ત્હેને માટે ખુદા જન્નત હરામ કરશે (ત્હેને સ્વર્ગ મળશે નહિ), અને ત્હેનું રહેઠાણ દોઝખ (નર્ક) માં થશે; અને એ જુલમગારોનો કોઇ બેલી નથી. વળી, સૂરએ અત્તવ્બા, ૯ : ૮૦માં ફરમાવ્યું છે કે— ઇસ્તગ્ફિર લહુમ્ અવ લા તસ્તગ્ફિર્ લહુમ; ઇન્ તસ્તગ્ફિર્ લહુમ સબ્ઇના મર્રતન્, ફલંઇ યગ્ફિરલ્લાહો લહુમ ઝાલેકા બેઅન્નહુમ કફરૂ બિલ્લાહે વ રસૂલેહી; વ'લ્લાહો લા યહ્'દિલ્ કવ્મ'લ ફાસેકીન: (હે મોહમ્મદ (સલ).) ત્હેમને (મુશરિકો) માટે ત્હેમના ગુન્હાઓ માફ કરવા સારૂ દુઆ

(પ્રાર્થના) કરો યા ના કરો (બેઉ બરાબર છે). કદાપિ, ત્હમે ત્હેમના ગુન્હાઓની માફી સારૂ ૭૦ વખત દુઆ કરશો તોપણ ખુદાપાક ત્હેમના ગુન્હાઓની માફી આપશે નહિં. કારણકે ત્હેમણે અલ્લાહતા'લા અને ત્હેના રસૂલે મકબૂલ (સ્વીકારાયલા પેગમ્બર) ઉપર ઇમાન આણ્યું નથી. અને અલ્લાહતા'લા નાફરમાન લોકોને હિદાયત કરતો નથી (સત્ય માર્ગે પ્રેરતો નથી).

મુશરિક–શિર્ક કરનાર. Polytheist.

મોમિન–ઇમાન લાવનાર, મુસલમાન.

જહન્નમ–Hell–આગથી ભરેલી છે. પાપીને શિક્ષા કરવા ત્હેના પાપના પ્રમાણમાં જહન્નમના સાત વર્ગ છે. બીજા વર્ગોમાં સાપ, વીંછી વગેરે સજા કરવાનાં વિવિધ સાધનો છે.

'બળશે છતાં મરશે નહિં'–આ વિશેષતા જહન્નમની સજાની છે. કુરઆનેશરીફમાં સૂરએ અન્નિસા, ૪ : ૫૬માં ફરમાવ્યું છે કે–ઇન્નલ્ લઝીના કફરૂ બે આયાતેના સવ્ફ નુસ્લીહિમ્ નારા. કુલ્લમા નદેજત જોલૂદોહુમ્ બદ્દલ્નાહુમ્ જોલૂદન્ ગયરહા લે યઝૂકુ'લ્, અઝાબાઇન્નલ્લાહા કાના અઝીઝન્ હકીમા: જે લોકોએ અમારી આયાતો (કુરઆનેપાક) ઉપર ઇમાન આણ્યું નથી, ત્હેમને અમ્હે ટુંક વખતમાં દોઝખની આગમાં દાખલ કરીશું, ત્યાં જ્યારે એમ્હના

શરીર પરની ચામડી બળી જશે, ત્યારે અમે હેમની જુની ચામડી બદલી નવી આપીશું, જેથી કરીને તેઓ દોઝખના અઝાબ (ત્રાસ) સંપૂર્ણ રીતે ચાખી શકે (અનુભવે). ખરેખર ! પાક પરવરદિગાર પૂરેપૂરી હિકમતવાળો છે (સર્વ શક્તિમાન છે). છેવટે સજા પૂરી થયા પછી "અર્રહમાનિર્-રહીમ" સૌને પોતાની રહમતથી માફ કરી જન્નતમાં દાખલ કરનાર છે.

૧૦

દિદાર—દર્શન

જન્નતની વિશેષતામાં અલ્લાહપાકનાં ત્યાં દર્શન થશે. અલ્લાહ નિરાકાર છે, છતાં હેની હાજરીનો સૌને ભાસ થશે.

અસ્સલામો–The Peace, શાન્તિ, શાન્તિ. 'ઇસ્લામ' એ શબ્દ પણ 'સલામ' ધાતુમાંથી બનેલો છે. ઇસ્લામનો મુખ્ય ઉદ્દેશ દુનિયાભરમાં શાંતિ પ્રસરાવવાનો છે, એ એના નામ ઉપરથીજ સૂચિત થાય છે. છતાં કોણ જાણે શાથી, ખોટી માન્યતા પ્રસરેલી છે કે ઇસ્લામ એક હાથમાં કુરઆન અને બીજા હાથમાં તલવાર'થી ફેલાયલો છે. આમાં અંશ માત્ર સત્ય નથી.

આ કાવ્ય પ્રથમ પ્રગટ થયું છે,

૧. અલ-કમાલ, (માસિક), મુંબાઇ, ઓક્ટો. ૧૯૭૩
૨, ઇસ્માઇલી " " જેડ. ૧૯૮૦

અઝાન.

૧. અલ્લાહો અકબર,	૧. અલ્લાહ સૌથી મ્હોટો છે,
અલ્લાહો અકબર,	અલ્લાહ સૌથી મ્હોટો છે,
અલ્લાહો અકબર,	અલ્લાહ સૌથી મ્હોટો છે,
અલ્લાહો અકબર;	અલ્લાહ સૌથી મ્હોટો છે;
૨. અશ્હદો અલ્ લા ઇલાહા ઇલ્લલ્લાહ;	૨. હું સાક્ષી પૂરૂં છું કે એક અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી;
અશ્હદો અલ્ લા ઇલાહા ઇલ્લલ્લાહ;	હું સાક્ષી પૂરૂં છું કે એક અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી;
૩. અશ્હદો અન્ન મોહમ્મદુર રસૂલુલ્લાહ,	૩. વળી, હું સાક્ષી પૂરૂં છું કે હઝરત મોહમ્મદ (સલ) અલ્લાહના રસૂલ (પયગમ્બર)છે
અશ્હદો અન્ન મોહમ્મદુર રસૂલુલ્લાહ.	વળી, હું સાક્ષી પૂરૂં છું કે હઝરત મોહમ્મદ (સલ) અલ્લાહના રસૂલ છે.
૪. હય્ય અલસ્સલાત,	૪. નમાઝ માટે આવો,
હય્ય અલસ્સલાત;	નમાઝ માટે આવો;

૫. હુરય અલ'લ્ ફ્લાહ,	૫. મુક્તિ માટે આવો,
હુરય અલ'લ્ ફ્લાહ;	મુક્તિ માટે આવો;
૬. અલ્લાહો અકબર.	૬. અલ્લાહ સૌથી મ્હોટો છે.
અલ્લાહો અકબર;	અલ્લાહ સૌથી મ્હોટો છે;
૭. લા ઇલાહા ઇલ્લલ્લાહ.	૭ એક અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી.

(તોટક)

૧

પરમેશ પ્રભુ ! પરમેશ પ્રભુ !
પરમેશ પ્રભુ ! પરમેશ પ્રભુ !

૨

પ્રભુ એક તુંહી વિણુ અન્ય પ્રભુ—
નથી કોઇ બીજો. પ્રભુ ! સાક્ષી પૂરૂં;
પ્રભુ એક તુંહી વિણુ અન્ય પ્રભુ—
નથી કોઇ બીજો, પ્રભુ ! સાક્ષી પૂરૂં;

૩

વળી એ પણુ, એ પણુ સાક્ષી પૂરૂં,
મહમૂદ રસુલુલ્લાહ ગણું છું,
વળી એ પણુ, એ પણુ સાક્ષી પૂરૂં,
મહમૂદ રસુલુલ્લાહ ગણું છું;

૪

સૌ પાક નમાઝ વળો પઢવા,
સૌ પાક નમાઝ વળો પઢવા;

૫

સૌ આવ ભલી મુક્તિ રળવા,
સૌ આવ ભલી મુક્તિ રળવા;

૬—૭

પરમેશ પ્રભુ! પરમેશ પ્રભુ!
પ્રભુ એક વિના, નથી અન્ય પ્રભુ.

અઝાન અરબી શબ્દ છે; ફારસીમાં 'બાંગ' કહે છે. એનો અર્થ, 'નમાઝ માટે આમંત્રણ', Call to Prayer, થાય છે. અઝાન યા બાંગ કહેનારને "મોઅઝ્ઝિન" યા "બાંગી" કહે છે. અઝાન મસ્જિદમાં જ કહી શકાય છે; કારણ કે નમાઝ પઢવા આવવાનું આમંત્રણ મસ્જિદમાં જ હોઇ શકે. ઇદની નમાઝ સાધારણ રીતે ઇદગાહમાં પઢાય છે. ત્યાં પણ અઝાન કહેવાય છે; કારણ કે ઇદગાહ એક રીતે મસ્જિદ જ છે. ઘેર નમાઝ પઢનાર અઝાન કહી શકે નહિં, અને કહેતા પણ નથી.

ખ્રીસ્તીઓના ઘંટ અને યાહુદીઓનાં નગારાં કરતાં, મુસલમાનોની અઝાન, નમાઝીઓને બોલાવવા ઉપરાંત, મુસ્લિમો માટે એક પ્રકારની બંદગી અને ગેર-મુસ્લિમો માટે ઇસ્લામ સ્વીકારવા, નિત્ય પાંચ વખત આમંત્રણ છે. જે મુલ્કોમાં ગેર-મુસ્લિમો પણ અરબી સમજે છે, જેવા કે તુર્કસ્તાન, મિસર વિગેરે, ત્યાં ત્હેમને માટે અઝાનની યોજના ધાર્મિક દ્રષ્ટિબિન્દુથી કેટલી દૂરદર્શી ગણી શકાય!

અઝાનની યોજના હઝરત ઉમર અલ ફારૂક (રદી.) ની સૂચનાથી યોજાયલી છે. પ્રથમ મોઅઝ્ઝિન હઝરત બિલાલ (રદી) નો પહાડી બુલન્દ અવાજ આ યોજના સફળ કરવામાં અતિ સહાય રૂપ નિવડયો હતો.

અઝાન કહેનાર 'મોઅઝ્ઝિન,' અઝાન કહેવા માટે. મસ્જિદના અગ્નિ ખુણામાં ઉંચી જગ્યા ઉપર, મિનારો હોય તો તે ઉપર, ઉભો રહી, 'કિબ્લા' તરફ, અર્થાત્ તે દેશથી મક્કાશરીફ જે દિશામાં હોય તે તરફ, હિન્દમાં પશ્ચિમ તરફ, મ્હોં રાખી, બન્ને કાનમાં કલમાની આંગળી, તર્જની, Indax Fuiger ઘાલી, મ્હોટે અવાજે, ધીરે ધીરે, અઝાન પોકારે છે.

અઝાન સંભળાય કે તરત જ સઘળું કામકાજ તજી દઇ અઝાનના શબ્દો ધ્યાનપૂર્વક શ્રવણ કરવા જોઈએ. અઝાનનો દરેક ભાગ જેમ જેમ બોલાતો જાય, તેમ તેમ સાંભળનારે તે શબ્દો પોતાના મનમાં ફરી વાર ધીરેથી બોલવા જોઈએ. અઝાન પૂરી થયા પછી જ અધુરૂં મુકેલું કામ ફરીથી આગળ ચલાવી શકાય.

અઝાન પોકારતી વખતે, ચોથી ઉકિતના શબ્દો મ્હોં જમણી તરફ ફેરવી બોલાય છે. તે જ પ્રમાણે પાંચમી ઉકિતના શબ્દો મ્હોં ડાબી તરફ ફેરવી બોલવાના છે. આનો અર્થ એટલો જ છે કે ચારે તરફના લોકોને ઉદ્દેશી અઝાન કહેવામાં આવે છે, અર્થાત્, સઘળા લોકોને નમાઝ માટે આમંત્રણ આપવામાં આવે છે.

મોઅઝ્ઝિન ચોથી અને પાંચમી ઉક્તિ પોકારી રહે તે વખતે શ્રોતાઓએ પોતાના દિલમાં નીચેની દુઆ (પ્રાર્થના) પઢવાની છે:—

લા હવ્લ વ લા	અલ્લાહ સિવાય બીજા કોઈની
કુવ્વતા ઇલ્લા	બ્હીક નથી; તેમ બીજા કોઇની
બિલ્લાહિલ્	ત્હેવી શક્તિ નથી. અલ્લાહ
અલીય્યીલ્ અઝીમ.	ઉચ્ચ અને મહાન છે.

ઇશ એક જ ઉચ્ચ, મહાન ધણી;
શીદ બ્હીક ધરૂં દિલ કોઈ તણી !
નથી કુવ્વત ખલ્કત કોઇ તણી,
ઇશ એક જ, ઉચ્ચ મહાન ધણી.

ફજરની નમાઝ, જે ઉષા (પરોઢીઆ)ના પ્રકાશ પછી અને સૂર્યોદય પ્હેલાં પઢવામાં આવે છે, ત્હેમાં, ઉપરોકત અઝાનમાં, ચોથી અને પાંચમી ઉક્તિઓ પછી નીચેની પંક્તિઓ ઉમેરવામાં આવે છે:—

અસ્સલાતો ખૈરૂમ્	નિંદા કરતાં નમાઝ વધુ
મિનન્ નવ્મ,	સુખદાયી છે;
અસ્સલાતો ખૈરૂમ્	નિદ્રા કરતાં નમાઝ વધુ
મિનન્ નવ્મ.	સુખદાયી છે.

મીઠી ઉંઘથી પાક નમાઝ ભલી;
મીઠી ઉંઘથી પાક નમાઝ ભલી,

આ ઉક્તિ માત્ર ફજરની જ નમાઝની અઝાન માટે

છે. બીજી નમાઝમાં અસ્થાને છે, તે અર્થ વિચારતાં સહજ સ્હમજાશે.

નમાઝીઓ ભેગા થઈ, નમાઝ શરૂ કરતા પ્હેલાં, નમાઝ પઢાવનાર–'પેશ ઇમામ' ની પાછળ, પ્હેલી હારમાં, એક નમાઝી ઉભો રહી, અઝાનના શબ્દો, જરા ઉતાવળે પણ ધીરે અવાજે, ફરીથી બોલી જાય છે. આ પ્રમાણે અઝાન ફરીથી કહેવામાં આવે છે, ત્હેને "એકામત" કહે છે. આ 'એકામત' માં પણ ચોથી અને પાંચમી ઉકિતઓ, અનુક્રમે, જમણી અને ડાબી તરફ મ્હો ફેરવી પઢવાની છે. અને એ બે ઉકિતઓ પઢયા પછી એકામતમાં નીચે પ્રમાણે વિશેષ ઉમેરપામાં આવે છેઃ—

કદ કામતિસ્સલાત; નમાઝ માટે જમાત ઉભી છે (નમાઝ પઢનારા હારબંધ ઉભા છે).

કદ કામતિસ્સલાત. નમાઝ માટે જમાત ઉભી છે.

પઢ પાક નમાઝ, જમાત ઉભી;
પઢ પાક નમાઝ, જમાત ઉભી,

નમાઝમાં જે પઢવાનું હોય છે ત્હેના વિભાગ કરેલા છે: ૧. ફર્ઝ–પઢવું જ જોઇએ; ૨. સુન્નત–પઢવું ઠીક છે; સુન્નત બે પ્રકારની છે: મોઅક્કદા–લગભગ ફર્ઝ જેવી, ગયર મોઅક્કદા–ન પઢે તો હરકત નહિં. ૩. નફલ–ઐચ્છિક, મરજીઆત. પઢે તો લાભ ન પઢે તો ચાલે.

'એકામત' માત્ર ફર્ઝ નમાઝ પ્હેલાં પઢવામાં આવે છે; સુન્નત અને નફ્લ પ્હેલાં નહિં. મસ્જિદમાં જમાત સાથે નમાઝ થાય છે તે માત્ર ફર્ઝ નમાઝ હોય છે, બીજી નમાઝ મસ્જિદમાં જ દરેકે પોતાની મેળે પઢી લેવાની હોય છે. ઘેર નમાઝ પઢનારને પણ ફર્ઝ નમાઝ પ્હેલાં એકામત કહેવી જરૂરી છે.

અઝાન એક રીતે ઘણી ટુંકી અને સાદી છે. ત્હેમાં સમાયલાં સત્ય વિશ્વવ્યાપી છે. ગયૂર મુસ્લિમ પણ વિના સંકોચે તે સત્ય ઉચ્ચારી શકે, અને સ્વીકારી શકે ત્હેવાં છે.

અલ્લાહો અકબરની વીર હાક, War Cry, સર્વને સુપરિચિત છે. અકબર–કબર=મહાનનું Superlative Degree નું રૂપ છે. પરમેશ=પરમ+ઇશ=સૌથી વધારે શકિતવાળો–પરમેશ્વર.

અઝાનનો મુખ્ય આશય અલ્લાહતઆલાની વહદાનિયત, Monotheism, અદ્વૈતવાદ, એકીશ્વરવાદ બોધવાનો છે. વિશેષ ખુલાસા માટે "કુલહોવલ્લાહ" ની સૂરા, ત્હેનું કાવ્ય અને ટીકા જુઓ.

અલ્લાહની વહદાનિયત સાથે, હઝરત મોહમ્મદ (સલ) ની રિસાલત-પયગમ્બરી પણ ઇસ્લામમાં તેટલી જ આવશ્યક હોઇ, તે પણ સાથે જ બોધી છે. છતાં આ રિસાલત યાને પયગમ્બરીમાં અનેરૂં સત્ય અને મહાન ગંભીર બોધ સમાવ્યો છે. આ સિદ્ધાંત ઇસ્લામને અન્ય ધર્મોમાં અનન્ય

સ્થાન આપે છે. ખ્રીસ્તીઓ હઝરત ઇસા (અલ) ને અને યાહુદીઓ હઝરત ઓઝાયર (અલ) ને ' ખુદાનો બેટો ', God the Son, માને છે. હિન્દુઓ શ્રી રામ–કૃષ્ણ વગેરેને ઇશ્વરના માનુષી અવતાર ગણે છે, ત્યારે મુસલમાનો ત્હેમના પયગમ્બરને માત્ર અલ્લાહનો પેગામ લાવનાર (રસૂલ) માને છે. વળી, આ પેગમ્બર પણ આપણા બધાની માફક 'બશર'–આદમ જાત, માટીના માનવી છે; માત્ર ઇશ્વર કૃપાથી ઇશ્વરી સંદેશ મનુષ્ય જાતિને પ્હોંચાડવા ત્હેમની પસંદગી થયેલી છે. કુરઆને પાકમાં ફરમાવ્યું છે કે—

કુલ ઇન્નમા અના બશરૂમ મિસ્લો કુમ, યુહા ઇલય્ય : (હે મોહમ્મદ (સલ)) (લોકોને) કહી દો કે હું પણ ત્હમારા જેવો માણસ છું; માત્ર મ્હારી પાસે ખુદા પાકની વહી (સંદેશ–શ્રુતિ) આવે છે. (૧૮ : ૧૧૦).

આ કાવ્ય પ્રથમ નીચે પ્રમાણે પ્રકટ થયેલું છે—

૧. વસન્ત, માસિક, અમદાવાદ, શ્રાવણ ૧૯૭૦.
૨. વીસમી સદી, ,, મુંબાઈ, નવેમ્બર ૧૯૧૭.
૩. સાબરમતી સત્યાગ્રહ આશ્રમની " ભજનાવલિ, " સં. ૧૯૭૮ ની આવૃત્તિ, કાવ્ય ૧૬૭. (નવી આવૃત્તિમાં આ કાવ્ય કમી કર્યું છે).
૪. વિદ્યાપીઠ તરફથી પ્રગટ થયેલ " કાવ્ય સમુચ્ચય, " ભાગ ૧, કાવ્ય ૩.
૫. ૬. ખેડા ભજન મંડળ તરફથી પ્રગટ થયેલ "પ્રણવસાર," અને "પાગલ પસંદગી," બેઉમાં કાવ્ય ૨૧૩.

અલહમ્દો

૧. બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ;	૧. દયાળુ અને કૃપાળુ પ્રભુના નામથી (શરૂ કરૂં છું).
૨. અલહમ્દો લિલ્લાહે, રબ્બિલ્ આલમીન,	૨. સઘળી તા'રીફ અલ્લાહની છે, જે જગત માત્રનો પાલક છે.
૩. અર્ રહમાનિર્ રહીમ,	૩. જે દયાળુ અને કૃપાળુ છે,
૪. માલિકે યવ્મિદ્દીન,	૪. જે કયામતના દિવસનો કુલ મુખ્ત્યાર છે,
૫. ઇય્યાકા નઅ્બોદો, વ ઇય્યાકા નસ્તઇન,	૫. અમ્હે ત્હારી જ(અલ્લાહની) બંદગી કરીએ છીએ, અને ત્હારી જ સહાય માગીએ છીએ,
૬. એહદે નસ્સિરાતલ્ મુસ્તકીમા,	૬. અમને સીધો રસ્તો બતાવ,

૭. સ્વિરાતલ્ લઝીના અન્ અમતા અલય્હિમ, ગયૂરિલ્ મગ્ઝૂબે અલય્-હિમ્ વ લદ્દ્વાલ્લીન,	૭. જે રસ્તે જવાથી ત્હેમને ઇનામ મળ્યાં છે; (પરંતુ) એ રસ્તો નહિ, જે રસ્તે જવાથી ત્હેમના ઉપર ત્હારો કેર વર્ત્યો છે, અને તે રસ્તો નહિ, જે રસ્તે જવાથી તેઓ આડે માર્ગે ચઢી ગયા છે
(આમીન).	(અસ્તુ).

(ભુજંગી)

ફચાણું, કૃપણુ પ્રભુને સ્મરૂં છું,
લઇ નામ ત્હેનું શરૂ હું કરૂં છું;

(તોટક)

સૌ તા'રીફ છે અલ્લાહ તણી;
સૌ આલમનો અલ્લાહ ધણી;
બહુ રૂહેમ કરે, બક્ષીશ દિયે;
દિન કયામતનો કુલ માલિક એ;
રબ ! બંદગી ત્હારી જ સૌ કરીએ,
વળી, ત્હારી જ સ્હાય સદા ઇચ્છિએ;
સીધો રાહ બતાવ ખુદા ! અમને—
સીધો રાહ ગયા—
તુ —ઇનામ મળ્યા;.

નહિ કે—

જન જે બુઝમાં ગુમરાહ થયા,
તુજ ખૌફ જણા કંઇ લોગ થયા !
બસ. રાહ સીધી રબ ! દાખવજે,
સીધી રાહ લઇ તુજથી મળીએ.
કહું આમીન ! આમીન ! આમીન ! એ.

આ સૂરાથી કુરઆનેશરીફ શરૂ થાય છે, તેથી આ સૂરાનું વિશેષ નામ "સૂરતુ'લ ફાતેહા"—"શરૂ થતું પ્રકરણ." Opening Chapter છે વળી, મરનારના આત્માની શાંતિ માટે જે દુઆ (પ્રાર્થના) કરવામાં આવે છે, તેમાં પણ આ સૂરા મુખ્યત્વે પઢવામાં આવે છે, આવી દુઆનું વિશેષ નામ પણ "ફાતેહા" છે.

આ સૂરાનાં બીજાં પણ કેટલાંક નામ છે. ૧ સૂરતુશ્ શુક્ર–શુક્ર (ઉપકાર) માનવાની સૂરા; કારણકે આ સૂરામાં ખુદાનાં વખાણ કરીને ઉપકાર માન્યો છે.

૨ સબ્'-ઉલ-મસાની-સબ્'-સાત—મસાની—બેવડું Double. આ સૂરામાં સાત આયાત (વાક્યો) છે; અને કેટલાક શબ્દો બબ્બે વખત વપરાયા છે. અથવા, આમની અર્ધી સૂરામાં ખુદાની તા'રીફ છે, અને બીજા અર્ધામાં માણસ જાત માટે માગેલી દુઆ છે.

૩ ઉમ્મુ'લ કિતાબ : કિતાબ, અર્થાત કુરઆનનું તત્ત્વ, આખા કુરઆનેમજીદના તત્ત્વરૂપે આ સૂરા ગણાય છે. દરેક નમાઝમાં આ સૂરા અનિવાર્ય અંગ છે, એટલે સુધી કે આ સૂરા પઢ્યા વિના કોઇ પણ નમાઝ થઇ શકતી નથી.

આટલાં વિશેષ અને સામાન્ય નામ છતાં, આ સૂરા ત્હેના શરૂ થતા પ્રથમ શબ્દ " અલહમ્દો " થી વિશેષ જાણીતી છે.

આ સૂરા એટલી બધી પવિત્ર છે કે કોઇપણ દરદી ઉપર આ સૂરા પઢી ફુંકવાથી ત્હેને આરામ થાય છે, એમ માનવામાં આવે છે.

આ સૂરા પઢવાથી આખું કુરઆનેશરીફ પઢવા જેટલો સવાબ (પૂણ્ય) મળે છે.

આ સૂરાની પ્હેલી આયત (વાક્ય), "બિસ્મિલ્લાહ," આ સૂરાનું ખાસ અંગ (part and parcel) ગણાય છે. કુરઆને પાકની દરેક સૂરા "બિસ્મિલ્લાહ" થી શરૂ થાય છે, પરંતુ કોઇ પણ બીજી સૂરામાં આ સુરા માફક "બિસ્મિલ્લાહ" તે સૂરાનું અંગ ગણાતી નથી; અર્થાત તે સૂરાની આયાતોની ગણત્રીમાં 'બિસ્મિલ્લાહ' નો સમાસ થતો નથી.

મુસલમાનો એકંદરે ૧૪૦ કિતાબોને " ઇલ્લાહી

કિતાબો "– Reveal.l Books માને છે. ત્હેમાં મુખ્ય ચાર છે, તૌરાત–Old Testament, ઇન્જીલ–New Testament, (એઉ મળી 'બાઇબલ'–Bib'e થાય છે), ઝબુર (હાલ હસ્તીમાં નથી) અને કુરઆનેશરીફ. આ ચારે કિતાબોમાં કુરઆનેમજીદ મુખ્ય છે. (વિશેષ ખુલાસા માટે "આરન્તો" ના કાવ્ય નીચે "કિતાબો" ની ટીકા જુઓ). કુરઆને-શરીફમાં 'સૂરતુ'લ ફાતેહા' મુખ્ય છે, અને ત્હેમાં "બિસ્મિલ્લાહ" ની પ્હેલી આયત મુખ્ય છે. કોઇ પણ મુસલમાન કોઇપણ કામ શરૂ કરતા પ્હેલાં "બિસ્મિલ્લાહ" બોલે છે. અર્થાત્, નિત્ય કાર્ય વ્યવહારમાં તે જે કંઈ કરે છે તે અલ્લાહના નામથીજ કરે છે; કર્તાહર્તા કિરતાર છે, પોતે તો માત્ર સાધનરૂપ છે: એ આધ્યાત્મિક ભાવના અત્રે વ્યંગ થાય છે.

આ સૂરાને 'સૂરતુ'દ્ દુઆ' પણ કહે છે; અર્થાત્, પ્રભુ પાસે આપણી મન કામના પૂર્ણ કરવા માગવાની પ્રાર્થના. આ સૂરાથી થાય છે. વળી, એને 'સૂરતુસ્સલાત' યાને 'નમાઝ નું પ્રકરણ' પણ કહે છે. આ સૂરા પઢ્યા વિના કોઇ પણ નમાઝ થઇ શકતી નથી. હઝરત પેગમ્બર સાહેબ (સલ) ની હદીસ શરીફ છે કે–"**લા સલાત ઇલ્લા બિ ફિરતે ફાતે-હતિ'લ કિતાબ.**" "કિતાબ" યાને કુરઆને શરીફના **'અલ ફાતેહા'** (અલહમ્દો) ની સૂરા પઢ્યા સિવાય નમાઝ થતી નથી. દરેક નમાઝી એક દિવસની પાંચે નમાઝમાં મળી

આ સૂરા દરરોજ કુલ ૪૮ વખત પઢે છે: ફજર ૪+જોહર ૧૨+અસર ૮+મગરેબ ૭+ઇશાં ૧૭=૪૮. કુરઆનેશરીફની બીજી કોઇ પણ સૂરા 'કુલહોવલ્લાહ' પણ આટલી પઢવામાં આવતી નથી. આ સૂરાની આટલી અગત્ય હોવાને લીધે, ત્હેને 'ઉમ્મુ'લ કિતાબ' યાને 'કુરઆને પાકનો પાયો'–The Basis of the Book–પણ કહે છે. કુરઆનેમજીદમાં ૧૫ : ૮૭ માં ફરમાવ્યું છે કે—"વ લકદ આતયનાક સબ્અમ મિન'લ્ મસાની વ'લ્ કુરઆન'લ્ અઝીમ": મ્હેં (ખુદાએ) ત્હમને 'નમાઝમાં પઢવાની સાત આયતો' (અલ-હમ્દોની સૂરા) અને કુરઆને મજીદ આપ્યાં છે. 'સબ્અલ્ મસાની'નો ઉલ્લેખ ઉપર કરવામાં આવેલો છે, તે જુઓ.

"બિસ્મિલ્લાહ"ની આયતમાં ખુદાનાં ત્રણ નામ આવે છે: ૧. અલ્લાહ–જે શક્તિ માટે પ્રેમ અને ભય (awe) બેઉ ઉત્પન્ન થાય તે શકિત. અરબોના મૂર્તિપૂજાના જમાનામાં "અલ્લાત" નામની મૂર્તિ સોમાં પ્રથમ પદ ભોગવતી હતી. કદાચ તે ઉપરથી પણ આ નામ સૂચિત હોય ! બીજાં બે નામ 'રહમાન' અને 'રહીમ' એક જ 'રહમ' ધાતુ ઉપરથી નીકળેલાં છે. રહમ–દયાનો સામાન્ય ધ્વનિ બેઉમાં સમાયલો છે. અંગ્રેજીમાં Merciful અને Beneficent તરીકે તરજુમો કરવામાં આવે છે. અરબીમાં આ શબ્દોના અર્થમાં બારીક તફાવત ગણેલો છે. 'રહમાન' એટલે આ દુનિયામાં દયા કરનાર અને 'રહીમ' એટલે કયામતને દિવસે, અથવા

પરદુનિયામાં—આકેબતમાં દયા કરનાર, એમ અર્થ કરવામાં આવે છે.

રહમાન અને રહીમ—અલ્લાહનાં આ બે નામ અને ત્હેમાં રહેલા ગર્ભિત ભાવ, અરબી ભાષામાં, ઇસ્લામના જમાના પછી, દાખલ થયેલાં છે. હીજરીના છઠ્ઠા વર્ષમાં, જ્યારે મુસ્લિમો અને મક્કા શરીફના કોરેશ લોકો વચ્ચે તહનામું થયું, ત્યારે કોરૈશ તરફના એલચી સાહેલ બિન અમરૂએ તહનામાને મથાળે 'બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ' લખવા દેવા ના પાડી હતી, એમ કહીને કે 'લા 'આરેફો હ'ઝા': હું આ જાણતો નથી. છેવટે બિસ્મિક અલ્લાહુમ્મ' લખી ચલાવ્યું હતું. અરબોના આ અજ્ઞાન સંબંધે કુરઆનેશરીફમાં ૩૫:૬૦માં પણ ઉલ્લેખ છે કે—" વ ઇઝાકીલા લહોમુસ્જોદૂ લિર્રહમાને. કાલૂ વ અર્રહ-માનો;" અને જ્યારે ત્હેમને (મૂર્તિપૂજક અરબોને) કહેવામાં આવે છે કે 'અર્ રહમાન' ને સિજદો (Obeisance) કરો, ત્યારે તેઓ કહે છે કે 'અર્ રહમાન' કોણ છે ? !

બિસ્મિલ્લાહિર્ રહમાનનિર્ રહીમમાં અલ્લાહ પાકનાં ત્રણ સુન્દર નામ—અલ્લાહ, રેહમાન અને રહીમ સમાયલાં છે. આ નામ ઇસ્મે આઝમ કહેવાય છે હઝરત સુલેમાન પેગમ્બર (અલ) મનુષ્ય ઉપરાંત, જીન-પરી અને હવામાં ઉડતાં પંખી અને જળમાં વસતાં પ્રાણીઓના પણ પેગમ્બર હતા, ત્હેમનું તખ્ત હવા પર ઉડતું હતું, તે આ

ઇસ્મે આઝમના જ પ્રતાપે હતું. ત્હેમની પાસે એક વીંટી હતી, જેના ઉપર "બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ" કોતરેલું હતું. આ વીંટી એક વખત ખોવાઇ ગઇ, ત્યારથી તે વીંટી પાછી મળી આવી ત્યાં સુધી, એમનું તખ્ત હવા પર ઉડી શક્યું ન્હોતું. આ ત્રણ નામ—યા અલ્લાહો, યા રહમાનો, યા રહીમો—ની તસ્બીહ પઢવી (માળા ફેરવવી) બહુ બરકતી (લાભદાયી) ગણાય છે. આ તસ્બીહ પઢવાનો ખાસ વખત અસર અને મગરેબની નમાઝ વચ્ચેનો સાયંકાળનો સમય છે.

છેલ્લી સાતમી આયતના બે ભાગ છે: પ્રથમ ભાગ 'જેમના ઉપર ત્હારો કેર વર્ત્યો છે', એમાં યાહુદીઓનો ઉલ્લેખ છે. તેઓએ ખુદાના હુકમોનો અનાદર કર્યો અને ત્હેમને સીધે રસ્તે લાવવા ખુદાએ જે પેગમ્બરો મોકલ્યા હતા ત્હેમને, ખાસ કરીને હઝરત ઇસા (અલ.)ને, ત્હેમણે મારી નાંખ્યા તેથી ખુદાએ ત્હેમના ઉપર કોપ કર્યો, અને પરિણામે તેઓ ત્યાર પછીથી દુનિયા ઉપર કોઇ ખાસ વતન વિનાના, રખડતા થઇ ગયા છે. બીજા ભાગમાં, 'જેઓ આડે રસ્તે ચઢી ગયા છે,' એમાં ખ્રીસ્તીઓનો ઉલ્લેખ છે. ત્હેમના પેગમ્બર હઝરત ઇસા (અલ.)ને ત્હેમણે 'ખુદાના બેટા', God the Son, બનાવી દીધા છે. 'કુલહોવલ્લાહ'ની સૂરામાં 'લમ યલિદ, વ લમ યૂલદ' એ ઉલ્લેખ પણ ખ્રીસ્તીઓ માટેજ છે.

આ સૂરાને છેડે "આમીન" શબ્દ પણ પ્રથમની "બિસ્મિલ્લાહ"ની આયત માફક આ સૂરાનું ખાસ અંગ છે. કુરઆને શરીફની બીજી કોઇ પણ સૂરામાં છેડે "આમીન" શબ્દ વપરાયો નથી.

આ "આમીન" શબ્દની મારામારી આજકાલ મુસલમાનોમાં વધી પડી લાગે છે. મસ્જીદમાં ઘણા માણસો 'જમાત' કરી (congregation) સાથે નમાઝ પઢતા હોય છે, ત્યારે હનફી મઝહબ (માન્યતા) મુજબ 'આમીન' ધીરેથી પઢવામાં આવે છે, પરંતુ શાફી મઝહબ મુજબ 'આમીન' સંભળાય તેમ–loudly પઢાય છે. તેથી જ્યારે એ બે મઝહબવાળા નમાઝ પઢવા એક જ 'જમાત'માં ભેગા થઇ જાય છે, ત્યારે 'આમીન'નું જોરથી યા ધીરેથી પઢવું મારામારીનું કારણ બને છે. આવા કેટલાક કેસો છેક હાઇકોર્ટ સુધી પ્હોચી ગયા છે. આવી શબ્દોની મારામારીથી મુસલમાનો કયારે બચશે ? ખુદા પાક ત્હેમને નેક હિદાયત આપે ! આમીન !

'સો આલમ'—આધુનિક વૈજ્ઞાનિક જગતને જાણીતી અનેક સૃષ્ટિઓનો અહિં જાણે કે ઉલ્લેખ હોય એમ લાગે છે ! Every star is a Sun, with a solar system like ours, & innumerable Earths there are in the Infinite Universe, around & beyond. સરખાવો: હિન્દુ ભાવના–સુર્યલોક, ચંદ્રલોક વગેરે–આધુનિક વિજ્ઞાન

કહે છે કે Mars (મંગળ) ઉપર વસતી છે.

'કયામત'—ક્યામ=ઊભારહેવું, to stand; જે દિવસે પ્રાણી માત્રને પ્રભુના દરબારમાં ઇન્સાફ સારૂ હાલ કબરે માં 'સુઇ' રહ્યા છે ત્યાંથી લાવી 'ઉભા' કરવામાં આવશે, સરખાવો Re-surrection; Judgmant Day.

'રબ્બ'—અરબીમાં આ નામથી અનેક ભાવ વ્યકત થાય છે; પ્રભુ પ્રતિ પૂજ્યભાવ, અને માલિકની કુલ મુખત્યારી એ ભાવ મુખ્ય છે. Lord એ શબ્દમાં આ ભાવનો કંઇક ધ્વની આવે છે. ગુજરાતીમાં આવા અનેક ભાવ માટે એક શબ્દ મ્હારા જાણવામાં નથી. અબ્બ—બાપ, ખ્રીસ્તીઓના Father કરતાં ઇસ્લામના 'રબ્બ' માં અનેરા ભાવ વ્યકત થાય છે. રબ્બનું વિશેષ વિવરણ કરીએ તો fostering of a thing in such a manner as to make it attain one condition after another until it reaches its goal of completion; એક સ્થિતિ પછી બીજી સ્થિતિ, એમ ઉત્તરોત્તર પ્રગતિ કરતાં, પૂર્ણતાના ધ્યેય સુધી પ્હોંચવાની ભાવના આ નામમાં વ્યંજિત થાય છે.

માલિક—ધણી; કુલ મુખત્યાર. મલેક—રાજા, કરતાં વિશેષ અધિકાર ધરાવનાર. મલેક—રાજાના royal prerogative of mercy કરતાં—માફ કરવાના સાર્વભૌમ અધિકાર કરતાં 'કયામતના માલિક' નો વિશેષ અધિકાર છે. અધમમાં અધમ ગુન્હેગારને પણ માફ કરવાનો હકનો કુલ

અખ્ત્યાર—absolute privilege છે.

યૌમિદ્દીન—દીનનો દિવસ; કયામત.

'યૌમ' નો સાધારણ અર્થ 'દિવસ' કરવામાં આવે છે, પરંતુ અરબીમાં એક ક્ષણથી માંડી પચાસ હજાર વર્ષના ગાળાને માટે પણ 'યૌમ' વાપરી શકાય છે. અર્થાત્ 'યોમ' શબ્દની ભાવનામાં ગમે તેટલા કાળક્ષેપનો સમાસ થાય છે. જુઓ, કુરઆનેશરીફ ૫૫ : ૨૯—**કુલ્લ યૌમિન્ હોવ ફી શાન:** હર ઘડી કામમાં મશ્ગુલ રહે છે. વળી, ૭૦ : ૪—**તા'રોજુ'લ્ મલાએકતો વ'રૂહો ઇલયૂહે ફી યૌમિન્ કાના મિકદારોહૂ ખમસીના અલ્ફ સના :** જેની તરફ હજરત જીબ્રીલ (રહ) અને બીજા ફિરશ્તા ચઢે છે, અને એ (ચઢવાના) સમયનો અંદાજ પચાસ હજાર વર્ષનો થશે.

આ કાવ્ય અત્યાર પ્હેલાં આ પ્રમાણે પ્રગટ થયેલું છે:-

૧ વસન્ત–માસિક. અમદાવાદ, સં. ૧૯૭૦.

૨ વીસમી સદી–માસિક. મુંબાઇ. ઓગસ્ટ ૧૯૧૭.

૩ રા. હીરાલાલ પારેખનાં 'પ્રભુ ભક્તિનાં કાવ્યો', કાવ્ય ૧૪૮.

૪ ખેડા ભજન મંડળ તરફથી પ્રગટ થયેલ 'પ્રણવ-સાર', અને 'પાગલ પસંદગી', બેઉમાં, કાવ્ય નં. ૨૧૪.

લંડનના વોકીંગ (Woking) મીશનના જાણીતા મુસ્લિમ ધર્મપ્રચારક, ખ્વાજા કમાલુદ્દીને આ સૂરાનો નીચે પ્રમાણે અંગ્રેજીમાં તરજુમો કરેલો છે: —

Al-Hamdo.

Thou art the Lord of Judgment Day;
To pardon sin, we crave Thy Grace;
We worship Thee, and for Thy Help—
To Thee alone we turn our face.
Guide us in paths direct and right,
The paths of those who have been blessed,
But not of those who earn Thy wrath,
And not of those who are misled.

Islamic Review, London. (April 1918).

ખ્વાજા કમાલુદ્દીન સાહેબના ભાષાન્તર કરતાં મૂળ શબ્દાર્થે વધારે સાચવતુ—more faithful ભાષાન્તર, બીજનોર (યુ. પી.) નાં સોલેખિકા, મુશ્તરી બેગમે કરેલું, એ જ માસિકના એપ્રીલ ૧૯૧૯ ના અંકમાં પ્રગટ થયેલું, નીચે આપ્યું છે.

Bismillah.

Praise be to Thee, my God, Lord of the Worlds !
O Merciful, Compassionate art Thou !
The King of all on Day of Reconing,
Thee only do we worship and adore.
To Thee Most Merciful, we cry for help;

O guide us ever more on the straight path,
The path of those to whom Thou gracious art;
On whom Thine anger falls not then nor now,
The path of them that from Thee do not stray.

એ જ માસિકના જુન ૧૯૧૫ના અંકમાં આ સૂરાનો એક સુન્દર અનુવાદ થયેલો છે; તે નીચે પ્રમાણે છેઃ—

Universal Prayer.

All Wisdom, All Might, and All Love,
One God, Universal, Supreme !
We praise Thee, Compassionate Fount of
All Truth—
Thou art Judge of all judgments of men.
All our worship is Thine;
All our help is from Thee.
Do Thou lead us in Light and in Truth,
Where the grace of Thy favour abounds-
Far away from all they who beguile & betray,
And the traitor of whom is Thy frown
This day and for aye;
Amen and alway.

આ સૂરાનો મશ્હુર ઉર્દૂ અનુવાદ આ પ્રમાણે છેઃ—

ખુદા યા! તું ખાવિંદ સબ સે બડા.
ઝમીં આસ્માં તુને પયદા કીયા;
સઝાવાર હય તુઝકો તા'રીફ સબ,
તુ હય સારે આલમકા ખાવિંદ, રબ્બ!
તુ હય મહેરબાં, તેરી સબ પર મયા,
જીસે ચાહે. કરતા હય ઉસસે દયા;
કયામત કે દિનકા ભી તુ હય ધની,
ભિખારી હય સબ, ઓર તુ હય ગની;
તેરી બંદગી કરતે હય હમ મુદામ,
મદદ તેરી માંગતે હય સુબહ્ ઓ શામ;
દિખા રાહ સીધી તુ હમકો તમામ.
કે હમ દીન્–ઓ–દુનિયામેં હય શાદકામ;
તેરી ન્યામતોંસે જો હય સરફરાઝ.
ઉન્હોહી કે જયસા તુ હમ કો નવાઝ;
ગઝબ તુને જીન પર કીયા ઉનકી રાહ—
લે જા મત, તુ હમકો!, દે ઉસસે પનાહ;
ન ગુમરાહોં કી રાહ હમકો દિખા,
હમ આમીન કહેતે હય, અય કીબ્રિયા!

નોટ-આ કાવ્ય પ્રથમ કયાં પ્રકટ થયું છે, તેમાટે આગળ પાન ૪૭ જુઓ.

કુલહોવલ્લાહ

બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

૧. કુલ્ હોવલ્લાહો અહદ.	૧. (હે મોહમ્મદ (સલ)) કહી દો, અલ્લાહ એક જ છે.
૨. અલ્લાહુસ્સમદ.	૨. અલ્લાહ પાક છે, (સંસારી જીવનથી મુકત છે),
૩. લમ્ યલિદ, વ લમ્ યૂલદ,	૩. ત્હેને કોઇ પુત્ર નથી, અને તે કોઇનો પુત્ર નથી.
૪. વ લમ્ યકુલ્લહૂ કોફોવન્ અહદ.	૪. અને કોઇ ત્હેના સમાન નથી. (અથવા, ત્હેનો એક પણ સગો નથી)

(મિશ્ર તોટક)

૧

કહી દે, ઇશ એક જ, એક જ છે;
સંસારથી પાક—પવિત્ર જ છે;

નથીઁ જન્મ દીધો,—
નથીઁ જન્મ લીધો,—
—કદિ કો જન્મી,
—કદિ કો કુખથી;
નથીઁ ખેશ—બિરાદર એક વળી,
ખલકે,
ફલકે,
નહિં હોઇ સ્થળે.

૨

ખુદ આપ જ આપ થકી પ્રકટી,
પ્રકટાવીઁ દીધી સૌ ખલ્કતને;
ધર્યું નામ ખુદા,
રહ્યું યાદ સદા;
ઇશ એક જ, એક જ, એક જ છે.

આ સૂરા કુરઆનેશરીફમાં ૧૧૨ મી સૂરા છે. ત્હેને "સૂરતુ'લ એખલાસ," એટલે 'હૃદયશુદ્ધિ' નું અથવા 'ખુદાની એકતા' નું પ્રકરણ કહેછે; અર્થાત, આ સૂરામાં વર્ણવેલા ધર્મના સિધ્ધાંતોને લીધે હૃદય નાસ્તિકતાથી નિર્મળ થઇ, ખુદાની એકતા તરફ વળે છે. "સૂરતુ'લ એખલાસ" એ ભાવવાચક વિશેષનામ હોવા છતાં, આ સૂરા ત્હેના શરૂ થતા શબ્દો "કુલહોવલ્લાહ" ના નામથી સામાન્ય જનસમાજમાં વિશેષ જાણીતી છે.

આ સૂરા અતિ પવિત્ર, અને આખા કુરઆનેમજીદ-માં સૌથી અગત્યની છે, આ સૂરા ત્રણ વખત પઢવાથી આખું કુરઆન પઢવા જેટલો સવાબ (પુણ્ય) મળે છે.

આ સૂરામાં જણાવેલા ધર્મના સિદ્ધાંતો પણ ઇસ્લામની દ્રષ્ટિએ તેટલા જ અગત્યના છે. પ્હેલી આયત (પંકિત)માં 'અલ્લાહ' પઢવાથી નાસ્તિકવાદનું ખંડન થાય છે. તે જ આયતમાં 'અહદ' (એક) પઢવાથી 'વહદાનિયત'–'એકીશ્વર-વાદ'–Monetheism નું પ્રતિપાદન થાય છે, અને અનેક દેવતાઓ Polytheismના મતનું ખંડન થાય છે. ઇસ્લામના શરૂ જમાનામાં યાહુદી અને ખ્રીસ્તી સિવાયના અરબો અનેક દેવ દેવીઓ માનનારા મૂર્તિપૂજક હતા. એટલે સુધી કે ખુદ મક્કાશરીફના કાબતુલ્લાહમાં દર રોજની એક એમ ગણતાં વરસની નિત્ય જુદી પૂજા કરવાની ત્રણસો સાઠ મૂર્તિઓ હતી! ઇસ્લામે આ બધી મૂર્તિઓનું ખંડન કર્યું છે. "ઇસ્લામી કોમી ગીત" ની ત્રીજી કડી જુએ'.

બીજી આયતમાં 'સમદ' પઢવાથી અનેક ભાવ પ્રકટે છે; અલ્લાહતા'લા સંસારી બંધનોથી મુકત છે; વળી, તે અનંત, અવિનાશી, નિરંજન, નિરાકાર છે. ' સમદ ' એ શબ્દ અતિ અર્થગર્ભિત છે. ગુજરાતીમાં ત્હેનો સમન્વય એક પણ શબ્દ મ્હારી જાણમાં નથી. એ શબ્દથી મૂર્તિવાદ નું ખંડન થાય છે,

ત્રીજી આયતમાં યાહુદી અને ખ્રીસ્તીઓની પ્રભુ-પિતા, God the Father, અને પ્રભુ—પુત્ર, God the Son, ની માન્યતાઓનું ખંડન છે. યાહુદીઓ હઝરત ઓઝાંયર (અલ) નામના પેગમ્બરને અને ખ્રીસ્તીઓ હઝરત ઈસા (અલ) પેગમ્બરને ઇશ્વરના પુત્ર માને છે. ઇસ્લામ ત્હેમને માત્ર 'પેગમ્બરો' જ, એટલે પ્રભુનો સંદેશો માણુસ જાતને પ્હોંચાડવાને પસંદ કરેલા પવિત્ર પુરૂષો તરીકે માને છે. ખુદાપાક કુરઆનેશરીફમાં ૧૮:૧૧૦માં હઝરત પેગમ્બર સાહેબ (સલ) ને ફરમાવે છે કે-**કુલ્ ઇન્નમા અના બશરૂમ્ મિસ્લોકુમ્ યૂહા ઇલય્ય**: (લોકોને) કહી દો કે હું પણ ત્હમારા જેવો માણુસ છું. માત્ર મ્હારી પાસે વહી (ખુદાનો સંદેશ) આવે છે. મનુષ્ય માત્ર પ્રભુના પુત્રવત્ છે; વિશેષ પુત્ર હોવાની જરૂર નથી. પુત્ર હોય તો પત્ની જોઇએ, અને એ પ્રમાણે કુટુંબજાળની પરંપરાની અવધિ રહે નહિ. એકેશ્વરવાદમાં આ સઘળું અસ્થાને છે.

આ એકેશ્વરવાદ-Monotheism માટે મહાન વિજ્ઞાન શાસ્ત્રી હીકલ (Haeckel) કહે છે કે Islam is the youngest and the purest form of Monothisem: ઇસ્લામ એકેશ્વરવાદ-વહદાનિયતનું સૌથી છેલ્લું (શબ્દાર્થ-જુવાન) અને સૌથી પવિત્ર સ્વરૂપ છે.

ચોથી આયત મજૂસ-અગ્નિપૂજકો (પારસીઓ) ની

'અહુરેમન' અને 'બહુરેમન' એ પ્રમાણે શુભ-અને અશુભના સંયોજક બે ખુદાની માન્યતા નષ્ટ કરે છે. 'એક મ્યાનમાં બે તલવાર હોય નહિં', એ સર્વ સામાન્ય નિયમાનુસાર અખિલ બ્રહ્માંડમાં પણ એક જ નિયંતા જોઇએ, 'બગડે બે': બે વ્યકિત વા શકિત પરસ્પર વિરોધ કર્યા વિના રહે નહિં. જગતની આદિથી અંત પર્યંત સતત દ્રષ્ટિગોચર થતી નિયમિતતા પરમ ઐશ્વર્યવાળા એક જ નિયંતાની અચુક સાક્ષી પૂરે છે.

'રોમન સામ્રાજ્યની અધોગતિ અને પતન'—The Decline and Downfall of the Roman Empire નો મહાન ઇતિહાસકાર ગીબન (Gibbon) ઇસ્લામના આ એકીશ્વરવાદ વિશે લખતાં, આ સૂરાનો અનુવાદ કરી, હેનું વિવરણ કરી, લખે છે કે—

The creed of Mohammed is free from suspicion or ambiguity; and the Koran is a glorious testimony to the Unity of God. The Prophet of Mecca rejected the worship of idols and men, of stars and planets, on the rational principle that whatever rises must set, that whatever is born must die, that whatever is corruptible must decay and perish. In the Author of the Universe, his Rational enthusiasm confessed and adored an Infinite

and Eternal Being, without form or place, without issue or similitude, present to our most secret thoughts, existing by the necessity of His own Nature, and deriving from Himself all moral and intellectual perfection. These Sublime Truths, thus announced in the language of the Prophet, are firmly held by his disciples, and defined with metaphysical precision by the interpreters of the Koran. A philosophic theist might subscribe the popular creed of the Mahomedans: a creed too sublime for our present faculties. What object remains for the fancy or even the understanding, when we have abstracted from the unknown substance all ideas of time and space, of motion and matter, of sensation and reflection? The first principle of Reason and Revelation was confirmed by the voice of Mohammed: his proselytes, from India to Morocco, are distinguished by the name of Unitarians; and the danger of idolatry has been prevented by the interdiction of images.

(Islamic Review, London, July 1916).

૧. સંસારથી,-સંસારી જીવનથી; કુટુંબની જંજાળથી.

૨ બેશ-બિરાદર સગાંવ્હાલાં, બેશ-સગાં, બિરાદર

-bro.her (brethren ના અર્થમાં) બંધુ; ગાઢ સ્નેહી. સરખાવો : 'અવ્વલ ખેશ, બાદ દરવેશ.'

૩. ખલક : ખલ્ક : દુનિયા. ૪. ફલક : આસ્માન.

૫. ખલ્કત : દુનિયામાં પેદા કરેલી ચીજો. Creation. મનુષ્ય ઉપરાંત બીજાં પ્રાણીઓને પણ સમાવેશ થાય છે.

૬. ખુદા : ખુદ+આ (આમદન=આવવું, પેદા થવું); સરખાવો—સ્વયંભૂ=સ્વયં=પોતે, ભૂ—ભવ્=થવું. Self Begotten.

આ કાવ્યનો પ્રથમ ભાગ મૂળ સૂરાનું ભાષાંતર છે. બીજો ભાગ મૂળ સૂરામાં નથી; પરંતુ અર્થનું વિશેષ સ્પષ્ટીકરણ કરવા મ્હારા તરફથી યોજેલો છે.

આ કાવ્ય પ્રથમ નીચે પ્રમાણે પ્રકટ થયેલું છે.

૧. વસંત, (માસિક). અમદાવાદ. પોષ ૧૯૭૦;

૨. વીસમીસદી. (માસિક), મુંબાઇ. સપ્ટેમ્બર. ૧૯૧૮;

૩ રા૦ હીરાલાલ પારેખનાં 'પ્રભુ ભક્તિનાં કાવ્યો,' કાવ્ય ૧૪૨

૪. વિદ્યાપીઠ તરફથી પ્રકટ થયેલ 'કાવ્ય સમુચ્ચય,' ભાગ ૨, કાવ્ય ૭.

૫. એડા ભજન મંડળ તરફથી પ્રગટ થયેલ "પ્રણવ સાર," તથા "પાગલ પત્રંદગી," બેઉમાં કાવ્ય નં૦ ૨૧૫.

આયતુ'લ કુરસી.

બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

અલ્લાહો લા ઇલાહા ઇલ્લા હોવ'લ્ હય્યુલ્ કય્યુમ, લા તા'ખોઝોહૂ સિનતુંવ્ વ લા નવ્મ. લહૂ મા ફીસ્સમાવાતે વ મા ફીલ્ અર્દ. મન્ ઝલ્લઝી યશફ્ફઓ ઇન્દહૂ ઇલ્લા બે ઇઝ્નેહ્. યા'લમો મા બયના અય્દીહિમ્ વ મા ખલ્ફહુમ્. લા યોહીતૂના બે શયઇમ્ મિન્ ઇલ્મેહી ઇલ્લા બે માશાઅ; વસેઆ કુરસીય્યોહુસ્સમાવાતે વ'લ્ અર્દ, વ લા યઊદોહૂ હિફ્ઝોહોમા. વ હોવ'લ અલીય્યુ'લ અઝીમ. (સૂરા ૨ અલ બકરા, આયત ૨૫૫) પારા ૩ તિલકર રસૂલો, રૂકુ'ર)

(એક) અલ્લાહ સિવાય (બીજો) અલ્લાહ નથી; તે અમર છે અને અવિનાશી (કાયમ રહેનાર) છે. ત્હેને નિંદ્રા વા તંદ્રા ઘેરતી નથી. આસ્માનમાં અને ઝમીનમાં જે કંઇ છે તે ત્હેનું છે. એની રજા સિવાય એની પાસે (કોઇની) સિફારશ કરી શકે, એવો કોણ છે ?! વર્તમાનકાળમાં

જે કંઇ બને છે, અને ભૂતકાળમાં જે કંઇ બની ગયું છે. તે સઘળું તે જાણે છે. અને એની ઇચ્છા સિવાય એના જ્ઞાનમાંથી કોઇ કંઈ જાણી શકતા નથી. એની શકિત વા સલ્તનત (કુરસી) આકાશ અને પૃથ્વીને છાઈ વળેલી છે; અને એનું રક્ષણ કરવામાં એને શ્રમ પડતો નથી. અને (અલ્લાહ) ઉચ્ચ અને મહાન છે. (કુરઆનેશરીફ ૨ : ૨૫૫)

(નોટ–નીચેના કાવ્યમાં માત્ર આ એક જ આયતનો તરજુમો કરેલો છે. પરંતુ આયત ૨૫૬ અને ૨૫૭ પણ આયતુ'લ કુરસીનો જ ભાગ હોવાથી, તે પણ નીચે આપી છે. ત્હેનું કાવ્યરૂપે ભાષાન્તર. ઇન્શાઅલ્લાહ! (હરિઇચ્છા!) બીજી આવૃત્તિમાં આપી શકીશ)

લા ઇકુગહા ફિદ્દીને, કત્તબય્યનર્ રૂશ્દો મિન'લ ગય્યે. ફ મંઇ. યગ્ફુર્ બિત્ ત્વાગૂતે વ યૂઅ્મિન બિલ્લાહે ફ કદિસ્તમસક બિ'લ ઉર્વતિ'લ્ વુસ્કા. લન્ ફિસામ લહા; વ'લ્લાહો સમીઉન અલીમ. (૨ : ૨૫૬)

દીન (ઇસ્લામ) માં જોરજુલમ નથી; સત્ય માર્ગ (ધર્મ) પાખંડી પંથથી નિરાળો કરી સ્હમજાવવામાં આવેલો છે; પછી જે માણસ મૂર્તિઓ વગેરે ન પૂજે અને (એક) અલ્લાહ ઉપર ઇમાન લાવે, તો ત્હેણે જાણે (બચવા માટે) એક મજબુત દોરડું હાથમાં પકડયું છે, જે કદિ તુટવાનું

નથી. અને અલ્લાહ સઘળું સાંભળે છે, અને જાણે છે. (૨:૨૫૬)

અલ્લાહો વલીય્યુ'લ્ લઝીના આમનૂ યુખ્રેજોહુમ મિન'લ્ ઝોલોમાતે ઇલન્નૂરે, વ'લ્લઝીના કફરૂ ઓલિયા-ઓહોમુત્ ત્વાગતો યુખ્રેજૂનહુમ મિનન્નૂરે ઇલઝ્ ઝોલોમાતે; ઓલાઓએકા અસ્હાબુન્નારે હુમ ફીહા ખાલેદૂન. (૨ : ૨૫૭)

જે લોક (એક અલ્લાહ ઉપર) ઇમાન લાવે છે ત્હેમનો દોસ્ત અલ્લાહ છે; તે ત્હેમને (અસત્ય ધર્મના) અંધારામાંથી (સત્ય ધર્મના) પ્રકાશમાં લઇ જાય છે. પરંતુ જે લોક નાસ્તિક છે, ત્હેમના સાથી શેતાન છે. જે ત્હેમને પ્રકાશ-માંથી અંધારામાં લઇ જાય છે; તેઓ દોઝખવાસી છે, (અને) ત્યાં તેઓ હમેશા રહેવાના છે. (૨ : ૨૫૭)

(હરિગીત)

છે એક અલ્લા', વિણુ બીજો અલ્લા' નથી કુલ ખલ્કમાં,
આદિ: નથી, ના અંત છે, ચિર અમર છે, નિત્યે રહે;
નિંદ્રા નથી, તંદ્રા નથી, જેને જરા નવ ઘેરતી,
રક્ષા કરે સૌની સદા, પેગમ્બરો ચુંટી તણી. ૧
"કુન-ફ-ય કુન" : થા થઇ ગઇ : કૃતિઓ સૌ વિસ્તારની,
આકાશમાં ને અવનિમાં, મિલ્કત બધી માલિકની;
એની રજા વિણુ કોઇની, શું કો સિફારશ કરી શકે ?!

છે જ્ઞાત એને વાત સૌ, ભુત, વર્તમાન, ભવિષ્ય હો. ૨
માલિકની મરઝી સિવા', ના અંશ પણ જાણી શકે,
હા, માનવી મ્હેનત કરે, પણ ઇલ્મ ગે'બી ગે'બ રહે.

કુરસી ખુદાની અર્શ પર,
કુરસી સમા ને અર્દ પર,–
કુરસી ખુદાના ઇલ્મની.
કુરસી ખુદાના અમલની;– ૩

કુરસી બધે [illegible] રહી, ના કોઇ જા બાકી રહી,
કુરસી [illegible]લામત અમલની, યા રબ્બિઅલ્ આલમીન્!
યા [illegible]ફ્રો ! કરતાં હિફાઝત ખલ્કની ના થાકતો;
આ'લા, અઝીમુશ્શાન્ ત્હારી, યા જલ્લે જલાલહૂ ! ૪

કુરઆનેશરીફમાં ખુદાપાકની સુન્દરમાં સુન્દર તા'રીફ આ આયતુ'લ કુરસીમાં કરવામાં આવેલી છે. મુસલમાનો માને છે કે એક ઉપર એક એમ સાત આસ્માન છે, અને તે ઉપર "અર્શ" નામનું ખુદાનું ખાસ તખ્ત છે, જેને "કુરસી' કહે છે. ત્હેના ઉપર અલ્લાહતા'લાની જે તા'રીફ લખેલી છે, તે આ "આયતુ'લ કુરસી" છે.

ખુદા પાક તો સર્વવ્યાપી Omnipresent છે, છતાં "અર્શ" ત્હેનું ખાસ સ્થાન મનાય છે. એ વિશે કુરઆને-શરીફમાં ૧૦ : ૩ માં ફરમાવ્યું છે કે-ઇન્ના રબ્બકોમુલ્લા-હુલ્લઝી ખલક[illegible] અર્દ ફી સિત્તતે

અરહામિન, સુમ્મસ્તવા અલ'લ્ અર્શે, યો દબ્બેરૂલ્ અમ્ર : રહમારા પરવરદિગારે આકાશ અને પૃથ્વી છ દિવસમાં પેદા કર્યાં અને પછી અર્શ ઉપર પોતાનું રહેઠાણ કર્યું; ખુદા જ દરેક કામનો બંદોબસ્ત કરે છે.

દરેક નમાઝ પૂરી થયા પછી, અથવા ખાસ કરીને ફર્ઝ નમાઝ પછી, આ આયતુ'લ કુરસી સાધારણ રીતે પઢવામાં આવે છે. હઝરત પેગમ્બર સાહેબની હદીસશરીફ છે કે આ આયત હમેશા નિયમિત પઢનારને જન્નત (સ્વર્ગ) મળશે. નમાઝી આ આયત પઢી પોતાના હૃદય ઉપર ફુંકે છે, જેથી હૃદય દુનિયવી ક્ષુદ્ર વાસનાઓથી શુદ્ધ થાય છે. એમ માન્યતા છે. ભૂત પલિત જેવાં મલીન પ્રેતોને દૂર કરવામાં આ આયતુ'લ કુરસીનો ઉપયોગ થાય છે. ચાર "કુલ" (કુલ યા અય્યોહલ્ કાફેરૂન, કુલહોવલ્લાહ, કુલ અઊઝો બે રબ્બિલ્ ફલક, અને કુલ અઊઝો બે રબ્બિન્ નાસ) અને આ આયતુ'લ કુરસી અનુક્રમે પઢી ચારે દિશા અને હૃદય પ્રતિ ફુંકવાથી અલ્લાહતા'લા એ પ્રમાણે પઢનારનું સર્વ રીતે સંરક્ષણ કરે છે

"આયતુ'લ કુરસી" સર્વમાન્ય અને સર્વદેશીય ઇશ્વરસ્તુતિ છે. એજ ઇસ્લામની સર્વવ્યાપકતા Catholicism અને સર્વ દેશીયપણુ-Cosmopolitanismની ચોકખી સાબિતી છે.

આયત્+ઉલ (ની) +કુરસી=(ખુદાની) કુરસી (તખ્ત) ની આયત (શ્લોક)–Throne–Verse.

કુલ ખલ્ક-અખિલ જગત, સરખાવો કુલ સત્તા.

ખલ્ક-દુનિયા; ખલ્કત-પેદા કરેલી વસ્તુઓ, Creation;

ખાલિક-પેદા કરનાર, Creator.

આદિ-શરૂઆત. ચિર-હમેશા.

તંદ્રા-થોડી ઉંઘ; સુસ્તી. Drowsiness.

જરા—ઘડપણ.

૪. પેગમ્બરો ચુંટી=પેગમ્બર-ઓ (અને)-ચુંટી (કીડી). એક તરફ ખુદાએ પોતાનો સંદેશ કુલ ખલ્કતને પ્હોચાડવા મનુષ્ય જાતિમાંથી પસંદ કરેલા ખાસ પેગમ્બર અને બીજી તરફ કીડી જેવું અતિ અતિ અલ્પ અને ક્ષુદ્ર પ્રાણી-તેમ છતાં ખુદા બેઉની એક સરખી ફિકર રાખે છે.

અહિં હઝરત સુલયમાન પેગમ્બર (અલ.) ના જીવનનો ઉલ્લેખ છે. હઝરત સુલયમાન પેગમ્બર (અલ.) આદમી ઉપરાંત જીન, પરી, દરિયાઈ પ્રાણીઓ તેમજ પક્ષિઓના પણ પેગમ્બર હતા. તેમનું તખ્ત હવામાં ઉડતું હતું. આવા મહાન પેગમ્બર એક સમયે ખૂબસુરત ઘોડા નિહાળવામાં સાંજની નમાઝનો વખત ચુકી જવાની અણી ઉપર હતા. તેથી ત્હેમને તે યાદ કરાવવા અલ્લાહતા'લાએ મુખ્ય ફિરસ્તા હઝરત જીબ્રીલ (અલ.) ને ત્હેમની પાસે મોકલ્યા હતા, તે જ સમયે એક અદના (પામર) કીડી અનાજનો કણ લઈ પોતાના દરમાં જતી હતી. તે અતિ-

શય થાકી ગયેલી હતી. અને તેના કમભાગ્યે તે વખતે મુશળધાર વરસાદ વરસવો શરૂ થયો હતો; અને તે તણાઇ જવાની ધાસ્તીમાં હતી તેથી પાક પરવરદિગારે હઝરત જીબ્રીલ (અલ.) ને, હઝરત સુલયમાન પેગમ્બર (અલ.) ને નમાઝની યાદ કરાવવા સાથે, આ ક્ષુદ્ર કીડીને પણ ત્હેના દરમાં, અનાજના કણ સાથે, સલામત પ્હોચાડવાનું કામ સોંપ્યું હતું. અને આ બેઉ કર્તવ્ય હઝરત જીબ્રીલ (અલ.) એ અક્ષરશઃ પાર પાડ્યાં હતાં.

"કુન–ફ–યકુન" : Be and it became : થા, અને થઇ ગઈ. (કુરઆનેશરીફ ૨ : ૧૧૭, ૩ : ૪૭; ૩ : ૫૯)

આ પંકિત મૂળમાં નથી; પરંતુ એના પછીની પંકિતનું સ્પષ્ટીકરણ કરવા મ્હારા તરફથી ઉમેરેલી છે.

[illegible]ર્નિ–પૃથ્વી

આ સાતમી પંકિત સાથે સરખાવો–કુરઆનેશરીફ ૧૦ : ૩, મા મિન્ શફીઇન્ ઇલ્લા મિમ્બા[illegible] (ખુદા) પાસે એની ખાસ [illegible] સિવાય કોઇ સિફારશ કરી શકશે નહિં.

સર્વ ધર્મમાં સામાન્ય માન્યતા છે કે માત્ર તે ધર્મ માનનારાઓ જ સ્વર્ગમાં જશે મુસલમાનો પણ આ પ્રમાણે માને છે. વિશેષતઃ ત્હેમની માન્યતા છે કે કયામતને દિવસે ત્હેમના પેગમ્બર સાહેબ અલ્લાહતાઆલા પાસે પોતાની ઉમ્મત

(અનુયાયીઓ) ની સિફારશ કરશે, જે ઉપરથી સૌ મુસલમાનોને જન્નત બક્ષવામાં આવશે. આ પંક્તિમાં આ માન્યતા સંબંધે ઉલ્લેખ છે. હઝરત પેગમ્બર સાહેબ સિફારશ કરશે, પણ અલ્લાહતા'લાની તે માટે પ્રથમ પરવાનગી મળ્યા પછી જ; કયામતનું વર્ણન કરતાં કુરઆને પાકમાં ફરમાવ્યું છે કે—
યવ્‌મા યકૂમુર્‌ રૂહો વ'લ્‌ મલાએકતો સફ્ફ'લ લા યતકલ્લમૂના ઇલ્લા મન્‌ અઝેના લહુર્‌ રહમાનો વ કાલા સવાબા ! (૭૮ : ૩૮); તે દિવસે મહાન ફિરશ્તા હઝરત જીબ્રીલ (અ૦) અને બીજા ફિરશ્તાઓ (અલ્લા તઆલા સન્મુખ) હારબંધ ઉભા રહેશે, અને કોઈ કંઇ કહી શકશે નહિં, સિવાય કે અર્‌ રહમાનિર્‌ રહીમ જેને તે માટે પરવાનગી આપે. અને (જેને બોલવાની રજા મળશે) તે સારું જ બોલશે.

મુસલમાનો માને છે કે જન્નત માત્ર તેમને માટે જ છે. જગત ભરમાં પ્રત્યેક ધર્મવાળાઓની આ પરત્વે આવી જ માન્યતા છે. કુરઆનેશરીફમાં ફરમાવેલું છે કે—
ઇન્ન'લ્લઝીના આમનૂ, વ'લ્લઝીના હાદૂ. વ'ન્નસારા; વ'સ્સાબેઇના. મન આમન બિલ્લાહે, વ'લ યવ્‌મિ'લ આખેરે; વ અમેલા સ્વાલેહન્‌, ફ લહુમ અજરોહુમ ઇન્દ રબ્બેહિમ, વ લા ખવ્‌ફુન્‌ અલયહિમ, વ લા હુમ યહ્‌ઝનૂન : (૨ : ૬૨), જે લોક (ઇસ્લામમાં) ઇમાન લાવ્યા છે, (જેઓ મુસલમાન છે), અને જેઓ યાહુદી છે, અને જેઓ ખ્રીસ્તી છે, અને જેઓ તારા અને ગ્રહોની પૂજા

કરનારા Sabeans છે, પરંતુ જો તેઓ એક અલ્લાહ ઉપર ઇમાન લાવે, (અલ્લાહ એક છે એમ માને), અને કયામતનો ઇન્સાફ થવાનો છે એમ માને, અને સુકૃત્યો કરે, તો ત્હેનો બદલો ત્હેમને ત્હેમના પરવરદિગાર તરફથી મળશે, અને (કયામતને દિવસે) ત્હેમને કોઇ પ્રકારની બ્હીક રહેશે નહિં, અને તેઓ દુઃખી થશે નહિં. એ જ આયત, શબ્દોના થોડા ફેરફાર સાથે, બીજી વખત આવેલી છે કે-

ઇન્નલ્લઝીના આમનૂ, વલ્લઝીના હાદૂ. વસ્સાએબૂના. વન્નસારા, મનૂ આમન બિલ્લાહે. વ'લ યવ્મિલ આખેરે, વ અમેલા સ્વાલેહન્, ફ લા ખવ્ફુન્ અલય હિમ્, વ લા હુમ્ યહ્ઝનૂન. (૫ : ૬૯)

મુસ્લિમો, યાહુદીઓ અને ખ્રીસ્તીઓ તો "એહલ્-એ-કિતાબ," અર્થાત્, જેઓને ખુદાપાક તરફથી 'કિતાબો,' ધર્મ પુસ્તકો મળેલાં છે, તેઓ છે. પરંતુ 'સાબેઇન' તો ગ્રહ-તારા પૂજનારા મુશરિકો (નાસ્તિકો) છે. એમ છતાં જો તેઓ એક અલ્લાહની એકતા પર ઇમાન લાવે, કયામતના દિવસે પાક પરવરદિગાર સૌનો ઇન્સાફ કરશે એમ માને, અને સુકૃત્યો કરે તો ત્હેમને હશર (કયામત) ના મેદાનમાં યોગ્ય બદલો મળશે અને તેઓ કોઇ રીતે દુઃખી થશે નહિં. ચુસ્ત મુસલમાનો અમેલા સ્વાલેહન્ : "સુકૃત્યો" નો અર્થ, ઇસ્લામના દ્રષ્ટિબિન્દુથી, અરકાને ઇસ્લામ (ઇસ્લામનાં મૂળ-તત્વો) અનુસાર વર્તન, એમ કરે છે. (અરકાને ઇસ્લામ માટે "ઇસ્લામના કલમા" અને બેઉ "બાગનો" પાન ૧

થી ૧૬ અને ૧૪૭ થી ૧૬૬ મુખ્યત્વે જુઓ) જો આ અર્થ (interpretation) સ્વીકારીએ તો અવ્વલ કલમે તૌહીદ, લા ઇલાહા ઇલ્લલ્લાહ, મોહમ્મદુર રસૂલુલ્લાહથી બહાર જઇ શકતા નથી. અને વિશાળ અર્થ કરીએ તો લહુમ્ અજરોહુમ્ ઇન્દ રબ્બેહિમ્ : પરવરદિગાર તરફથી ત્હેમને બદલો મળશે, ત્હેમાં અજર : બદલાનો અર્થ "જન્નત" નહિ, પણ "ખુદાની રહમત" (દયા) એમ થાય. બેઉ રીતે પરિણામમાં ફેર લાગતો નથી.

જન્નત માટે આટલી મારામારી શા સારૂ જોઇએ! **कर्मण्ये वाधिकारस्ते, मा फलेषु कदाचन ॥** ત્હમારૂં કામ ત્હમારી ફરજ અદા કરવાનું છે; ત્હેનું ફળ ત્હમને ના પણ મળે. **તવક્કલતો અલલ્લાહ** : અલ્લાહ પર ભરોંસો રાખો.

અદના (પામર) આદમ જાત ઇલ્મે ગેબ (દેવી જ્ઞાન) ન જાણી શકે, તેટલું જ નહિં પરંતુ મહાન ફિરસ્તા પણ ખુદાપાક બતાવે તે કરતાં વધારે જાણી શકતા નથી. તે વિશે કુરઆને શરીફમાં ૨:૩૨માં ફરમાવ્યું છે કે–**કાલો સુબ્હાનકા લા ઇલ્મલના ઇલ્લા મા અલ્લમ્તના; ઇન્નકા અન્તલ્ અલીમુ'લ્ હકીમઃ** ત્હેમણે (ફિરસ્તાઓએ) કહ્યું, હે પાક પરવરદિગાર! ત્હેં અમને જે કંઇ શીખવ્યું છે તે સિવાય અમ્હે બીજું કંઇ જાણતા નથી. ખરેખર! તુ સર્વજ્ઞ Omniscient અને સર્વ શકિતમાન Omnipotent છે.

વળી, પેગમ્બરો પણ કયામતના દિવસે પોતાની દુનિયાની કારકીર્દીનો હિસાબ આપતાં અલ્લાહતાલાને અરજ

કરશે—લા ઇલ્મલના; ઇન્નકા અન્ત અલ્લામુ’લ ગોયૂ’બ: અમ્હે જાણતા નથી; ખરેખર! ગે’બનો જાણનાર તું જ છે. (કુરઆનેશરીફ ૫ : ૧૦૯). હઝરત ઇસા, “રૂહ અલ્લાહ,” (અલ) જેવા મહાન પેગમ્બર પણ એવી જ રીતે અરજ કરશે કે-તઅ્લમો મા ફી નફ્સી વ લા અઅ્લમો મા ફી નફ્સેકા. ઇન્નકા અન્ત અલ્લામુ’લ ગોયૂબ: મ્હારા મનમાં જે છે તે તું (અલ્લાહ) જાણે છે; પણ ત્હારા મનમાં શું છે તે હું જાણતો નથી. ખરેખર ! તું ગે’બની વાતો જાણનાર છે. (કુરઆનેશરીફ ૫ : ૧૧૬).

સમા—આસ્માન અર્દ—પૃથ્વી, Earth, અલામત—નિશાની

યા રબ્બિલ્ આલમીન-હે સૌ દુનિયાઓના માલિક !

વધારે ટીકા માટે પાન ૪૫ અને ૪૬ જુઓ.

પંક્તિ ૧૧થી ૧૬નો અક્ષરશઃ અર્થ કરીએ તો ખુદાની કુરસી (ખુરસી) એટલી વિશાળ છે કે ત્હેની અંદર આસ્માન અને દુનિયા સમાઇ જાય છે. પરંતુ આ શબ્દોને રૂપક તરીકે લઇએ અને કુરસીને અધિકાર અને જ્ઞાનની સંજ્ઞા તરીકે ગણીએ તો ખુદાનો અધિકાર અને ઇલ્મ એટલો સર્વવ્યાપક છે કે આકાશ અને પૃથ્વી ત્હેમાં સમાઇ જાય છે. અર્થાત્ સર્વ પર પાક પરવરદિગારની સર્વવ્યાપી સત્તા પ્રવર્તે છે. આને જ લીધે, ખુદાનું એક નામ “રબ્બિલ આલમીન” ગણાયલું છે.

હાફિઝો—હાફિઝ=રક્ષણકર્તાનું સંબોધન વિભકિતનું રૂપ અલ્લાહનું એક નામ. હિફાઝત—રક્ષણ.

હાફિઝ—એક ફારસી કવિનું પણ નામ છે. ખરૂં જોતાં એ એનું તખલ્લુસ-Nom be plume હતું. પણ ફારસી કવિઓ નામને બદલે માત્ર તખલ્લુસ જ વાપરતા હોવાથી એ જ ત્હેનું નામ બની ગયું છે.

મુસલમાનો એક બીજાથી છુટા પડતી વખતે "ખુદા હાફિઝ" એટલે "ખુદા ત્હમારૂં રક્ષણ કરો," એમ કહે છે. સરખાવો–હિન્દુઓનું "જય જય", અપભ્રંશ "જે જે."

આ'લા—ઉચ્ચ.

અઝીમુશ્શાન: અઝીમ+ઉશ્+શાન: અઝીમ (મ્હોટી)+ઉશ (ની.) છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય,+શાન–કીર્તિ. મહાન કીર્તિ.

જલ્લે જલાલહૂ=જલ્લ+એ+જલાલ+હૂ=કીર્તિ+ની+ભવ્યતા+ત્હારી છે. Glory and Majesty are Thine. ખુદા પાકનું એક નામ છે.

આ કાવ્ય પ્રથમ પ્રકટ થયું છે–

૧. નવચેતન માસિક, કલકત્તા, ઓગસ્ટ ૧૯૨૩.

૨. ખેડા ભજન મંડળ તરફથી પ્રગટ થયેલ–પ્રણવસાર–અને પાગલ પસંદગી,–બેઉમાં કાવ્ય ૨૧૬.

ઈકરા'

બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ.

૧. ઇકરા,' બિસ્મે રબ્બેકલ્લઝી ખલક,	૧. (હે મોહમ્મદ (સલ.)!) ત્હમારા ખુદાનું નામ લઇને વાંચો. જેણે સઘળું પેદા કર્યું છે;
૨. ખલકલ્ ઇન્સાના મિન્ અલક;	૨. જેણે માણસને લોહીના (એક) ટીપામાંથી પેદા કર્યો છે;
૩. ઇકરા', વ રબ્બુકલ અકરમુ'લ—	૩. (હે મોહમ્મદ (સલ.)!) વાંચો, અને ત્હમારો પરવરદિગાર ઘણો જ ઉદાર છે,
૪. 'લઝી અલ્લમા બિ'લ્ કલમે,	૪. જેણે (માણસને) કલમથી લખતાં શીખવ્યું છે (જેણે કલમથી જ્ઞાન ફેલાવ્યું છે),

૫. અલ્લમલ ઇન્સાના માલમ યા'લમ.	૫. જેણે માણસને જે તે (માણુસ) જાણુતો ન્હોતો તે શીખવ્યું છે.

(તોટક)

ભણ તું અલ્લાહનું નામ લઇ.
ભણ તું અલ્લાહની સ્હાય થકી;
તુજ માલિક, ખાલિક ખલ્કતનો,
જરી બુંદ થકી ઇન્સાન ઘડયો. ૧

ભણ તું તુજ રબ્બનું નામ લઇ,
તુજ રબ્બ કરીમ, રહીમ અતિ;
બની-આદમને લખતાં શિખવ્યું,
નહિં મા'લમ તે સઘળું શિખવ્યું. ૨

કુરઆનેશરીફની ૯૬ મી સૂરાની આ પ્હેલી પાંચ પંકિત **ઇસ્લામની સૌથી પ્રથમ વહી** છે. હઝરત મોહમ્મદ પેગમ્બર (સલ.) આ પ્રથમ વહી મળતા અગાઉ, એકાંત બંદગી માટે વારંવાર મક્કાશરીફ પાસે આવેલી "હીરા" નામની ગુફામાં જતા હતા. એક વખત ત્યાં મહાન ફિરસ્તા હઝરત જીબ્રીલ (અલ.) પધાર્યાં. ત્હેમણે હઝરત (સલ.) ને કહ્યું 'વાંચો." હઝરત (સલ.) એ જવાબ આપ્યો, 'હું વાંચી શકતો નથી." હઝરત પેગમ્બર સાહેબ (સલ.)

બિલકુલ ભણેલા ન્હોતા તે ઉપરથી હઝરત જીબ્રીલ(અલ.)એ હઝરત પેગમ્બર સાહેબ (સલ.)ને પોતાની છાતી સાથે ખૂબ જોરથી દબાવ્યા: એટલા જોરથી કે હઝરત પેગમ્બર સાહેબ(સલ) થાકી ગયા; પછી છોડી દીધા, અને ફરીથી કહ્યું, "વાંચો". હઝરત પેગમ્બર સાહેબ (સલ.) એ ફરીથી જવાબ આપ્યો, "હું વાંચી શકતો નથી." તેથી હઝરત જીબ્રીલ (અલ.) એ ત્હેમને ઉપર પ્રમાણે ફરીથી દબાવ્યા. આ પ્રમાણે ત્રણ વખત બન્યું. છેવટે હઝરત જીબ્રીલ (અલ.) એ કહ્યું, "ત્હમારા પરવરદિગારનું નામ લઇને વાંચો". પછી હઝરત જીબ્રીલ (અલ.)એ આ પાંચ આયાતો હઝરત પેગમ્બર સાહેબ (સલ.) ને પઢાવી. ત્યાર પછી હઝરત જીબ્રીલ (અલ.) અદ્રશ્ય થઇ ગયા. આ બનાવ બન્યા પછી હઝરત પેગમ્બર સાહેબ (સલ.) ગભરાયલા ઘેર આવ્યા, અને એમનાં બીબી હઝરત ખદીજા(રદી.)ને કહ્યું, "મ્હને ઓરાઢી દયો." થોડી વારે, હઝરત (સલ).) ઉઠયા અને બ્હીક દૂર થઇ લાગી, પછી બીબી ખદીજા (રદી) હઝરત (સલ.)ને પોતાના પિત્રાઇ ભાઇને વરકા પાસે લઇ ગયાં. ત્હેમણે સઘળી હકીકત સાંભળી કહ્યું," અલ્લાહતા'લા તરફથી બીજા પેગમ્બરોને વહી મળતી ત્હેવી વહી ત્હમને મળેલી છે. વહી લાવનાર મહાન ફિરસ્તા હઝરત જીબ્રીલ (અલ.) છે."

ઇસ્લામની સૌથી પ્હેલી વહીમાં 'ભણવાનો" હુકમ છે;

અર્થાત્, વિદ્યા પ્રાપ્ત કરવાનો હુકમ સૌથી પ્રથમ મળેલો છે : છતાં આજકાલ કેટલા બધા મુસલમાનો વિદ્યાથી વિમુખ છે! હઝરત પેગમ્બર સાહેબની હદીસશરીફ પણ છે કે— **ઉત્લુબિ'ન્ ઇલ્મ, વ લવ કાના બિસ્સીન : વિદ્યા પ્રાપ્ત કરો, અને તે સારૂ જરૂર પડે તો ચીન પણ જાવ."** હઝરત (સલ.) ના જમાનામાં જ્યારે મુસાફરી કરવાનાં અત્યારનાં સાધનો, રેલ્વે, મોટર, એરોપ્લેન, વગેરે ન્હોતાં ત્યારે અરબસ્તાનથી ચીન દુનિયાના બીજા છેડા જેટલું દૂર હતું! તેમ છતાં આવું સાફ ફરમાન આપેલું છે. ઇસ્લામી ભાઇઓ ઇસ્લામની આ પ્રથમ વહી અને હઝરત મકબૂલની હદીસ શરીફનો અમલ કરતાં ક્યારે શીખશે? પાક પરવરદિગાર ત્હેમને આ બાબતમાં નેક હિદાયત આપે! આમીન!

"બિસ્મિલ્લાહ" ની વહી પણ આ વહી સાથે જ મળેલી હોવી જોઇએ, એમ ઉલમાઓનું અનુમાન છે. આ વહીના પ્રથમ શબ્દો બિસ્મે રબ્બેકા એ વિશે સૂચિત છે. વિશેષત: અલહમ્દોની સૂરા 'મકકી' છે : અર્થાત્ તે સૂરા મકકાશરીફમાં વહી થયેલી છે. એ સૂરાની પ્રથમ આયત બિસ્મિલ્લાહ છે. ઇસ્લામના શરૂ જમાનાથી જ નમાઝ પઢાતી હતી. નમાઝમાં અલહમ્દોની સૂરા ત્યારથી જ પઢાતી; ત્હેમાં બિસ્મિલ્લાહ પણ પઢાતી. તાત્પર્ય કે બિસ્મિલ્લાહની વહી, આ વહી સાથે જ. અથવા ત્યાર પછી ઘણા જ ટુંક સમયમાં, મળેલી હોવી જોઇએ.

ફ્કરાં—(તું) ભણ.

આલિક—ખલ્ક (દુનિયા) નો પેદા કરનાર.

ખલ્ક—પેદા કરેલી ચીજો; Creation.

રબ્બ—અલ્લાહનું એક નામ. આ નામના ભાવાર્થમાં અલ્લાહની એ શકિતનો ભાવ છે. જે વડે મનુષ્યો ક્રમ: આંતરશકિતનો વિકાસ કરી અંતિમ ધ્યેય પ્રતિ પ્રગતિ કરી શકે છે. વધુ ખુલાસા માટે જુઓ પાન ૪૬.

કરીમ—અલ્લાહનુ એક નામ છે. આ નામમાં અતિ ઔદાર્યનો ભાવ છે.

રહીમ—અલ્લાહનું એક નામ છે, આ નામમાં અતિ દયાનો ભાવ છે. જુઓ પાન ૪૩.

આ કાવ્ય પ્રથમ નીચે પ્રમાણે પ્રગટ થયું છે:—

૧. બાલમિત્ર, (માસિક) આણંદ,–ફેબ્રુ ૧૯૨૩.

૨. અલ–કમાલ (”) મુંબાઇ,–ડીસે. ૧૯૨૩.

અલેફ-લામ-મીમ.

બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ -

૧. અલેફ-લામ-મીમ;	૧. અલેફ-લામ-મીમ. (હું ખુદા છું; સર્વજ્ઞ છું.)
૨. ઝાલેક'લ કિતાબો, લા રયૂબ ફીહ, હોદલ્લિલ્ મુત્તકીન'લ	૨. આ (કુરઆનેશરીફ) તે કિતાબ છે, જેમાં (જે ઈલાહી કિતાબ હોવા વિશે) કંઈ શક નથી; તે ખુદાથી ડરીને ચાલનારાઓને (ખરો) રસ્તો દેખાડનાર છે;
૩. લઝીના યૂઅ્મેનૂના બિલ્'ગય્બે વ યોકીમૂન' સ્સાલાતા વ મિમ્મા રઝક્નાહુમ્ યુનફેકૂન;	૩. ત્હેવા માણસો ગે'બની બાબતો પર ઈમાન લાવે છે, અદબ સાથે નમાઝ પડે છે, અને મ્હેં (ખુદાએ) ત્હેમને જે રોઝી આપી છે, ત્હેમાંથી તેઓ ખર્ચ કરે છે (દાન આપે છે);

૪. વ'લ્લઝીના યૂઅ્‌મેનૂના બેમાં ઉન્ઝેલા ઇલયકા, વ મા ઉન્ઝેલા મિન્‌ કબ્‌લેક, વ બિ'લ આખેરતે હુમ્‌ યૂઅ્‌કેનૂન.	૪. અને જે કિતાબ (કુરઆને શરીફ) (હે મોહમ્મદ સલ.) ત્હમારા ઉપર ઉતારવામાં આવી છે તે ઉપર, અને કિતાબો (ધર્મ પુસ્તકો) તમારા પ્હેલાં (બીજા પેગમ્બરો, ઉપર) ઉતારવામાં આવેલાં હતાં તે સર્વે ઉપર ઇમાન લાવે છે, (માને છે) અને કયામત થવાની છે તે ઉપર આકીન રાખે છે (માને છે).
૫. ઓલાએકા અલા હોદમ્‌મિર્‌ રબ્બેહિમ્‌ વ ઓલાએકા હોમુ'લ મુફ્લેહૂન.	૫. એ માણુસો ઉપર ત્હેમના ખુદા તરફથી હિદાયત (સત્ય માર્ગે જવાની સ્હમજણ) ઉતરેલી છે, અને એ જ માણુસો મુકિત મેળવનાર છે.
૬. ઇન્ન'લ્લઝીના કફરૂ સવાઉન્‌ અલયૂહિમ્‌ 'અ અનઝરતહુમ્‌ અમલમ્‌ તુનૂઝેરહુમ્‌ લા યૂઅ્‌મેનૂન	૬. પરંતુ જે માણુસો કાફર (નાસ્તિક) છે, ત્હેમને (હે મોહમ્મદ) (સલ.) ત્હમે નસીહત (ધાર્મિક બોધ) કરો યા ના કરો, સઘળું

સરખું જ છે; તેઓ (ખુદા ઉપર) ઇમાન લાવનાર નથી (ખુદા એક છે એમ માનનાર નથી).

૭. ખતમ'લ્લાહો અલા કોલૂબેહિમ્ વ અલા સમ્એહિમ્ વ અલા અબ્સારેહિમ્ ગેશાવતુન્, વ લહુમ્ અઝાબુન્ અઝીમ.

૭. અલ્લાહુતા'લાએ ત્હેમના હૃદય ઉપર, અને ત્હેમના કાન ઉપર મોહોર મારી ગ્રીલ કરી છે (બંધ કર્યાં છે) અને ત્હેમની આંખો ઉપર પરદો કર્યો છે (જેથી તેઓ જોઈ શકતા નથી), અને ત્હેમને માટે (કયામતને દિવસે) સખત સઝા છે (એમને સખત સઝા થવાની છે).

(હરિગીત)

હું છું પ્રભુ, સર્વજ્ઞ છું;

મ્હેં મોકલ્યું કુરઆન તમ પર, શક નથી ત્હેમાં જરી;
કરશે હિદાયત ત્હેમને, જે રાખશે મ્હારી ભીતિ;
ને માનશે યકીનથી, રહે ગે'બમાં જે જે કંઇ—
(અલ્લા', ફિરસ્તા, જીન—પરી, જન્નત અને દોઝખ વળી). ૧

તે ચાલશે સીધે પંથે. જે બંદગી મ્હારી કરે,
ને ખર્ચશે જે મ્હેં દીધું, તે મ્હેં કહેલા માર્ગમાં;
વળી, રાખશે શ્રદ્ધા અટળ, જે ગ્રંથ આવ્યો તમ પરે,
ને અન્ય ગ્રંથો. અન્ય કાળે, પ્રથમ આવ્યા-સૌ પરે. ૨

ને માનશે કે આવશે કયામત ખુદાના અદલની—
પામી હિદાયત રબ્બની, તે સૌ જશે જન્નત મહીં.
પણ નહિ જશે નાસ્તિક ત્હીં, ઈમાન ના તે લાવશે,
ત્હેને હિદાયત દયો અગર ના દયો, બધું સરખું થશે ૩

ત્હેનાં હૃદય ને કાનને કરી બંધ, સિક્કો રબ્બનો—
માર્યો તહીં, ઉઘડે નહીં, ને આંખ પર પરદો કર્યો;
(દેખે નહિ નાસ્તિક કંઈ, ને ના કંઇ તે સાંભળે,
ને હૃદય તે યે શૂન્ય જેવું), દુઃખ પામે અતિ અતિ. ૪

આ પંક્તિઓ કુરઆનેશરીફના પ્હેલા પારા (ભાગ) ની પ્હેલી સૂરા (પ્રકરણ) "અલ બકરા" ના પ્હેલા રૂકુ' (વિભાગ) નો તરજુમો છે.

કુરઆનેશરીફના ત્રીસ સરખા ભાગ કરેલા છે, ત્હેમને 'પારા' કહે છે; દરરોજ અકકેક 'પારો' સગવડતાથી પઢી શકાય ત્હેવો આ વ્હેંચણીનો આશય છે.

કુરઆનેશરીફમાં એકંદર ૧૧૪ સૂરા (પ્રકરણ) છે. સૌથી લાંબી સૂરાઓ શરૂઆતમાં, લંબાઇના પ્રમાણના

અનુક્રમે ગોઠવેલી છે. આગળ જઇએ તેમ તેમ ન્હાની ન્હાની સૂરાઓ આવે છે. છતાં આ ગોઠવણુમાં યે વિષયનું અનુસંધાન ઘણી ખૂબીથી સાચવેલુ છે. આ બધી વ્હેંચણી અને અનુક્રમ હઝરત પેગમ્બર સાહેબ (સલ.)ની હયાતીમાં જ થયેલાં હતા.

કાવ્યમાં કૌંસમાં મૂકેલી પંકિતઓ ભાવાર્થનું વિશેષ સ્પષ્ટીકરણ કરવા મ્હારા તરફથી ઉમેરેલી છે.

"અલેફ-લામ-મીમ": એ અરબી (તેમજ ફારસી અને ઉર્દુ) બારાખડીના ત્રણ મૂળાક્ષરો છે. કુરઆનેશરીફના ૧૧૪ સૂરામાંથી ૨૯ સૂરા આવા ત્રિવિધ મૂળાક્ષરોથી શરૂ થાય છે. અને તે બધી સૂરાઓ એ મૂળાક્ષરોના નામથી વિશેષ પરિચિત છે. આ કાવ્યના વિષયની સૂરાનું વિશેષનામ "અલ બકરા" છે છતાં આ સૂરા "અલેફ-લામ-મીમ" ના નામથી popular વધારે જાણીતી છે.

સૂરાઓના પ્રથમાંકમાં આવેલા આ મૂળાક્ષરોના અર્થ માટે મુસ્લિમ ઉલમાઓ–વિદ્વાનોમાં અનેક મત છે. કેટલાક કહે છે કે આ મૂળાક્ષરોના ગુહ્યાર્થ માત્ર અલ્લાહ અને ત્હેના રસૂલ (સલ.) સિવાય બીજા કોઇ જાણુતા નથી. બીજા કહે છે કે આ અક્ષરો ખુદાનાં નામ છે. ખુદાનાં નામનાં વિશેષણો છે, કુરઆનનાં નામ છે, હઝરત પેગમ્બર સાહેબ (સલ.), મહાન ફિરસ્તા હઝરત જીબ્રીલ (અલ.) વગેરેનાં

નામની સંજ્ઞાઓ છે; વગેરે વગેરે.

આ ત્રણ અક્ષરો માટે પણ ભિન્ન ભિન્ન મત છે કહે છે કે 'અલેફ' 'અહદ' માટે છે. જેનો અર્થ 'એક' થાય છે, અર્થાત 'અલ્લાહ એક છે'; અથવા 'અલેફ' 'અઝલી' માટે છે, જેનો અર્થ 'અવિનાશી' છેઃ અર્થાત 'અલ્લાહ અવિનાશી છે', તેજ પ્રમાણે 'લામ' 'લતીફ' માટે છે, જેનો અર્થ 'માયાળુ' થાય છે; એટલે 'અલ્લાહ માયાળુ છે'. તેજ રીતે 'મીમ' 'માલિક' માટે છે, એટલે 'અલ્લાહ સૌનો માલિક છે'; અથવા 'મીમ' 'મજીદ' માટે છે, જેનો અર્થ 'મહાન' થાય છે; એટલે 'અલ્લાહ મહાન (મ્હોટો) છે.

વળી, કેટલાકના મત પ્રમાણે, આ ત્રણ અક્ષરોમાં 'અલેફ' અલ્લાહ માટે, 'લામ' હઝરત જીબ્રીલ (અલ.) માટે, અને 'મીમ' હઝરત મોહમ્મદ (સલ.) માટે છે, અર્થાત "અલ્લાહ જીબ્રીલ મોહમ્મદ" જેનો અર્થ "અલ્લાહે જીબ્રીલ મારફતે મોહમ્મદ પર આ કિતાબ-કુરઆનેશરીફ મોકલ્યું" એમ થાય છે. પરંતુ આ વાક્યરચનામાં વ્યાકરણ દોષ આવે છે.

સૌથી વિશેષ ગ્રાહ્ય વાક્યરચના આ પ્રમાણે છેઃ 'અલેફ' 'અના' માટે, જેનો અર્થ 'હું' થાય છે; 'લામ' 'અલ્લાહ' માટે, અને 'મીમ' 'અઅલમો' માટે, જેનો અર્થ 'હું સઘળું જાણું છું-હું સર્વજ્ઞ છું' એવો થાય છે. ત્રણે શબ્દો

વાક્યમાં મુકીએ તો 'અના અલ્લાહો અઅ્‌લમો'. 'હું અલ્લાહ છું, સર્વજ્ઞ છું", એમ અર્થ થાય છે.

"પ્રભુ" ની "પ્રભુતા" માં અલ્લાહની શકિતનો ભાવ બહુધા વ્યંજિત થાય છે.

હિદાયત–સત્ય માર્ગે દોરવું તે.

પંકિત ૭–૮ સાથે સરખાવો, "આમન્તો"ના કાવ્યમાં "કૌતોબેહી" પરની નોટ, પાન ૨૪.

રબ્બ-જુઓ "અલહુમ્દો" ના કાવ્યમાં એ નામ વિશે નોટ, પાન ૪૬,

પંકિત ૧૧–૧૨ સાથે સરખાવો "આમન્તો" ની ૯મી કડી તથા તે ઉપરની નોટ, પાન ૨૬થી ૨૮.

આ કાવ્ય પ્રથમ પ્રગટ થયું છે—

૧. અલ મેહબુબ, (માસિક), અમદાવાદ, એપ્રીલ ૧૯૨૫.

૨. સાદિક, (માસિક) રાંદેર–એપ્રીલ ૧૯૨૭.

અલ કાફેરૂન

બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ.

૧. કુલ્ યા અય્યોહલ્ કાફેરૂન.	૧. (હે મોહમ્મદ (સલ.)) કહો, હે કાફર (નાસ્તિક) લોકો !
૨. લા અઅ્બોદો મા તા'બોદૂના.	૨. જે (દેવો) ની ત્હમે પૂજા કરો છો ત્હેમની હું પૂજા કરતો નથી,
૩. વ લા અન્તુમ્ આબેદૂના મા અઅ્બુદ;	૩. અને જે (અલ્લાહ) ની હું બંદગી કરૂં છું ત્હેની ત્હમે બંદગી કરતા નથી;
૪. વ લા અના આબેદુમ્ મા અબ-તુમ્,	૪. અને (હું (ફરીથી કહું છું કે) જેની ત્હમે પૂજા કરો છો ત્હેની પૂજા હું કરવાનો નથી.
૫. વ લા અન્તુમ્ આબેદૂના મા અઅબુદ.	૫. અને જેની હું બંદગી કરૂં છું ત્હેની ત્હમે બંદગી કરવાના નથી.

૬. લકુમ્ દીનોકુમ્ વ લેયા દીન.

૬. ત્હમે ત્હમારા ધર્મ પર (છો) હું મ્હારા ધર્મ પર (છું).

(છંદ શિખરિણી)

ઇલાહી સંદેશો—
સુણો નાસ્તિક લોકો !

ત્હમે જેને પૂજો, નહિ નહિ કદી હું પૂજી શકું;
અને હું જે પૂજું, તમ થકી નથી પૂજન થતું;

વળી નિશ્ચે, નિત્યે,—
ભવિષ્યે, ભાવિએ,-

પૂજાએ ના હું થી, કુદરત થકી ચીજ પ્રકટી,—
પૂજાએ ના હુંથી, અગર મૂર્તિ જે મનુ-ઘડી;

અને ના પૂજો છો,—
—પૂજી નવ શકો,—
—ના જ પૂજશો,—

(પૂજુ છું હું જેને, કુદરત તણો કાદિર હવો,
અને જે છે સૌએ ખલકત તણો ખાલિક બન્યો;)

ત્હમે દેવો-દેવી પૂજન કરતા તે કરી રહો,
અને હું તે સૌના પ્રકટકર્તાને પૂજીશ હો !

હઝરત પેગમ્બર સાહેબ (સલ.) એ ઇસ્લામનો બોધ કરવો શરૂ કર્યો તે અરસામાં મક્કાશરીફના કોરેશ લોકો, જેઓ તે સમયે નાસ્તિક અને મૂર્તિપૂજક હતા, ત્હેમણે એક વખત હઝરત (સલ.) પાસે આવીને કહ્યું કે જો ત્હમે એક વર્ષ અમ્હારા દેવોની પૂજા કરો તો પછી એક વર્ષ અમ્હે ત્હમારા અલ્લાહની બંદગી કરીશું.

કોરેશ લોકોની આ દરખાસ્તનો જવાબ આપવા સારૂ આ સૂરાની વહી હઝરત (સલ.) ઉપર ઉતરી હતી.

જે ગે'ર–મુસ્લિમો મુસલમાનો ઉપર આક્ષેપ કરે છે કે ઇસ્લામનો ફેલાવો 'એક હાથમાં કુરઆન અને બીજા હાથમાં તલવાર' થી થયેલો છે, ત્હેમણે આ સૂરામાં રહેલો વિશાળ ધર્મમતાંતર ક્ષમાવાદ—religions toleration; વિશેષે કરીને છેલ્લી પંક્તિ " **લકુમ્ દીનોકુમ્ વલેયા દીનૂ** " –ત્હમે ત્હમારો ધર્મ (સંભાળો), હું મ્હારો ધર્મ (સંભાળું), એ ખાસ લક્ષમાં લેવા જેવી છે.

આજ પંક્તિ સાથે સરખાવો, "લા ઇકરાહા ફિદ્દીન" "ધર્મ (ઇસ્લામ) માં જોરજુલમ નથી" (સૂરા અલ બકરા આયત ૨૫૬).

કાફ્રર–મૂળ અર્થ, 'એક અલ્લાહમાં નહિ માનનાર,' નાસ્તિક. આ શબ્દના અર્થમાં જે તિરસ્કાર ભર્યો ભાવ દાખલ થઇ ગયો છે તેવો લેશ માત્ર ભાવ મૂળ અર્થમાં

નથી, પરંતુ જેમ બીજા એવા શબ્દોના અર્થ પરત્વે બન્યું છે તેવું જ કંઇક આ શબ્દના અર્થના ઇતિહાસમાં યે બન્યું લાગે છે : સરખાવો-Heathen, Barbarian, Tyrant, વગેરે. તેવી જ રીતે, ગુજરાતી શબ્દો–યવન, (યૂનાન–ગ્રીસથી આવેલા), મ્લેચ્છ, બકકાલ (શાકભાજી વેચનાર, કાછીઓ.)

Polytheism વિરૂદ્ધ Monotheism નો બોધ આ સૂરામાં છે. તેમ છતાં યે કેટલો બધો tolerant spirit દરેક પંક્તિમાં ઉભરાય છે !

કાદિર--ખુદાનું એક નામ છે. શબ્દાર્થ–કુદરત ઉપર અધિકાર ધરાવનાર.

ખાલિક–ખલ્ક–દુનિયાને પેદા કરનાર–ખુદા.

આ કાવ્ય પ્રથમ પ્રગટ થયું છે—

અલ–કમાલ (માસિક) મુંબાઇ, જાન્યુ.–ફેબ્રુ. ૧૯૨૪.

ઇઝા જાઆ

બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ.

૧ ઇઝા જાઆ નસરૂલ્લાહે વલ્ ફત્હો.	૧. જ્યારે અલ્લાહની મદદ આવી અને ફતેહ થઇ,
૨. વ રઅય્તન્નાસા યદ્ખોલૂના ફી દીનિલ્લાહે અફ્વાજા,	૨ અને ત્હમે (હે મોહમ્મદ (સલ.)) જોયું કે ખુદાના દીન (ઇસ્લામ)માં લોકોનાં ટોળે ટોળાં દાખલ થાય છે,
૩. ફસબ્બેહ્ બેહમ્દે રબ્બેકા વસ્તગ્ફિરહૂ.	૩. ત્યારે ત્હમે (હે મોહમ્મદ સલ.)) ત્હમારા ખુદાની તા'રીફ સાથે તસ્બી પઢો (પ.દગી કરો). અને એની પાસે (ત્હમારા ગુન્હાઓની) માફી માગો.
૪. ઇન્નહૂ કાના તવ્વાબા.	૪. ખરેખર, એજ તૌબા(પશ્ચા-તાપ) કબુલ કરનાર છે.

(હરિગીત)

આવી મદદ અલ્લાહની, તુજ જીત થઇ સૌ કામમાં,
લોકો તણાં ટોળાં મળી, દાખલ થયાં ઇસ્લામમાં;
માટે હવે તું યાદ કર, કુલ ખલ્કના માલિકને,
બક્ષે ગુન્હાના બોજ એ, તૌબા કબુલે એ જ એ.

આ સૂરાનું કુરઆનેશરીફમાં આપેલું નામ ' અલ નસ્ર ' છે. પરંતુ સૂરાના શરૂ થતા શબ્દો "ઇઝા જાઆ" થી આ સૂરા વધારે જાણીતી છે આ સૂરા ૧૧૦મી સૂરા છે.

પ્રથમ પંકિતમાં 'અલ્લાહની મદદ'નો અને ત્હેને લીધે 'જીત' થવાનો ઉલ્લેખ છે; તે મક્કાશરીફ ઉપર હઝરત (સલ.) એ મેળવેલી ફતેહ બાબત છે. આ ફતેહ હિજરી સનના નવમાં વર્ષમાં એટલે ઇ. સ. ૬૩૧માં મળી હતી.

બીજી પંકિતમાં ' લોકોનાં ટોળે ટોળાં ઇસ્લામમાં દાખલ થયાં' એ ઉલ્લેખ છે, તે ઉપર પ્રમાણે મક્કાશરીફ સર થયા પછી કોરેશ લોકોનાં ટોળેટોળાં અને અરબસ્તાનની બીજી અરબ જાતોએ હઝરત (સલ.) પાસે હાજર થઇ ઇસ્લામ નો સ્વીકાર કર્યો હતો તે સંબંધે છે. આ તે જ કોરેશ લોકો હતા, જેમણે માત્ર નવ વર્ષ અગાઉ હઝરતને ત્રાસ આપી મક્કાશરીફમાંથી કહાડી મુકયા હતા, અને મદીનાશરીફ ઉપર મક્કાની ચડાઇઓ લઇ ગયા હતા.

આ બીજી પંકિતમાં વિશેષ એ પણ ઉલ્લેખ છે કે જ્યારે બીજા પેગમ્બરોના દીનમાં અગાઉ પ્રથક પ્રથક માણસો દાખલ થતાં ત્યારે હઝરતના ઇસ્લામમાં 'ટોળે ટોળાં' દાખલ થવા લાગ્યાં હતાં.

ત્રીજી પંકિતમાં હઝરત (સલ.) ને ત્હેમની વફાત (અવસાન) ની આગાહી આપવામાં આવી હતી. આ આયત હઝરતે પઢી ત્યારે તે સાંભળી ત્હેમના કાકા હઝરત અબ્બાસ (રદી) રોઇ કહેવા લાગ્યા કે "આ સૂરા ત્હમને ત્હમારી વફાત માટે તૈયાર થવાને ફરમાવે છે" હઝરત (સલ.) એ કહ્યું "હા, તેમ જ છે," અને, ખરેખર, બન્યું પણ તેમ જ. ત્યાર પછી બીજે વર્ષે હઝરત (સલ.) વફાત પામ્યા. "ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઊન"! ખરેખર, અલ્લાહ તરફથી આવ્યા છીએ, અને ખરેખર, ત્હેના તરફ પાછા જવાનું છે.

ચોથી પંકિતમાં ઇસ્લામનો એ સિદ્ધાંત સ્હમજાવ્યો છે કે મનુષ્ય માત્ર પોતાની બંદગીના બળથી જન્નત મેળવી શકશે નહિ. ખુદાની રહમતની ત્હેને અતિ આવશ્યકતા છે. ખુદ હઝરત પણ આ સિદ્ધંત પોતાની જાત સારૂ પે સર્વ-માન્ય ગણતા હતા.

આ કાવ્ય પ્રથમ પ્રગટ થયું છે.—

અલ–કમાલ (માસિક) મુંબાઇ, ડિસે. ૧૯૨૩.

અન્—નાસ.

બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ.

૧. કુલ્ અઊઝો બે રબ્બિન્ નાસે,	૧. કહો, હું રક્ષણ માગું છું.—માણસોના પરવરદિગારનું.
૨. મલેકિન્ નાસે,	૨. માણસોના સાચા બાદશાહનું,
૩. ઇલાહિન્ નાસે,	૩. માણસોના ઇબાદત (સ્તુતિ) કરવા લાયક એક અલ્લાહનું
૪. મિન્ શર્રિલ્ વસ્વાસિલ્ ખન્નાસિલ્-	૪. શેતાનની બુરાઇથી (રક્ષણ માગું છું) જે ખુદાનું નામ દેતાં નાસી જાય છે,
૫. લ્લઝી યો વસ્વેસો ફી સોદૂરિન્ નાસે.	૫. જે (સારા) માણસોનાં હૃદયમાં (ખુદા માટે) શંકા ઉત્પન્ન કરે છે,

૬. ઝિન'લ્ જિન્નતે વન નાસ.

૬. તે (શંકા ઉત્પન્ન કરનાર) જિન હોય યા (દુષ્ટ) માણુસ હોય.

બચાવી લે

(ગઝલ)

કહી દેને, બચાવી લે!
ખુદા મ્હારા! બચાવી લે!

શિશુવયમાં કરે પોષણ, યતીમોનું કરે રક્ષણ;
જુવાનો પર અમલ ચલવી, શિખાવે ઈંદ્રીઓ જીતવી; ૧

બુઢાપો આવતો જ્યારે, ઇલાહી–યાદથી ત્યારે,—
ઉજાસો અંતરે થાતા, ખુદાની રાહ દાખવતા. ૨

ખુદા એવા–શિશુઓના, જુવાનોના, બુઢાઓના,—
ખુદા એવા થકી યાચું, ખુદા, મુજને બચાવે તું! ૩

બચાવે તું, ખુદા કાદિર! મને શયતાન મરદુદથી;
મચાવે કંઇ તુફાનો તે, ફસાવે પાક આદમને; ૪

તુ–હસ્તીની કરે શંકા, બજાવે આપના ડંકા;
બની–આદમ ફસી જાતા, ત્હને મા'બુદ! ભુલી જાતા. ૫

વળી, ગુમરાહ ખ્હેલાંના, કરૂં અફસોસ તેઓના!
ન પત્તો ત્હેમનો રહેતો, ન અહિંઆંનો, ન આખરનો. ૬

ફસાવી આદમીઓને, અટકતો ના તહીં પોતે,

હવાઈ મખલુકો પેરે, ફસાવે જિન વગેરેને. ૭
ખુદા તુજ શાન ફેલાવી, દફે શયતાનથી રાખી,
બચાવી લે! બચાવી લે! ખુદા! સૌને બચાવી લે! ૮
આમીન!

મૂળ સૂરાનું કાવ્ય રૂપે વિસ્તૃત વિવરણ કરેલું છે, ભાષાંતર નથી.

આ અન્નાસની સૂરા કુરઆનેશરીફની સૌથી છેલ્લી ૧૧૪ મી સૂરા છે. કુરઆનેશરીફ 'બિસ્મિલ્લાહ' શબ્દથી શરૂ થઈ, 'નાસ' શબ્દથી ખતમ થાય છે. પ્રથમ અક્ષર 'બે'(બ) છે, અને અંતિમ અક્ષર 'સીન'–(સ) છે. આ આદિ અને અંત અક્ષરોને એકત્ર કરીએ તો 'બસ' શબ્દ બને છે, અર્થાત્ કુરઆનેશરીફમાં જે જ્ઞાનનો બોધ માણસને કરવામાં આવેલો છે, તે ત્હેને માટે આ દુનિયા તેમ જ પર દુનિયા માટે 'બસ' છે.

આ 'અન–નાસ'ની સૂરા અને એના પ્હેલાંની 'અલ્–ફલક' ની સૂરા એક સાથે હજરત (સલ.) ઉપર ઉતારવામાં આવી હતી. આ બેઉ સૂરાઓ કોઈ પણ મુસીબત દૂર કરવા, ખાસ કરીને મેલી વિદ્યાની જાદુ વગેરેની અસર દૂર કરવામાં વપરાય છે. તાવીજ (amulet) માં મ્હોટે ભાગે આ બે સૂરાઓનો ઉપયોગ થાય છે.

એક વખતે લેબેદ નામના યાહુદીએ પોતાની પુત્રીની મદદથી એક દોરીને ૧૧ ગાંઠો વાળી હઝરત પેગમ્બર સાહેબ (સલ.) ઉપર જાદુ કર્યું હતું. અને દોરીને ઝરકાન નામના કુવામાં સંતાડી હતી. આથી હઝરત (સલ.) બિમાર થયા હતા. તે ઉપરથી ખુદાતા'લાએ 'અલ્-ફલક' અને 'અન્-નાસ' ની બે સૂરાઓ હઝરત જીબ્રીલ (અલ.) મારફતે હઝરત પેગમ્બર સાહેબ (સલ) ઉપર ઉતારી હતી. અને યહુદીની જાદુવાળી દોરી કયાં હતી અને આ બે સૂરાઓ-નો તે ઉપર કેમ ઉપયોગ કરવો તે સ્હમજાવ્યું હતું. હઝરત પેગમ્બર સાહેબ (સલ.) એ પછી તે દોરી હઝરત અલી (કરમ.) પાસે મંગાવી અને તે ઉપર આ બે સૂરાઓ પઢયા. 'અલ્-ફલક' ની સૂરામાં ૫ અને 'અન્-નાસ' ની સૂરામાં ૬ આયાતો છે. અકકેક આયત પઢતા ગયા તેમ અકકેક ગાંઠ ઉકલતી ગઈ. બેઉ સૂરાઓની ૧૧ આયાતો પૂરી પઢાઇ રહી કે દોરીની ૧૧ ગાંઠો ઉકલી ગઈ. અને હઝરત (સલ.)ની બિમારી દૂર થઇ ગઈ.

આ "અન્-નાસ"ની સૂરાની છ આયાતોમાંથી પાંચ આયાતોમાં 'નાસ' શબ્દ વારંવાર વપરાયલો છે. 'નાસ' શબ્દનો મૂળ અર્થ 'લોક' થાય છે. પરંતુ આ દરેક આયત માં 'નાસ' શબ્દનો અર્થ થોડા ફેરફાર સાથે સ્હમજવાનો છે. પહેલી ત્રણ આયાતમાં માણસની ત્રણ અવસ્થા બાળપણ, જુવાની અને ઘડપણને ઉદ્દેશી માણસોના ત્રણ પ્રકાર

દર્શાવ્યા છે. પાંચમી આયતમાં 'નાસ' શબ્દનો અર્થ 'ધર્મિષ્ટ' માણુસો થાય છે, ત્યારે છઠ્ઠી આયતમાં તેથી ઉલટો, 'દુષ્ટ' માણુસો, એમ અર્થ થય છે.

યતીમ—અનાથ, Orphan.

કાદિર—કુરદતવાળો. સર્વશકિતમાન, Omnipotent.

મરદુદ-રદ કરેલો, discarded, જન્નતમાંથી કહાડી મુકેલો. પરવરદિગારની રહમતમાંથી દૂર કરેલો.

શયતાન મૂળ જીન હતો, ત્હેનું નામ 'અઝાઝીલ' હતું. અને ત્હેનું સ્થાન પૃથ્વી પર હતું. પરંતુ ખુદાની ઘણી બંદગી કરવાથી ત્હેનો દરજ્જો વધારી, ત્હેને ફિરસ્તાઓમાં સ્થાન આપી, આસ્માન ઉપર રહેવાનો હક બક્ષ્યો હતો પછી ખુદાપાકે હઝરત આદમ (અલ.)ને પેદા કરી ત્હેમના નિવાસ સારૂ 'જન્નત' નો બાગ બનાવ્યો હતો. પરવરદિગારે હઝરત આદમ (અલ.)ની કસોટી સારૂ ફરમાવ્યું હતું કે ત્હેમણે અમુક ઝાડ પાસે જવું નહિ, અને ત્હેનાં ફળ ખાવાં નહિં. પરંતુ શયતાને બીબી હવ્વા (રદી)ને છેતરી, હઝરત આદમ (અલ.) ને તે ઝાડનાં ફળ ખવરાવ્યાં, જે કારણે હઝરત આદમ (અલ.) અને બીબી હવ્વા (રદી) ને ખુદાપાકે ઇલાહી ફરમાન તોડવાના ગુન્હાને લીધે, જન્નતમાંથી કહાડી મૂકી પૃથ્વી ઉપર ફેંકી દીધાં. તે જ વખતે શયતાનને પણ એના ઉચ્ચ સ્થાનમાંથી દૂર કરી પૃથ્વી ઉપર કહાડી મુકયો. અને

વિશેષમાં ફરમાવ્યું કે જ્યાં સુધી સૌથી છેલ્લા આદમીને મુક્તિ મળશે નહિ ત્યાં સુધી શયતાનનો ગુન્હો માફ કરવામાં આવશે નહિ.

આદમ-અદમ-માટી. માટીમાંથી ઉત્પન્ન થયેલો માનવી.

બની આદમ-હઝરત આદમ (અલ.)ના વંશજ, mankind.

મા'બુદ-ઇબાદત કરવા લાયક; ખુદા.

હવાઇ-હવા રૂપી.

મખલુક-પેદા થયેલી વસ્તી.

હવાઇ મખલુક-Airy creation: Jinns and Fairies.

શાન-Majesty, શક્તિ.

દફે-દૂર. સંરક્ષિત.

આમીન-અસ્તુ.

આ કાવ્ય પ્રથમ પ્રગટ થયું છે—

વીસમી સદી-માસિક-મુંબાઇ. ઓકટો ૧૯૧૮.

કરીમા

કરીમા ! બે બક્ષાય બર હાલે મા,
કે હસ્તીમ અસીરે કમંદે હવા;
ન દારીમ ગચ્ર અઝ તો ફરિયાદ-રસ,
તુઈ આસીઆંરા ખતા બક્ષો બસ;
નિગેહ્દાર મારા ઝે રાહે ખતા,
ખતા દરગુઝ઼ારો સવાબમ નુમા.

(ભુજંગી)

કરીમા ! બધા હાલ બક્ષો અમ્હારા,
અમ્હે તો ફસ્યા સો કમંદે હવાના;
સુણે દાદ એવો, નથી કોઇ બીજો,
કરો માફ સૌના ખતાઓ, ગુન્હાઓ;
નિઘા રાખી સૌને ખતાથી બચાવો;
ખતા બક્ષી સૌની, ખરી રાહ દાખો.

ફારસી કવિ શેખ સા'દીના "પંદનામા" માંની "કરીમા" નામની પ્રથમ ગઝલનો તરજુમો.

કરીમ–ખુદાનું એક નામ છે. મૂળ અર્થ : ઉદાર, આ
નામ ખુદાનું ઔદાર્ય સૂચવે છે.

કમંદ–lasso, ફાંસો.

હવા–માયા : જગતની જંજાળના અર્થમાં.

આ કાવ્ય પ્રથમ પ્રકટ થયું છે—

બાલજીવન, કારતક,–૧૯૮૦. (દીવાળી અંક)
નવેમ્બર ૧૯૨૩,

ઈસ્લામી કૌ'મી ગીત.

(મૂળ લેખક-ડૅા. સર મહમૂદ ઇકબાલ, એમ. એ. પી. એચ. ડી., બાર-ઍટ-લૅા.)

ચીનો અરબ હમારા, હિન્દુસ્તાં હમારા,
મુસ્લિમ હૈં હમ, વતન હય સારા જહાં હમારા; ૧

તૌહીદ કી અમાનત સીનોં મેં હય હમારે,
આસાન નહિ મિટાના નામો નિશાં હમારા; ૨

દુનિયા કે બુતકદોં મેં પહેલા વો ઘર ખુદાકા,
હમ ઉસકે પાસબાં હૈં; વો પાસબાં હમારા; ૩

તેગોં કે સાયે મેં પલકર જવાં હુએ હૈં,
ખંજર હિલાલ કા હય કૌ'મી નિશાં હમારા; ૪

મગરિબ કી વાદિયોં મેં ગુન્જી અઝાં હમારી,
થમતા ન થા કિસી સે ચયલે રવાં હમારા; ૫

બાતિલ સે દબનેવાલે અય આસમાં નહિ હમ,
સો (૧૦૦) બાર કેર ચુકા હય તુ ઈમ્તેહાં હમારા; ૬

અય ગુલિસ્તાને અંદલુસ ! વો દિન હૈં યાદ તુઝકો ?
થા તેરી ડાલીયોં મેં જબ આશીયાં હમારા; ૭

અય મૌજે દજલા ! તુહી પયચાનતી હય હમકો ?
અબ તક હય તેરા દરયા અફસાના ખ્વાં હમારા; ૮

અય અરઝે પાક ! તેરી હુરમત પે કટ મરે હમ,
હય ખૂન તેરી રગોં મેં અબ તક રવાં હમારા; ૯

સાલારે કારવાં હય **મીરે હિજાઝ** (સલ) અપના,
ઇસ નામ સે હય બાકી આરામે જાન હમારા; ૧૦

"ઇકબાલ" કા તરાના બાન્ગે દરા હય ગોયા,
હોતા હય જાદા પયમા–ફિર કારવાં હમારા. ૧૧

(ગઝલ)

અમ્હારાં ચીન, અરબસ્તાં, અમ્હારો મુલ્ક હિન્દુસ્તાં;
અમ્હે "મુસ્લિમ" કહેવાઇએ, વતન દુનિયા બધી ગણીએ. ૧

અમ્હારે અંતરે વસતી, અમાનત એક અલ્લા'ની;
તવારીખથી મટે હસ્તી અમ્હારી, એ ન સ્હેલી છે. ૨

જગતનાં દેવળો મધ્યે, પહેલું ઘર ખુદાનું એ,
અમ્હારી એ કરે રક્ષા, અમ્હે રક્ષક સદા એના. ૩

અસિ ચમકારમાં ઉછર્યા, જવાંમર્દો અમ્હે સઘળા;
અમ્હારે વાવટે ઉડતી, કટારી ચંદ્ર—તારાની. ૪

સુણી અસ્તાચળે જ્યારે, અઝાં ઇસ્લામની ત્યારે,
અમ્હારી જીતની નદીએ, ચઢેલી રેલ ના અટકી. ૫
નહિં ડરીએ–નહિં દબીએ, ભલે જુલ્મો થવા કંઈએ;
કસોટી કારમી બહુએ, ખુદા તા'લા કરી છે ત્હેં. ૬
ત્હને છે યાદ એ દિવસો, બગીચો સ્પેન ! શો ત્હારો!
તદા વાળી અમ્કે ત્હારા, દશા ત્હારી હવે કેવી ! ૭
અરે દજલા ! ગવાહી દે, શહીદે કરબલા કેરી;
નદીનું પાણી અટકાતાં, વહી ત્યાં ખૂનની નદીઓ. ૮
અને એ પાક ધરતીની, અમોને મોહિની લાગી;
ફિદા એ મોહિનીમાં થઇ, થયા બિસ્મિલ, ન પરવા કંઇ. ૯
"હિજાઝી મીર" છે સાથે, અમ્હારો કાફલો દોરે;
મહમ્મદ મુસ્તફા, સઅલમ, ફિદા દિલ-જાન અમ તમ પર! ૧૦

કડી–૧ : ઇસ્લામની ઉત્પત્તિ અરબસ્તાનમાં થઈ. ચીન અને અરબસ્તાન એશિયા ખંડના અંતિમ પૂર્વ અને પશ્ચિમના પ્રદેશો છે. હિન્દ વચ્ચે છે. અર્થાત્ જો કે ઇસ્લામ પ્રથમ અરબસ્તાનમાં ઉપસ્થિત થયેલો છે, છતાં તે આખા એશિયા ખંડ ઉપર ફેલાયો છે. મુસલમાનો અમુક એક જ દેશના વતની હોવાનો સંકુચિત આશય રાખતા નથી.

કડી–૨ : ઇસ્લામનું હાર્દ એકેશ્વરવાદ–monotheism છે. અને એજ સૂત્ર ઇસ્લામના અવ્વલ કલમે તૈયબ–પ્રથમ

કલમામાં દર્શાવેલું છે. "લા ઇલાહા ઇલ્લલ્લાહ"–એક અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી. ટુંકમાં 'અલ્લાહ એક છે.' વધુ ખુલાસા માટે જુઓ "કુલ્ હો વલ્લાહ"નું કાવ્ય, અને ત્હેની ટીકા.

કડી–૩ : ઇસ્લામી માન્યતા મુજબ પ્રથમ માનવ યુગલ દાદા આદમ (અલ.) અને બીબી હવ્વા (રદી) ને જ્યારે જન્નતમાંથી દુનિયા ઉપર ફેંકી દેવામાં આવ્યાં, ત્યારે દાદા આદમ (અલ.) ને લંકામાં અને બીબી હવ્વા (રદી) ને અરસ્તાનમાં જદ્દો બંદર-આગળ નાંખવામાં આવ્યાં હતાં. દાદા આદમ (અલ.)એ એક પગ ઉપર ઉભા રહી હજારો વર્ષ સુધી ખુદાની બંદગી કરી માફી માગી. (લંકામાં "આદમનું શિખર" નામની પહાડની ટોચ ઉપર એક ઘણું મ્હોટું મનુષ્ય-પગલું છે), ત્યારે અલ્લાહતાંલાએ ત્હેમના ગુન્હા માફ કર્યા, અને બેઉને હાલ મક્કા શરીફ છે ત્યાં ભેગાં કર્યાં. પછી હઝરત આદમ (અલ.) એ ખુદાની બંદગી કરવા સારૂ મકાન બાંધવા ઇચ્છા બતાવી. તે ઉપરથી ખુદા-પાકે જન્નતમાં ત્હેમનું મકાન હતું તેવું કા'બાશરીફ બાંધવાની ત્હેમને પરવાનગી આપી. અને ત્હેમાં ત્હેમને મદદ કરવા એક ફિરસ્તો મોકલ્યો, જે કા'બાશરીફ પુરૂં થયા પછી, એ જ જગ્યાએ દિવાલમાં "હજરૂ'લ અસ્વદ" (કાળા પત્થર) તરીકે હજી મોજુદ છે. આ કા'બાશરીફ દુનિયામાં પ્રથમ બંધાયલું મકાન અને મંદિર હતું અને

છે આજે પણ આ કા'બાશરીફની મહત્તા મુસલમાનો એટલી બધી માને છે કે તે આખા મકાન ઉપર હમેશા કાળો ગલેફ ચઢાવેલો રાખે છે. દર હજને ટાંકણે જુનો ગલેફ ઉતારી નવો ગલેફ ચઢાવવામાં આવે છે. મક્કાશરીફમાં અસંખ્ય કબુતર છે, છતાં કોઇ પણ કબુતર કા'બાશરીફ ઉપર થઇ સામી બાજુ ઉડી જઇ શકતું નથી. કા'બાશરીફ જોખમમાં હોય તો હરેક મુસલમાન ધાર્મિક ફરજ તરીકે ત્હેની રક્ષા કરવા બંધાયલો છે. હિન્દમાં થોડા સમય પર "ખુદ્દામે કા'બા"–કા'બાના સેવકોનું મંડળ હસ્તીમાં આવ્યું હતું.

"પહેલું ઘર ખુદાનું એ": સરખાવો, કુરઆનેશરીફ, ૩ : ૯૬–ઇન્ના અવ્વલા બયતિંવ્ વોદે'આ લિન્નાસે લલ્લઝી બે બક્કતા મોબારકંવ્ વ હોદલ્ લિલ્ આલમીનઃ ખરે, (અલ્લાહની બંદગી કરવા સારૂ) સૌથી પ્હેલું મકાન લોકો માટે જે નક્કી કરવામાં આવ્યું હતું તે મક્કા શરીફમાં હતું. અને તે (મકાન) દુનિયાના સઘળા માણસોને અલ્લાહનો ખરો માર્ગ (ધર્મ) દેખાડનારૂં હતું.

કડી–૫: ઇસ્લામના વીર નાયકો આફ્રિકામાં વિજય ફરકાવતા છેક પશ્ચિમ કિનારે દરિયા તીરે પ્હોંચ્યા ત્યારે પણ નિરાશ ન થતાં જીબ્રાલ્ટર આગળ દરિયો ઓળંગી સ્પેનમાં દાખલ થયા. અને તે જીતી, ફ્રાન્સનો દક્ષિણ ભાગ

ફતેહ કરી, જર્મનીના દક્ષિણ ભાગમાં થઇ, ઓસ્ટ્રીયા-હંગરી સુધી પ્હોંચ્યા હતા. જીબ્રાલ્ટર પ્રથમ સર કરનાર અરબ સરદારનું નામ "તારીક" હતું. તે ઉપરથી ત્હેનું નામ "જબલ-અલ-તારીક" પડયું હતું. "જીબ્રાલ્ટર" નામ એ મૂળ નામનું અપભ્રંશ રૂપ છે. જબલ=પ્હાડ.

કડી- ૭: સ્પેન મુસલમાનોના હાથમાંથી ખ્રીસ્તીઓએ જીતી લીધા પછીથી ત્યાંની મુસલમાન પ્રજાને રંજાડવામાં તે વખતે સુધરેલા કહેવાતા ખ્રીસ્તીઓએ કંઇ પણ બાકી રાખી નહોતી. છતાં ત્યાંના મુસલમાનો ઇસ્લામ તજવાને બદલે દેશ તજી આફ્રિકામાં આવ્યા અને મોરોકકોમાં વસવાટ કર્યો. જગત બત્રીસીએ ચઢેલા Inquisition ની શરૂઆત તે વખતે થયેલી હતી.

અંદલુસ-સ્પેનનું અરબી નામ છે.

મુસલમાનોના જમાનાની સ્પેનની જાહોજલાલી ગ્રેનેડાનાં ખંડિયેરોમાં હજી પણ જોઇ શકાય છે. મુસલમાનો-ની ગ્રેનેડાની યુનીવરસીટીમાં આખા ખ્રીસ્તી યુરોપના વિદ્યાર્થીઓ શીખવા આવતા હતા.

કડી-૮ : દજલા યુફ્રીટીસ નદી, જ્યાં કરબલાના મેદાનમાં હઝરત પેગમ્બર સાહેબ (સલ.)ના પ્યારા નબીરા (પુત્રીના પુત્ર) હઝરત ઇમામ હુસેન (રદી) શહીદ થયા હતા. ઇસ્લામનો સૌથી ગમગીન કિસ્સો અહિં બન્યો હતો. જ્યારે

વિગત માટે જુઓ આગળ-" મોહોરૂરમની તવારીખ, " "મોહોરૂરમનું રહસ્ય" અને "મોહોરૂરમના દુહા" ના લેખો.

કડી-૯ : પાક ધરતી-" અલ્ તુ'લ મુકદ્દસ "-Holy Land : Palestine-Jerusalem નો પ્રદેશ. અહિં તુરકો અને ખ્રીસ્તીઓ વચ્ચે થયેલી ક્રુઝેડો crusades-ધાર્મિક યુદ્ધોનો ઉલ્લેખ છે.

બિસ્મલ-ભોગ-sacrifice. મુસલમાનો કોઇપણ જાનવર ખોરાક માટે યા બકરી ઈદ ઉપર કુરબાની માટે હલાલ કરે છે (મારે છે) ત્યારે પ્રથમ " બિસ્મિલ્લાહ "-" ખુદાના નામથી" એમ બોલે છે, અર્થાત્, તેઓ જે કંઇ કરે છે તે ખુદાના નામથી એટલે હુકમથી વા ખુદા વાસ્તે કરે છે, પોતાને માટે નહિ. બિસ્મિલ થવું-એટલે કોઇના ભોગ થવું, અથવા કોઇના ઉપર ફિદા થવું.

કડી-૧૦: હિજાઝી-હિજાઝના. મકકા-મદીના અરબસ્તાન ના હિજાઝ નામના પ્રાંતમાં આવેલાં છે.

મીર-અમીરનું ટુંકું રૂપ=આગેવાન.

સરખાવો-ખલીફાઓના ઇલકાબમાં " અમીરૂ'લ મોમનીન " : "મુસલમાનોના અમીર" એમ અદ્યાપિ પર્યંત વપરાતું આવ્યું છે. ૨. કાબુલના અમીર, સીંધના અમીરો વગેરે.

અહિં હઝરત પેગમ્બર સાહેબ (સલ.) માટે ઉલ્લેખ છે.

મોહુમ્મદ-જેનાં ખુદાએ કુરઆનેશરીફમાં વખાણ કર્યાં છે તે. મુસ્તફા-ખુદાના પસંદ કરેલા.

સલઅમ-"સહ્લહ્લાહો અલય્હે વ સહ્લમ" નું ટુંકુ રૂપ. એનો અર્થ-" એમના ઉપર ખુદાની સલામ હો." હઝરત પેગમ્બર સાહેબના નામ સાથે આ દુઆ હમેશા બોલવામાં આવે છે. બીજા કોઇ નામ સાથે આ ઉદ્દગાર જોડાતો નથી.

મૂળ કાવ્યની છેલ્લી કડી ભાષાન્તરમાં મુકી દીધી છે.

આ કાવ્ય પ્રથમ પ્રગટ થયું છે—

બાલજીવન—ઓગસ્ટ ૧૯૨૫.

ઇસ્લામી મુલ્કી ગીત.

(મૂળ લેખક—ડૉ. સર મહમ્મદ ઇકબાલ, એમ. એ.,
પી. એચ. ડી., બાર-ઍટ-લૉ.)

સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા,
હમ બુલબુલે હૈં ઉસકી, વો ગુલિસ્તાં હમારા; ૧
ગુરબત મેં હોં અગર હમ, રહતા હય દિલ વતન મેં,
સમઝો વહીં હમેં ભી, દિલ હો જહાં હમારા; ૨
પરબત વો સબ સે ઊંચા, હમસાયા આસ્માં કા,
વો સંત્રી હમારા, વો પાસબાં હમારા; ૩
ગોદી મેં ખેલતી હૈં ઉસકી, હઝારોં નદીયાં,
ગુલશન હય જિનકે દમ સે, રિશ્કે જનાન હમારા; ૪
અયે આબે રૂદે ગંગા! વો દિન હય યાદ તુઝ કો?
ઉતરા તેરે કિનારે જબ કારવાં હમારા; ૫
મઝહબ નહીં સિખાતા, આપસ મેં બૈર કરના.
હિન્દી હૈં હમ, વતન હય હિન્દુસ્તાં હમારા; ૬

યૂનાન્–ઓ–મિસર્–ઓ–રૂમા, મિટ ગયે જહાં સે,
અબ તક મગર હય બાકી નામ્–ઓ–નિશાં હમારા; ૭
કુચ્છ બાત હય કે હસ્તી મિટતી નહીં હમારી,
સદીયોં રહા હય દુશ્મન, દૌરે ઝમાં હમારા; ૮
ઇકબાલ! કોઇ મહરૂમ અપના નહીં જહાં મેં,
મા'લુમ ક્યા કિસી કો દરદે નેહાં હમારા. ૯

(હરિગીત)

જગતભરમાં આ હિન્દ, મ્હારો દેશ, સૌથી શ્રેષ્ઠ છે,
બુલબુલ અમ્હે એ બાગના, એ બાગ મ્હારો હિન્દ છે; ૧
પરદેશમાં વસીએ ભલે, પણ વતનમાં અમ દિલ રહે.
તો જાણજો રહીએ અમ્હે, આ દિલ અમ્હારૂં જ્યાં વસે. ૨
ગિરિવર ઉંચો, ગિરિ સકળમાં, બાદળ થકી વાતો કરે,
સંત્રી સદાનો, રાત દિન રક્ષા અમ્હારી એ કરે. ૩
એ હિમ કેરા અંકમાં, અગણિત નદી ખળખળ વહે.
ઉજ્જડમાં ઉદ્યાન પ્રકટી સ્વર્ગની સ્પર્ધા કરે. ૪
અય ગંગ મૈયા! યાદ છે એ દિવસો તુજને, કહે—
જ્યારે અમ્હારો કાફલો ઉતર્યો કિનારે તાહરે! ૫
ઇસ્લામ ના કદિ શીખવે, કે વેર રાખો અંતરે,
મુસ્લિમ છતાં હિન્દી અમ્હે, ને હિન્દ ભાવની વાટિકે. ૬
ગ્રીક, રોમ, મીસર ગયાં ક્યાં?—સામ્રાજ્ય મ્હોટાં જે હતાં!

ને હિન્દની હસ્તી હજી ઇતિહાસથી મટતી નથી ! ૭

હસ્તી અમ્હારી ના મટે, કુદરત તણો શો ભેદ છે?!
દુશ્મન થઇ દુનિયા બધી, ને ઘા કર્યા શા અમ પરે! ૮

ઊભા અટૂલા, એકલા, જગભર ભલે હાંસી કરે,
પરવા નથી એ જગતની, કિરતાર સૌનો એક છે. ૯

કડી–૫ : હિન્દમાં ઇસ્લામી સલ્તનત પ્હેલી દિલ્હીમાં સ્થપાઇ.

કડી–૬ : "કુલ્લો મોઅમિનો ઇખ્વતુન્–સઘળા મુસલમાનો ભાઇ બરાબર છે. (કુરઆનેશરીફ). તે જ રીતે ગેર–મુસ્લિમો સાથે પણ ભાઇચારાથી વર્તવા ઇસ્લામ બોધે છે.

હિન્દના બહુધા મુસલમાનો મૂળ હિન્દના જ વતની છે. તેથી ધર્મ તરીકે ત્હેમણે ઇસ્લામનો સ્વીકાર કર્યા છતાં તેઓ હિન્દી મટયા નથી. અહિં રાષ્ટ્રીય ભાવના સર્વોપરી ગણી છે.

કડી–૭ : ઇતિહાસના અભ્યાસીઓ જાણે છે કે ગ્રીસ, રોમ અને મીસરનાં મહારાજ્યો તે સમયની જાણીતી આખી દુનિયા ઉપર ફેલાયલાં હતાં. છતાં આજે એ જ પ્રજાઓ જગતના ઇતિહાસમાં નિર્માલ્ય થઇ ગઇ છે. ત્યાંનાં રાજ્યો પરાધિન વા ઘણી ઉતરતી પંક્તિનાં રાજ્યો બની ગયાં છે. પ્રજાકીય જીવન પણ પ્રમાણમાં ઉતરી ગયું છે.

હિન્દમાં સ્વરાજ્ય નથી, પોતાનું સ્વતંત્ર રાજ્ય નથી, છતાં હિન્દની, પ્રજા તરીકે, બ્રિટિશ મહારાજ્યના મુખ્ય અંગ તરીકેની, અગત્ય જરા પણ ઘટી નથી.

હસ્તી—સરખાવો, અસ્તિત્વ.

કડી–૮ : હિન્દમાં પ્રથમથી જ પરદેશીઓનો અમલ થયેલો છે. હિન્દના મૂળ વતનીઓ તો હાલની અનાર્ય પ્રજાઓ હતી. આર્ય પ્રજાએ ત્હેમને જંગલોમાં હાંકી ક્‌હાડી હિન્દમાં પોતાનો વસવાટ કીધો. થોડોક વખત ગ્રીક લોકોએ હિન્દમાં પંજાબનો પ્રદેશ હસ્તગત કર્યો હતો. હાલના કાઠિયાવાડના કાઠીઓ મૂળ ગ્રીસના સીથિયનો— Scythians છે. પછી મુસલમાનો આવ્યા અને છેવટે ખ્રીસ્તીઓ. આટલા બધા વિદેશી આક્રમણ છતાં હિન્દ હજી ત્હેવું ને ત્હેવું જ ઉભું છે, દિલ્લી કેટલી વખત લુંટાયું છતાં આજે પણ તેની જાહોજલાલી ત્હેવી જ છે.

આ કાવ્ય પ્રથમ પ્રગટ થયું છે.—

સમાલોચક, મે ૧૯૨૫.

બાલજીવન. નવેમ્બર ૧૯૨૫.

આશૂરા.

આશૂરા-(અરબી) અશારા=દશ. હિજરી સનના પહેલા મહિનામાં મોહર્રમની દશમી તારીખે આવે છે. તે પાક દિવસે નીચે મુજબ ઘણા યાદગાર અને મહાન બનાવો બનેલા છે.

૧. હ૦ આદમ (અલ.)ના માટીના બનાવેલા શરીરમાં રૂહ મુકવામાં આવી.

૨. હ૦ આદમ (અલ.) અને હ૦ બીબી હવ્વા (રદી.)ને ખુદાતા'લાએ જન્નતમાંથી કહાડી મુકી, દુનિયા પર જુદાં જુદાં સ્થળોએ ફેંકી દીધાં.

૩ હ૦ આદમ (અલ.) તથા હ૦ બીબી હવ્વા (રદી.)ની ઘણી મુદ્દત પછી ફરીથી મુલાકાત થઇ.

૪. હ૦ નુહ (અલ.)ની કિશ્તી (વહાણ) જુદીના પહાડ પર ઉતરી. મહાન જલપ્રલય સમ્યા પછી.

૫. હ૦ યુસુફ (અલ.) અને એમના પિતા હ૦ યાકુબ (અલ.) લાંબા વિયોગ પછી ફરીથી મળ્યા.

૬. હ૦ યુનસ (અલ.) માછલીના પેટમાંથી સહીસલામત બહાર નીકળ્યા.

૭. હ૦ અય્યુબ (અલ) લાંબી બીમારીની કસોટીમાંથી ખુદાપાકના હુકમથી ચમત્કારિક રીતે સાજા થયા.

૮. હ૦ મુસા (અલ.) ઇસરાઇલ (યાહુદી) ની કોમને લઈને મીસરમાંથી શામ syria તરફ જવા નીકળ્યા.

૯. હ૦ ઝકરિયા (અલ.) પર કાફરોએ જુલમ કર્યો.

૧૦. હ૦ યહયા (અલ.)ને શહીદ(martyr) કર્યા.

૧૧. હ૦ ઈસા (અલ.) પેદા થયા.

૧૨ નમરૂદ મરદૂદે હ૦ ઇબ્રાહીમ (અલ.)ને આગમાં નાંખ્યા. પણ ખુદાતા'લાના ફઝલોકરમથી તેઓ સહીસલામત બહાર નીકળ્યા.

૧૩. હ૦ ઇમામ હુસેન (અલ.) ની કરબલા શરીફમાં શહાદત થઈ.

("ઇલ્મલ્યકીન"–ઉર્દુ ઉપરથી.)

આ લેખ પ્રથમ પ્રગટ થયો છે—

અલ-કમાલ, (માસિક), મુંબાઇ, સપ્ટે. ૧૯૨૪.

મોહર્‌રમના દુલા.

શીયા મુસલમાનોમાં એક માન્યતા પ્રચલિત છે કે, કરબલા શરીફના પાક મેદાનમાં, જ્યારે દુશ્મનોના દયાહીન સરદાર ઓબેદુલ્લા બિન ઝિયાદે હઝરત ઇમામ હુસેન (રદી) નાં માણસોને આંતરી, ત્હેમણે બચાવ માટે ખાઈ ખોદી કરેલી છાવણીમાં ત્હેમને ઘેરી લીધાં, ત્યારે હ. ઇમામ હુસેન (રદી.) ના યુવાન ભત્રીજા, કાસિમ (હ. ઇમામ હસન (રદી.) ના પુત્ર) સાથે પોતાનાં લાડકાં પુત્રી બીબી સકીનાનાં લગ્ન થવાનાં હતાં. પરંતુ તે જ દિવસે દુલા (વરરાજા) શહીદ થઇ જવાથી ત્હેમનાં લગ્ન થઇ શકયાં ન્હોતાં. આ દુલાના ઘોડાનો પડી ગયેલો લોઢાનો નાળ દક્ષિણ હિન્દના કોઇ મુસલમાનોને મળી આવ્યો હતો. તેઓએ તે નાળ હિન્દમાં આણ્યો, અને મોહર્‌રમના પ્રસંગે, જ્યારે કરબલા શરીફના જંગની યાદગીરીઓ જાહેરમાં મુકી લોકોને દેખાડવામાં આવે છે, ત્યારે આ “ દુલના ઘોડાનો નાળ, ” Lord Horse Shoe, યા “ નાળ સાહેબ, ” જેમાં મૂળ દુલાના આત્માનો કંઈક અવશેષ હજી પણ વસતો લાગે છે, તે

ચમત્કારિક રીતે માંદાંને સાજાં કરી શકે છે, આ નાળ જેની પાસે હોય, ત્હેના અંગમાં મૂળ દુલ્લાનો આત્મા પ્રવેશ કરી, ત્હેને "હાલ" (જુસ્સો) ચઢે છે. આ "હાલ" ચઢાવવા માટે નીચે જણાવેલી વિધિ કરવામાં આવે છે.

ચાંદી યા લોઢાનો બે ત્રણ ફીટ લાંબો, અને જેને એક છેડે વજનદાર "ચાંદરાત," Cresc-nt, અથવાં "ઘોડાના નાળ"ની આકૃતિ હોય છે, ત્હેવો શળીઓ-કેટલાક વખત સુધી બળતા લોબાન પાસે મુકી રાખવામાં આવે છે. દક્ષિણ હિન્દમાં, ખાસ કરીને નિઝામ-હૈદરાબાદમાં, દરેક મોહર્‌રમ પછી, મથાળે નાળવાળા આવા અનેક શળિયા એકાદ કુવામાં નાખવામાં આવે છે બીજા વર્ષના મોહર્‌રમ પહેલાં થોડા વખત અગાઉ, જેમણે પોતાના શળિયા કુવામાં નાખેલા હોય છે, તે બધા તે કુવા પર જાય છે, અને મૂળ શહીદ (હ. કાસિમ) જેને 'દુલો' બનાવવા ઈચ્છતા હોય ત્હેનો શળિયો પાણીની સપાટી ઉપર તરી આવે છે.

ગુજરાતમાં આ ચમત્કાર જોવામાં આવતો નથી. ત્હેને બદલે, ગુજરાતમાં બીજી કરામત (ચમત્કાર) થાય છે. એક બન ફુટ ઉંડો ખાડો ખોદવામાં આવે છે. પછી જેણે 'દુલા' થવાની બાધા માનેલી હોય છે, ત્હેને તે આગવાળા ખાડાની ૭ અગર ૧૧ વખત પ્રદક્ષિણા કરાવે છે. જો તે માણસ અથવા ત્હેના મિત્રો ત્હેના અંગમાં 'દુલા'નો 'હાલ' ચઢેલો

જુએ છે, તો તેઓ નાળવાળા શળિયાનાં મોરપીંછ ત્હેના મ્હોં આગળ ધીરે ધીરે હલાવી ત્હેને પવન નાંખે છે. આ આખો વખત પુષ્કળ લોબાન બાળવામાં આવે છે. આજુ-બાજુ એકઠા થયેલા લોકો "દુલા," "દુલા"ના તાલ આપ્યા કરે છે; અને જેને "હાલ" ચઢવાનો હોય છે, તે માણસ તાલ ઝીલતો ઝીલતો પ્રથમ ધીરે ધીરે અને પછી વધારે અને વધારે જોશથી "દુલા," "દુલા" ના પડઘા પાડતો શરીરને ઝુલાવે છે, જ્યારે પૂરેપૂરો "હાલ" ચઢે છે, એટલે કે જ્યારે ત્હેની આંખના ડોળા ઉંચા ચઢી જાય છે અને જ્યારે ત્હેનું અંગ ઠંડું પડી જાય છે, ત્યારે ત્હેનું મ્હોં નીચું નમાવી મોરપીંછથી ઢાંકી દેવામાં આવે છે. આ પ્રમાણે કેટલાક વખત સુધી ત્હેનું મ્હોં મોરપીંછમાં દબાવ્યા પછી ત્હેને "હાલ" ચઢે છે. પછી તે "હાલ" ચઢેલો "દુલો" પાણી કે આગની ફિકર રાખ્યા વિના દોડે છે. જેવો તે નાસવાનું શરૂ કરે છે કે તરતજ ત્હેનો એકાદ મિત્ર ત્હેને પાછળથી પકડી લે છે, અને ટેકો આપી સ્થિર કરે છે. ક્યાં જવું છે તે જાણ્યા વિના 'દુલો' દોડતો હોય ત્હેને બીજા 'દુલાઓ'ના ઉપર પ્રમાણેના અખાડાઓએ અને તાજીઆઓએ, તેઓ લઇ જાય છે. ત્યાં ત્હેની આગળ બીજો વધારે લોબાન બાળવામાં આવે છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ જતાં રસ્તામાં 'દુલા'ને રોકી પરણિત સ્ત્રીઓ સંતતિ સારૂ, યા શોકચનું સાલ નિવારવા માટે, અથવા

જિન, પરી કે બીજી બલા દૂર કરવા વાસ્તે 'દુલા'ની દુઆ (આશિષ) માગે છે. સ્ત્રીઓની પુત્રાદિ વાંચ્છના પૂરી પાડવા, દુલો પોતાના મોરપીંછવાળા નાળને, જે ફુલના હારોથી શણગારેલો હોય છે, તેમાંથી એક બે ફુલ લેવા સૂચવે છે. પોતાને અખાડે પાછા ફરતાં, દુલો બેભાન થઇ પડી જાય છે. એ પ્રમાણે એક બે કલાક બેશુદ્ધ રહ્યા પછી ફરી શુદ્ધિમાં આવે છે. જેમણે 'દુલા' થવાની બાધા લીધેલી હોય છે, તેઓને જ માત્ર આ પ્રમાણે "હાલ" ચઢે છે. કેટલાક વખત તેઓને પણ આવો "હાલ" ચઢતો નથી.

કોઇ સ્ત્રીના અંગમાં "દુલા"નો "હાલ" દાખલ થઇ શકતો નથી. ("દુલા" નરજાતિનું રૂપ છે. એનું નારીજાતિનું રૂપ દુલ'ન છે.)

બોમ્બે ગેઝિટિયર, પુ. ૯, ભાગ ૨, પાન ૧૩૮ નો તરજુમો.

આ લેખ પ્રથમ પ્રગટ થયો છે.—

અલ-કમાલ (માસિક) મુંબાઇ, સપ્ટેમ્બર ૧૯૨૪

મોહર્રમ.

મોહર્રમ: (અરબી) હુરમ=પવિત્ર. આ પવિત્ર મહિનો મુસલમાની વર્ષનો પ્હેલો મહિનો છે. ત્હેની દશમી તારીખને "આશૂરા" કહે છે. તે દિવસે અલ્લાહતા'લાએ મનુષ્ય જાતિનું પ્રથમ યુગલ હઝરત દાદા આદમ (અલ.) અને હઝરત બીબી હવ્વા (રદી.)ને પે'દા કર્યાં હતાં. તેથી આ દિવસને પવિત્ર ગણી ઘણા મુસલમાનો રોજો રાખે છે (ઉપવાસ કરે છે).

પરંતુ, માણસ જાતની પ્રથમ ઉત્પત્તિ કરતાં, ઇસ્લામી તવારીખના એક બીજા ઘણા જ ગમગીન બનાવ સાથે મોહર્રમનો સંબંધ જોડાઇ ગયો છે. ઈસ્લામના પેગમ્બર સાહેબ, હઝરત મોહમ્મદ મુસ્તફા (સઅમ)ના નબીરા (દીકરી ના દીકરા) હઝરત ઇમામ હુસેન (રદી.) ની શહાદત (ધર્મયુદ્ધમાં થયેલું મરણ) આ દિવસે થઇ હતી. આ બનાવ ઈ. સ. ૬૮૦ માં બન્યો હતો.

હિન્દુઓ, મુખ્યત્વે, આ ઐતિહાસિક પ્રસંગ પરત્વે કેવળ અજ્ઞાન હોય છે. મુસલમાનોમાંથી પણ ઘણા જેવું

તેવું સ્હમજે છે; અને જેટલું સ્હમજે છે તેટલું નહિ સ્હમજ્યું કરી બગાડી મુકે છે. આ પ્રસંગ અતિ કરૂણાજનક, હૃદયવેધક છે; ત્યારે, વ્યવહારમાં "બંબઈકી ચટણી," કૃતિમ માનુષી-વાઘ (!) નો ચિત્રવિચિત્ર વેશ, બનાવટી "સાહેબ"–"વ્હોરા" વગેરે, વગેરે અનેક ફારસો પ્રત્યક્ષ કરીએ છીએ.

"તાબુત" માત્ર હિંદમાંજ થાય છે. ઇસ્લામના ઉત્પત્તિસ્થાન અરબસ્તાન, ખિલાફતના કેન્દ્રસ્થાન તુર્કસ્તાન, વગેરે મુસલમાની મુલકોમાં "તાબુત" થતા નથી. તાબુત (બુત=આકૃતિ) એ હઝરત ઇમામ હુસેન (રદી.)ના રોઝાનો અંદાજ નમૂનો છે, ત્હેમાં પરી, ઘોડા વગેરે જીવંત પ્રાણીઓ ની આકૃતિઓ બનાવવી, તેમ, તાબુતની માનતાઓ માનવી, એ એક રીતે "મૂર્તિપૂજા" થાય છે, અને ઇસ્લામની દ્રષ્ટિએ "બિદઅત" હોઇ, શરીઅતથી મના કરેલી છે, આવી મૂર્તિપૂજા અરકાને ઇસ્લામ (ઇસ્લામનાં મૂળતત્વો) થી તદ્દન વિરૂદ્ધ છે. છતાં હિન્દના બહુધા મુસલમાનોએ હિન્દુ જાતિઓમાંથી ઇસ્લામ સ્વીકારેલો હોવાથી, અને વિશેષત: હિન્દુઓની વિશેષ વસ્તીમાં વસી ત્હેમના સંસ્કારોથી આચ્છાદિત હોવાથી. આ મૂર્તિપૂજા ત્હેમનામાં સહજ વા સ્વાભાવિક જેવી બની ગઇ છે!

'તાબુત' પ્રથમ બનાવનાર મોગલ શહેનશાહોનો

પૂર્વજ તૈમુરલંગ હતો. કારણ તદ્દન રાજકીય હતું. બસરા-બગદાદ પાસે કરબલા શરીફમાં આવેલા હઝરત ઇમામ હુસેન (રદી.)ના રોઝાની દર વર્ષે ઝયારત (યાત્રા) કરવાનો ત્હેનો નિમય હતો. પરંતુ મધ્ય એશિયાની તે જમાનાની ડામાડોળ રાજકીય સ્થિતિને લીધે પોતાના સમરકંદ-બુખારાના રાજ્યમાંથી પ્રતિ વર્ષે નિયમિત કરબલા શરીફની ઝયારત કરવી એ બની શકે એમ ન્હોતું.

તે જ પ્રમાણે, હિન્દમાં મોગલ શાહેનશાહતના અમલ દરમ્યાન, ઘણું કરીને જહાંગીરના સમયમાં, બેગમ નૂરજહાનની રાજકીય કુનેહથી આ રિવાજ દાખલ થઇ ગયો છે. વખત વીત્યે, મૂળ વસ્તુ વીસરાઇ ગઇ છે. અને અન્ય ઇસ્લામી તહેવારોમાં ખુદાની બંદગી સિવાય બીજું કંઇ જ કરવાનું નહિ હોવાથી, આ પ્રસંગને મુસલમાનોએ હવે તો ઇસ્લામનો જોશ પ્રદર્શિત કરવાના સાધન રૂપ બનાવ્યો છે, "તોફાન" નો અંશ હિન્દુ હોળીનું અનુકરણ લાગે છે.

હઝરત મોહમ્મદ રસૂલુલ્લાહ (સલઅમ) ની વફાત (અવસાન) પછી 'ખિલાફત' (વારસા) માટે સવાલ થયો. હઝરતના બે પુત્રો ત્હેમની હયાતીમાં જ ગુજરી ગયા હતા, અને પાછળ માત્ર પુત્રીઓ અને ત્હેમની પ્રજા રહ્યાં હતાં. સૌથી પ્યારાં પુત્રી, હઝરત ફાતમુઝ્ઝોહરા, બીબી ફાતેમા (રદી.)નાં લગ્ન હઝરતને બચપણથી પાળનાર સગા

કાકા અબુતાલેબના પુત્ર, હઝરત અલી મુરતુઝા (કરમ) સાથે થયાં હતા. હઝરત ઇમામ હસન (રદી) અને હઝરત ઇમામ હુસેન (રદી.) ત્હેમનાં નેક ફરઝંદ હતાં.

હઝરત રસૂલુલ્લાહ (સલ્અમ) પછી 'ખલીફા' (વારસ) ની બાબતમાં એક પક્ષ 'વારસાઇ' હક-Succession-આગળ ધરતો હતો, ત્યારે બીજા પક્ષ 'પસંદગી'-Election-ની દલીલ કરતો હતો. પ્રજાકીય 'પસંદગી' નો પક્ષ ફાવી ગયો, અને હઝરત અલી "હૈદર" (કરમ) નો વારો ચોથા ખલીફા તરીકે આવ્યો. (જો કે ત્યારપછીથી વારસાઇ હક પ્રમાણે જ ખિલાફત ચાલતી રહી. માત્ર હમણાં જ ગાઝી મુસ્તફા કમાલ પાશાએ 'ઇલેકશન' ના મૂળ સિદ્ધાંતનો નવેસરથી અમલ કરી બતાવ્યો છે).

હઝરત અલી (કરમ.)ના સમયમાં ત્હેમનો એક પિત્રાઇ, મોઆવિયા શામ (સીરિયા)માં ત્હેમના હરીફ તરીકે બહાર પડયો. મોઆવિયા આગલા ખલીફાનાં વખતથી શામનો સુબો હતો માસરનો સુબો, અમરૂ, પણ વચલ વિચારી મોઆવિયા સાથે મળી ગયો. બેઉએ મળી હઝરત અલી વિરૂદ્ધ બળવો કર્યો. પરિણામે નવીન સ્થાપિત ઇસ્લામી શહેનશાહતના ભાગલા પડયા. હઝરત અલી (કરમ.) ને હિસ્સે માત્ર 'જઝીરતુ'લ અરબ'-અરબસ્તાન અને ઉત્તરનો થોડો પ્રદેશ રહ્યો. રાજકીય ખટપટમાં આ ઇસ્લામના હૈદરનું

અકાલીન અવસાન ખુનીના ખંજરથી થયું. ત્હેમણે ખુનીને માફી બક્ષી : કેવું ઔદાર્ય !

ત્હેમના પછી, ત્હેમના વડીલ પુત્ર, હઝરત ઇમામ હસન (રદ્દી.) નું લક્ષ્ય રાજ્ય કરતાં ધર્મ પ્રતિ વિશેષ હતું. ત્હેમના સમયમાં 'ખિલાફત' (રાજકીય સત્તા) માંથી 'ઇમામત' (ધાર્મિક શ્રેષ્ટતા) જુદી પડી. પોતાને માટે 'ઇમામત' રાખી, મોઆવિયાને 'ખિલાફત' સોંપી. પરંતુ મોઆવિયા પછી ખિલાફત ઇમામને પાછી મળવાની શરત કરી હતી. આ શરત સર્વ અનર્થનું મૂળ થઇ પડી. મોઆવિયાના પુત્ર યઝીદે, ખિલાફતના લોભે, હઝરત ઇમામ હસન (રદ્દી.)નાં બેગમને પોતે પરણવાની લાલચ આપી. ત્હેના ભલા ખાવિંદને ઝેર અપાવ્યું. યઝીદે આપેલું વચન પાળ્યું નહિ. પરંતુ બેગમને ઘણી દોલત આપી સમજાવી લીધી. ત્યારે, હઝરત ઇમામ હસન (રદ્દી) એ પોતાના આ મોત માટે વેર ન લેવા સૌને વસીઅત કરી. ઉદાર પિતાના ઉદાર પુત્ર !

પછી, હઝરત ઇમામ હુસેન (રદ્દી.) પાસે પોતાની "બૈત" (ધાર્મિક શ્રેષ્ટતા—ઇમામત) કબુલ કરાવવા, અને અને ઇન્કાર કરે તો મારી નંખાવવા, ઇમામ સાહેબ મદીને રહેતા હોવાથી. ત્યાંના સુબાને હુકમ કર્યો. ઇમામ સાહેબને ખબર પડી જવાથી પોતે મક્કે જતા રહ્યા. ત્યાં ત્હેમને

કુફા પ્રાંતની પ્રજા તરફથી આમંત્રણ મળ્યું કે જો તેઓ કુફે જાય તો ત્યાંની પ્રજા ત્હેમનો પક્ષ લેઇ યઝીદ સ્હામે લડશે. કુફાના લોક પર ભરોસો નહિ રાખવા ઘણા શુભેચ્છકોએ ઇમામને ચેતાવ્યા. છતાં ભોળા દિલમાં કંઇ વસવસો (શંકા) આવ્યો નહિં, અને પોતે કુફે જવા તૈયારી કરી, કુફાના લોકને ખબર કરવા, પોતાના ભાઈ મુસ્લિમ વગેરેને આગળથી ત્યાં રવાના કર્યા. અને પાછળથી પોતે પોતાના સઘળા કબીલા સાથે કુચ કરી. ઘણી સ્હમજાવટથી થોડો અંગ રક્ષક રસાલો (લશ્કર) સાથે લીધો.

કુફાની રાજ્યક્રાંતિની ખબર યઝીદને બાતમીદારોથી મળવાથી, ત્હેણે ત્યાંના સુબાને શંકા લાવી બદલી નાંખ્યો, અને પોતાના ખાસ વિશ્વાસુ માણસ, ઓબેદુલ્લાને નવો સુબો નિમી ત્યાં મોકલ્યો. ત્હેણે મુસ્લિમ વગેરેને પકડી, ત્રાસ બેસાડવા. કતલ કરાવી નાંખ્યા. બદલાયલી પરિસ્થિતિની ખબર હઝરત ઇમામ હુસેન (રદી)ને મોકલવા મુસ્લિમે લખેલો કાગળ ઓબેદુલ્લાએ રસ્તામાંથી પડાવ્યો.

દરમ્યાન, ઇમામ હુસેન (રદી.) કુફાની સરહદ પર આવી પ્હોચ્યા. ત્યાં ઓબેદુલ્લાએ મોકલેલા (૧૦૦૦) એક હજાર ઘોડેસ્વારના લશ્કરે ત્હેમને આગળ વધતા અટકાવ્યા. તે વખતે કુફાનો એક દિલસોઝ આગેવાન ઇમામ હુસેન (રદી.) ને મળ્યો અને પાસેના કોઈ મજબુત કિલ્લામાં ત્હેમને

સલામત લઈ જવા કહ્યું. ઇમામ સાહેબે બીરૂપણું દેખાડવા ઇન્કાર કર્યો. દુશ્મનના આ લશ્કરનો સરદાર હુરૂર ઇમામ સાહેબ સાથે અતિ માનપૂર્વક વર્ત્યો. આ પ્રમાણે યુફ્રેટીસ નદીને કિનારે કરબલાના મેદાનમાં હઝરત ઇમામ હુસેન (રદી.) દુશ્મનના લશ્કરથી કેદ થયા. એટલામાં બીજા ચાર હજાર માણસનું લશ્કર દુશ્મનના પ્રથમ લશ્કરમાં ઉમેરાયું. "કીડી પર કટક!" ઇમામ હુસેન (રદી) પાસે ગણ્યા ગાંઠયા ૩૨ સવાર અને ૪૦ પાયદળનો અંગરક્ષક રસાલો હતો, લડવાનું સૈન્ય ન્હોતું.

નવા આવેલા લશ્કરનો સરદાર, અમર, પણ દિલસોઝ હતો. વળી, લશ્કર પણ " ખાતમુન્નબીયોન, " " સરવરે કાયનાત"ના પ્યારા નબીરા સ્હામે હથિયાર ઉઠાવી જન્નત (સ્વર્ગ)થી બેનસીબ થવા નારાજ હતું. અમરે સ્હમજાવટથી કામ લેવા ઓબેદુલ્લાને વિનવ્યું. પરિણામે સુબાએ બ્હેમાઇ શમર નામના એક અતિ કઠોર સરદારને મોકલ્યો. ત્હેને તાકીદ કરી હતી કે અમર યુદ્ધ કરે નહિ તો ત્હેને કતલ કરી શમરે પોતે લશ્કરની સરદારી લઈ જંગ કરવો. શમરે આવી ઘેરો સખત કર્યો. નદીનું પાણી વિના મૂલ્યે, વિના હરકતે પશુ-પંખીને મળતું, તે જીંદગીની પ્હેલી જરૂરીઆત ઇમામના માણસોને મળતી અટકાવી. પાણી લેવા જતાં તીરનો વરસાદ વરસતો! રેતીના રણના કડક તાપમાં,

"એહલેબૈ'ત" યાને ખુદ પેગમ્બર સાહેબના જ કુટુંબની નાજુક, ખાનદાન બીબીઓ અને કુમળાં બાળકોએ પાણી વિના બે દિવસ અને બે રાત વિતાવ્યાં. 'ક.બે અર્જુન લુંટિયો, એ ધનુષ્ય, એ બાણ!'

હઝરત ઈમામ હુસેન (રદી.)એ જોયું કે દુશ્મન માત્ર ત્હેમની જ જીંદગીનો તરસ્યો હતો, તેથી ત્હેમણે પોતાના રસાલાના માણસોને ત્હેમની જીંદગી બચાવવા જતા રહેવા કહ્યું. પરંતુ, એક પણ માણસે આવા કટોકટીના સમયે "આલે નબી" ને છોડીને જવા સાફ ના પાડી.

ત્રીજે દિવસે, મોહર્રમની દશમી તારીખે, સ્હવારથી યુદ્ધની તૈયારીઓ થવા લાગી. મામલો અણી ઉપર આવતાં, હુર્રને, પોતે જ ઈમામને પ્રથમ અટકાવ્યા હતા, તેથી અતિ પશ્ચાતાપ થયો. પોતે ત્રીસ સાથીઓ લઇ લશ્કરથી જુદો પડી, આગળ આવી, લશ્કરને બુલન્દ અવાજે કહ્યું, "આલે નબી સ્હામે લડી સરવરે કાયનાતને કયામતને રોજ શું મ્હોં બતાવશો?" એમ કહી ઇમામને મળ્યો અને માફી માગી, ઇમામ તરફથી લડી પોતે પોતાના સાથીઓ સાથે શહીદ થયો.

યુધ્ધની તૈયારી થઇ, પણ પ્રથમ ઘા કોણ કરે ?! છેવટે, શમરે પોતે પ્રથમ તીર ફેંકી શરૂઆત કરી. પછી બીજાં તીર છુટયાં હઝરત ઇમામ હુસેન (રદી.)એ પોતાના

બાળપુત્રને છેલ્લી ચુમી લેવા હાથમાં લીધો હતો, તે જ વખતે ત્હેને એક તીર વાગ્યું, અને નિર્દોષ બાળક પિતાની ગોદમાં શહીદ થઇ ગયો !

હજી પણ છુટાં છવાયાં તીર આવતાં હતાં. હઝરત ઇમામ હુસેન (રદી.)એ પોતાના કબીલાના રક્ષણ માટે પોતાના તંબુઓ ગોળાકારે ગોઠવી ચોતરફ ખાઇ ખોદાવી હતી, અને જવા આવવા સારૂ માત્ર એક જ માર્ગ રાખ્યો હતો. ત્યાં પોતે પોતાનાં થોડાં માણસો સાથે દુશ્મનના હુમલાની રાહ જોતા ઉભા હતા.

પ્રથમ એકલ દ્વંદ્વ યુદ્ધ (duels) થયાં, ત્હેમાં હઝરત ઇમામ હુસેન (રદી.)નો પક્ષ વિજયી થયો. તેથી શમરે એક સામટો હુમલો કરવા હુકમ આપ્યો. પણ મોખરે કોણ જાય ! શમરે વળી પ્હેલ કરી. બેગમોના તંબુઓને આગ લગાડવા આગળ વધ્યો. ઇમામ હુસેન (રદી.) નાં બ્હેન હઝરત ઝૈનબ (રદી.) અતિ આવેશમાં બ્હાર આવ્યાં. અને આલે નબીના કબીલાને આગ લગાડનાર જહન્નમની આગમાં બળો એવી લા'નત (શ્રાપ) બોલતાં જ, દુશ્મનનું તો ચે ઇસ્લામી લશ્કર પાછું હઠયું. શમર પણ થંભ્યો, પાછો હઠયો.

છતાં સામાન્ય હલ્લો થયો. યુદ્ધ નહિ પણ કતલ થઇ. ઇમામનાં માણસોએ પોતાની જીંદગી અતિ મોંઘા

મૂક્યે વેચી. ખુદ ઇમામને ૩૦ સખત અને ૩૪ સાધારણ મળી કુલ ૬૪ જખમ થયા હતા. લોહી વહી જવાથી અશકત થવાથી તેઓ પડી ગયા. ત્હેમની આ અશક્તિનો લાભ લઇ. રાક્ષસી દિલના શમર "લઇન" (શ્રાપિત) એ ઇમામનું માથું કાપી લીધું! જાણે આટલું બસ ન હોય તેમ માથા વિનાના, અતિ ઘવાયલા, લોહી લુહાણ થયેલા, ધડ ઉપર પોતાનો ઘોડો આમતેમ ઘણી વખત દોડાવી, મત્ર્ય જરીર છિન્નભિન્ન કરી નાંખ્યું! ક્રુરતાની હદ વળી! આકાશમાં ધોળે દિવસે તારા દેખાયા!

ઇમામના રસાલામાંથી એક પણ માણસ બચવા પામ્યો નહિં. માત્ર ત્હેમનો એક બાળપુત્ર, જે તે વખતે અતિ બિમાર હતો, તે એકલો જ બચી ગયો. ત્હેનું નામ અલી હતું, પણ પાછળથી તે ઘણા પરહેઝગાર હોવાથી. તેઓ ઇમામ "ઝેનુ'લઆબેદીન"ના પ્રચલિત નામથી ઓળખાય છે. એ નામનો અર્થ "સર્વે ઇબાદત—બંદગી કરનારાઓના શણગાર રૂપ," એવો થાય છે. ઇમામના કબીલામાંથી ન્હાનાં મ્હોટાં ૧૭ જણ શહીદ થયાં. બાકીમાં માત્ર સ્ત્રીઓ અને ઉપર કહેલા બાળપુત્ર હઝરત અલી ઉર્ફે ઝૈનુ'લઆબેદીન (રદી.) બચ્યા હતા. હઝરત ઇમામ (રદી)નાં બેગમ શહેરબાનુ, ઇરાનના છેલ્લા શાહ યઝદગર્દનાં શાહજાદી હતાં. તે સઘળાંને કેદ કરી, શમર ઓબેદુલ્લા પાસે લઇ ગયો.

નર-પશુ ઓબેદુલ્લાએ ઇમામના મર્ત્ય મ્હો ઉપર સોટી મારી ! દરબારના પ્રેક્ષકો કંપી ઉઠ્યા ! ઘણાએ ખુદ પેગમ્બર સાહેબને પોતાના પ્યારા નવાસાને પોતાના મુબારક ખભા ઉપર બેસાડી ફેરવતાં અને લાડ લડાવતાં જોયા હતા. એક જણે તો ઓબેદુલ્લાને દરબારમાં જ સાફ સંભળાવી દીધું. સુઓ પણ વખત વિચારી ગયો.

પછી ઓબેદુલ્લાએ ઇમામનું માથું તથા કેદ પકડેલા કબીલાને, શમર સાથે જ ખલીફા યઝીદ પાસે મોકલ્યા. શમરે ઇનામની આશા રાખેલી ત્યાં દરબારમાં જ ઓબેદુલ્લા અને શમર ઉપર યઝીદે ગુસ્સો જાહેર કર્યો. શમરને ગરદન માર્યો; અને તે દિવસથી ઓબેદુલ્લાની પડતી થઇ. છેવટે એજ કરબલાના મેદાનમાં એવા જ મોતે ઓબેદુલ્લા પણ મુઓ. "કરે તેવું પામે" એ કુદરતનો કાનુન ખરો પડયો.

હઝરત ઇમામ હુસેન (રદી) યઝીદના હાથમાં જીવતા આવ્યા હોત તો યઝીદ શું કરત તે કહેવું મુશ્કેલ છે. છતાં મારી નાખત તો નહિં; યઝીદ રાજ્યલોભી હતો, નિર્દય ન્હોતો. ત્હેણે પોતાના પિત્રાઇના કબીલાને પોતાની સાથે જ થોડો વખત રાખી, રક્ષક સૈન્ય સાથે મદીને રવાના કર્યાં.

હઝરત ઇમામ હુસેન (રદી.) કરબલાના મેદાનમાં શહીદ થયા ત્યાં જ ત્હેમનો રોઝો બાંધેલો છે. જે ખાસ

જગ્યાએ ત્હેમની શહાદત થઈ તે જગ્યા આજ પણ સંભાળી રાખી છે. અને ઝયારતે કરવા જનારાઓને દેખાડવામાં આવે છે. શીઆઓ ખાસ કરીને કરબલાની ઝયારતે જાય છે. સુન્નીઓ મકકા–મદીનાની હજ કરે છે. મકકા–મદીના જવું તે જ માત્ર "હજ" કહેવાય છે. બીજે કોઇ ધાર્મિક સ્થળે જવું એ "ઝયારત" ગણાય છે,

હઝરત ઈમામ હુસેન (રદી.) " હઝરત સરદારે દો જહાન " (સ૰અ૰મ) ના નવાસા અને વારસ હતા, અને ત્હેમનાં બેગમ શહેરબાનુ ઇરાનના છેલ્લા શાહ યઝદગર્દનાં શાહઝાદી અને વારસ હતાં. તેથી ખાસ કરીને લગભગ આખું ઇરાન આજે શીઆ પક્ષી છે.

મોહરૂરમની દશમી તારીખની આગલી રાત્રે ઇમામ હુસેન (રદી.)એ લડવાની તૈયારી કરેલી, તેથી તે રાત્રે 'તાબુત'નું શબગશ્ત (સરગસ) ફેરવવામાં આવે છે. દશમી તારીખે ઠેકાણે ઠેકાણે 'સબીલ' (માંડવા) બાંધી ખાંડનું શરબત પાય છે, તે ઇમામ હુસેન (રદી)ને પાણીની વ્યથા પડેલી ત્હેની સંજ્ઞા રૂપે છે. તાબુત સાથે 'નાવ' (હોડી) ઘણી વખત હોય છે, તે પાણીના પેગમ્બર અને જેઓ હજી ચિરંજીવી છે એમ મનાય છે તે ખ્વાજા ખીજર (રહ) માટે છે. ઉંચા વાંસ પર મથાળે એક વાંસનો કડકો આડો બાંધી બેઉ તરફ કૃત્રિમ તલવારો લટકાવે છે, તે ઇમામ હુસેન (રદી.)ની "ઝુલફિકાર" નામની તલવારની નિશાની રૂપે છે. આ તલવાર મૂળ હઝરત પેગમ્બર સાહેબ (સ૰અ૰મ)

પાસે હતી. અને ત્હેમની પાસેથી અનુક્રમે હઝરત અલી (કરમ.) અને ઇમામ હુસેન (રદી.) પાસે આવી હતી. તાબુત ઠંડા કરવાનો વખત તે ઇમામ હુસેન (રદી.) ની શહાદતનો વખત છે. પરંતુ સઘળે ઠેકાણે તે વખત એક સરખો સચવાતો નથી. ખરો વખત સૂર્યાસ્ત થવાના અરસાનો છે.

'તાબુત'ના તોફાનમાં ભાગ લેવો તે ઇસ્લામી શરીઅત (ધાર્મિક આચાર)થી વિરૂદ્ધ છે. 'તાબુત'ની માનતા માનવી તે એક પ્રકારની ' મૂર્તિપૂજા ' અને ઇસ્લામની નજરે 'બિદ્અત' અથવા 'કુફ્ર' (નાસ્તિકતા) છે. મોહર્રમના દશ દિવસોમાં પરહેઝગાર મુસલમાનો કુરઆનેશરીફ પઢે છે, યા ઈમામોના ' મરસિયા ' (શોક ગીત) ગાય છે. કેટલેક ઠેકાણે આ દશ દિવસોમાં ' મજલીસો ' (મેળાવડા) ભરાય છે, અને શહાદતના કિસ્સા વંચાય છે. સ્ત્રીઓ મા'તમ (શોક રૂદન) કરે છે, અને 'મરસિયા' ગાય છે.

એકંદરે, આ પ્રસંગ અતિ અતિ શોકજનક Tragic છે, અને ત્હેનું ગાંભીર્ય અને રસિકતા જાળવવી જોઇએ. દીનના વલી-ઔલિયાઓની અરવાહો (આત્માઓ)ની શાંતિ માટે દુઆઓ કરવી જોઇએ. કોઇ પ્રકારનું 'તોફાન' કરવું તદ્દન ગેરવાજબી અને ઇસ્લામથી વિરૂદ્ધ છે.

આ લેખ પ્રથમ પ્રકટ થયો છે—

નવચેતન, માસિક, કલકત્તા, ઓકટો૦ ૧૯૨૩.

મોહર્રમનું રહસ્ય : અડગ સત્યાગ્રહ.

ઇસ્લામના સ્થાપક, હઝરત પેગમ્બર સાહેબ (સલ)ના અવસાન સમયે (ઈ. સ. ૬૩૨) બેવડો પ્રશ્ન ઉપસ્થિત થયો; દીન અને દુનિયા, મઝહબ અને સલ્તનત, એ બેઉ અંગ હઝરતના સમયમાં તો મિશ્રિત હતાં. ઇસ્લામી નવો મઝહબ અને નવી સલ્તનત, ત્હેની બે તરફ ઇરાન અને રૂમની બે ઝબરદસ્ત શહેનશાહતો, અને મધ્યમાં નવી જન્મેલી અરબ પ્રજા, જેનામાં નવા દીનના પ્રાણ–સંચારથી, પ્રથમ છુટી છવાઇ અને નિરંતર કલહ કરતી ન્હાની ટોળીઓ હતી, ત્હેને બદલે હવે દૃઢ પ્રજાકીય એકયતાનું અખુટ બળ આવ્યું હતું. આ સંજોગોમાં, મઝહબમાંથી સલ્તનત યા સલ્તનતમાંથી મઝહબ એમ વિખુટા પડતાં, બેઉનું જીવન નષ્ટ થવાની ભીતિ હતી.

હઝરત પેગમ્બર સાહેબ (સઅમ) એ, પોતાના અવસાન સમયે પોતાને કોઇ પુત્ર હયાત નહિ હોવા છતાં પોતાના વારસ (ખલીફા) નહિ નીમવાથી, તે નીમવાની

જવાબદારીનો નિર્ણય કરવાનું જોખમ, હઝરતના સમકાલીન, સુખ દુઃખના ભાગિયા, "અસહાબો"–Companions–ઉપર ઉતર્યું હતું અસહાબોમાં મુખ્ય ચાર જણ હતા: બે સસરા અને બે જમાઇ. બે સસરા–હઝરત અબુબક્ર સિદ્દીક (રદી.) અને હઝરત ઉમર અલ ફારૂક (રદી.) અને બે જમાઈ હઝરત ઉસ્માન અલ અફ્ફાન (રદી.) અને હઝરત અલી મુરતુઝા (કરમ.). તેઓ "એહલ-એ-બે'ત" (કુટુંબનાં માણસો)ના સમગ્ર નામથી ઓળખાય છે. (એહલે બે'તનો શીઆ મત મુજબ અર્થ કરીએ તો ત્હેમાં હઝરત અલી (કરમ.) હઝરત બીબી ફાતમા (રદી.) અને ત્હેમના બે પુત્ર, હઝરત ઇમામ હસન (રદી.) અને હઝરત ઈમામ હુસેન (રદી.) એટલાનો જ સમાવેશ થાય છે.) બે જમાઇમાંથી એક હઝરત અલી (કરમ) તો હઝરત પેગમ્બર સાહેબ (સલ્અમ)ને બચપણથી પાળી ઉછેરનાર સગા કાકા હઝરત અબુ તાલેબના પુત્ર–ભાઇ હતા. વળી હઝરત અલીને, ત્હેમના પિતાના અવસાન પછી, હઝરત પેગમ્બર સાહેબ (સલ્અમ) એ જ પુત્રવત્ પાળી પોષી ઉછેર્યા હતા. તેમ છતાં વારસાઇ દાવો દબાઇ ગયો, અને પ્રજાકીય પસંદગીનો પક્ષ ફાવી ગયો. વયોવૃદ્ધ હઝરત અબુબક્ર સિદ્દીક (રદી) હઝરત પેગમ્બર સાહેબ (સલ્અમ)નાં સૌથી પ્યારાં બીબી હઝરત આયશા (રદી.)ના પિતા, પ્રથમ ખલીફા નિમાયા. ત્હેમનો લકબ (હોદ્દો) "ખલીફ-એ-રસૂલુલ્લાહ", અર્થાત, 'અલ્લાહના

રસૂલ (પેગમ્બર) ના વારસ,' એ પ્રમાણે હતો. તેઓએ અધિકાર હાથમાં લેતી વખતે પ્રજાને સ્પષ્ટ કહ્યું હતું કે, "જ્યાં સુધી હું સત્ય માર્ગે પ્રવર્તું ત્યાં સુધી મ્હારી આજ્ઞાઓ સ્વીકારજો અને પાળજો; પરંતુ હું અન્યાય કરૂં, યા મ્હારામાં સ્વાર્થ જુઓ તો મ્હને આપેલો અધિકાર ત્હમે પાછો લઈ લેજો" સંપૂર્ણ પ્રજાતંત્રના આ ઉદ્‌ગાર હતા. પોતાનો પાછળ વારસ નિમવાનું કામ, જે ખુદ પેગમ્બર સાહેબ (સલ્અમ)એ કર્યું ન્હોતું, તે કામ હઝરત અબુબક્ર (રદી)એ પણ કર્યું નહિ.

ત્યાર પછી હઝરત પેગમ્બર સાહેબ (સલ્અમ) ના બીજા સસરા હઝરત ઉમર અલ ફારૂક (રદી.) સર્વાનુમતે બીજા ખલીફ નિમાયા. ત્હેમનો લકબ બદલાયો. તેઓ 'ખલીફ્‌-એ-ખલીફ્‌-એ-રસૂલુલ્લાહ' હતા, અર્થાત્; અલ્લાહના રસૂલના ખલીફના ખલીફ હતા. આ પ્રમાણે દરેક ખલીફ માટે લકબ લંબાવતાં આરો આવે નહિ, તેથી નવો લકબ "અમીરૂ'લ મોમનીન" (મુસલમાનોના સરદાર) યોજાયો અને પ્રચલિત થયો. ત્હેમના અમલમાં ઇરાન, શામ (સીરિયા), રૂમ (કોન્સટન્ટીનોપલ) અને મિસર હસ્તગત થયાં, અને ઇસ્લામી સલ્તનતનાં અંગ બન્યાં: શહેનશાહતનો વિસ્તાર એકદમ ઘણો જ વધી ગયો, હઝરત ઉમર (રદી) ને પુત્ર હોવા છતાં ત્હેમણે પણ પોતાનો ખલીફ નિમ્યો નહિ.

ત્રીજી પસંદગી હઝરત અલી (કરમ.) ઉપર ઉતરી,

પરંતુ ત્હેમણે અમુક શરતો સ્વીકારવા ઈન્કાર કર્યો. તેથી બીજા જમાઇ હઝરત ઉસ્માન ગની (રદી.) ચુંટાયા. તેઓ અતિ વૃદ્ધ હતા, અને હઝરત ઉમર (રદી.) ના અમલમાં અતિ વિસ્તૃત થયેલી શહેનશાહતને યોગ્ય અંકુશમાં રાખી શકયા નહિ. ત્હેમની કેટલીક અવ્યવસ્થાને લીધે પાછળથી આંતરવિગ્રહ અને શીઆ–સુન્નીના મતાંતર ઉદ્ભવ્યા. પોતે કંઇક કાનના કાચા હોવાથી પ્રજાને પણ અન્યાય થયો, અને પરિણામે પોતાનું પરહસ્તે અકાળ મૃત્યુ નીપજ્યું.

આખરે, હકદારને હક મળ્યો, અને હઝરત અલી મુરતુઝા (કરમ.) બિન શરતે ચોથા ખલીફા ચુંટાયા. "ખલીફ" સાથે વિશેષમાં તેઓ "ઇમામ" પણ ગણાય છે. પ્રથમના ત્રણ ખલીફા "ઇમામ" ગણાતા નથી. હઝરત અલી (કરમ.) નો વારો છેલ્લો આવ્યો ત્હેનાં બે કારણો હતાં: હઝરત પેગમ્બર સાહેબ (સઅમ)નાં સૌથી પ્યારાં બીબી હઝરત આયશા (રદી.) એક નજીવા કારણને લીધે હઝરત અલી (કરમ.) થી વિરૂદ્ધ વર્તતાં હતાં; અને હઝરત અલી (કરમ.) નાં બેગમ અને હઝરત પેગમ્બર સાહેબનાં સૌથી પ્યારાં પુત્રી હઝરત બીબી ફાતમા (રદી.), પેગમ્બર સાહેબની વફાત (અવસાન) પછી છ માસમાં જ ૨૫ વર્ષની વયમાં જ ખુદાની રહમતને પ્હોંચી ગયાં હતાં, ત્યાર પછી હઝરત અલી (કરમ.) એ બીજાં બીબી કર્યાં હતાં. આથી ત્હેમની લોકપ્રિયતામાં ઘટાડો થયો હતો. હઝરત અલી (કરમ.)એ ખિલાફતનો

અધિકાર હાથમાં લઇ, ત્હેમના અગાઉના ત્રીજા ખલીફા, હઝરત ઉસ્માન (રદી.) ના રાજ્યબંધારણમાં થયેલી કેટલીક ભુલો સુધારવા જતાં આંતરવિગ્રહનો આરંભ થયો. ત્હેની શરૂઆત, કમનસીબે, હઝરત બીબી આયશા (રદી.) તરફથી જ થઇ. હઝરત ઉસ્માન (રદી) ના ખુનીને હઝરત અલી (કરમ) સઝા કરતા નથી એવે બ્હાને બીબી આયશા (રદી) એ પોતાની લાગણીઓ બ્હેવા દીધી; તે એટલે સુધી કે પોતે "ઉમ્મુલ મોમનીન" (મુસલમાનોનાં મા) નો ગંભીર હોદ્દો વિસારી, પરદો પણ કોરાણે મુકી, લશ્કરની સરદારી લઇ, હઝરત અલી (કરમ.) સાથે જંગમાં ઝોકાવ્યું. આથી શામના સુબા મોઆવિયા, મિસરના સુબા અમર વગેરેને ઉત્તેજન મળ્યું અને થોડી લડાઇઓમાં મુસલમાનોનું પોતાનું જ ખુન રેલાયું. હઝરત અલી (કરમ.) એ દ્વંદ્વયુધ્ધની માગણી કરી, પરંતુ ભાડુતી સૈન્યના બળ પર ઝુઝનાર મોઆવિયાએ ભીરૂતા દેખાડી. છેવટે, સમરાંગણના વિજેતાને કિલષ્ટ ખટપટ અગમ્ય હતી તે અગમ્ય જ રહી. જંગના "હૈદરે" ફતેહની નોબત વગાડયા પછી, લવાદનો ફેંસલો સ્વીકારી, મુસલમાનો ની વધુ ખુનરેજી અટકાવવા હા ભણી. (આ લડાઇઓમાં અત્યાર સુધી પોણો લાખ મુસલમાનોની કતલ થઇ ચુકી હતી). લવાદના ફેંસલામાં દગો થયો અને ઇસ્લામી સલ્તનતની ઉન્નતિનો આફતાબ(સૂર્ય) ત્યારથી મગરિબ(પશ્ચિમ) તરફ ઉતરવો શરૂ થયો. શહેનશાહતના ભાગલા પડયા,

એ તા તૂટી, બાજી વિરામ્યું, ખિલાફત એક મટી બે થઇ, મદીના મુનવ્વરામાં હઝરત અલી (કરમ.) અને શામમાં મોઆવિયા. આ રીતે જુનું અરબસ્તાન નવીન જીતેલા પ્રાંતોથી જુદું પડયું. હજી ઇમામત–ધાર્મિક વડાપણું તો હઝરત અલી (કરમ.) નું જ રહ્યું હતું. મોઆવિયા ઉત્તર પ્રાંતોના ખલીફા રૂપે માત્ર સ્વતંત્ર સુબો હતો, તે પોતાને "અમીરૂ'લ મોમનીન"ને બદલે "ખલીફ" કહેવડાવતો. અને ત્હેના પછી ત્હેના વંશજો "અમીર" કરતાં "ખલીફ" વધારે મોભાદાર લકબ સ્હમજી પોતાને "ખલીફ" કહેવડાવવા લાગ્યા.

સલાહ થઇ, છતાં ક્ષુદ્ર ખટપટો ચાલુ રહી. હરીફોના રાજ્યલોભથી ઇસ્લામનું અનિષ્ટ થાય છે, એમ માનનાર એક અરાજકવાદી (anarchist) મંડળ ઉભું થયું, આંતર વિગ્રહના ત્રણ નાયક, હઝરત અલી (કરમ.), મોઆવિયા અને અમરૂને એક જ દિવસે કતલ કરવા મંડળના ત્રણ જણે બીડું ઝપડયું. ત્રણે હુમલા થયા. કમનસીબે હઝરત અલી (કરમ.) ઉપરનો આઘાત જીવલેણ નિવડયો. આ બનાવ પાક રમઝાન શરીફના મહિનામાં અને વળી મસ્જીદમાં જ બન્યો ! મુસલમાનોમાં નીતિતત્વ ઘટતું જતું હતું ત્હેની આ સાફ નિશાની અને સાબિતી હતી.

હઝરત અલી (કરમ.) પછી પણ ખિલાફત માટે પ્રજાકીય પસંદગી થઇ. હઝરત અલી (કરમ.)ના વડા પુત્ર

અને હઝરત પેગમ્બર સાહેબ (સલ્અમ) નાં સોથી પ્યારાં પુત્રી હઝરત બીબી ફાતમા (રદી.)ના લાડકવાયા નુરચશ્મ ફરઝંદ, હઝરત ઇમામ હસન (રદી.) પાંચમા ખલીફા ચુંટાયા (ઈ. સ. ૬૭૨). હઝરત ઈમામ હસન (રદી) ના શાંતિપ્રિય સ્વભાવને રાજ્ય ખટપટ અનુકૂળ ન્હોતી. તેથી ત્હેમણે પોતાના જીવન દરમ્યાન ખિલાફતનો હક મોઆવિયાને આપ્યો. પરંતુ આ હક મોઆવિયા માટે પણ ત્હેના પોતાના જીવન પર્યંત જ હતો, હજી ઈમામત તો એહલેબેંતમાં આલે નબી (પેગમ્બરના વંશજ) હઝરત ઈમામ હસન (રદી.) નીજ હતી, અને ત્હેમની જ ચાલુ રહી.

ખિલાફત અને ઇમામત જુદાં પડયાં. આ ગોઠવણ હઝરત ઇમામ હસન (રદી.)ના ન્હાના ભાઇ, હઝરત ઇમામ હુસેન (રદી.)ને નાપસંદ હતી, છતાં વડીલ બંધુની મરજી વિરૂદ્ધ વર્તવું ત્હેમને તેટલુંજ અપ્રિય હતું. તેથી વડીલની હયાતી દરમ્યાન વસ્તુસ્થિતિ સ્વીકારી નિભાવી લીધું.

મોઆવિયાનો રાજ્યલોભ વૃદ્ધિ પામતો ગયો. પોતાના જીવનમાં જ પોતાના પુત્ર યઝીદને પોતાનો રાજ્ય વારસ જાહેર કર્યો. ખુદ પેગમ્બર સાહેબ (સલ્અમ) એ જે કામ ન્હોતું કર્યું તે કામ મોઆવિયાએ કર્યું, નવીન રિવાજ દાખલ થયો. ત્યાર સુધીની પ્રજાકીય પસંદગીની પદ્ધતિ પલટાવી નાંખી. શામ, રૂમ અને ઇરાનની પ્રજા પિતા–પુત્રના

ઉત્તરોત્તર વારસાઈ હકથી સુપરિચિત હતી, તેથી તે પ્રજાને તો મોઆવિયાનું આ કૃત્ય તદ્દન સ્વાભાવિક લાગ્યું. છતાં જ્યારે આ હકીકત મોઆવિયાના દુતોએ મક્કા–મદીનામાં જાહેર કરી ત્યારે અરબ પ્રજા ઉશ્કેરાઈ ગઈ. દુતોએ આ પરિસ્થિતિ મોઆવિયાને જણાવી.

રાજ્ય લોભ શું ન કરે? લોભી પિતાના વિશેષ લોભી પુત્રને "કૈસર" અને "સીઝર"ની જાહોજલાલી જતી કરવી કેમ રૂચે! આખરે, તેણે નીચ પ્રવૃત્તિ આદરી, ઇમામ હસન (રદી.) ને તેમનાં પોતાનાં જ બેગમ પાસે ઝેર દેવરાવ્યું. લાલચમાં પોતે પરણવાનું વચન આપ્યું હતું. કામ સરી રહ્યે આપેલું વચન પાળ્યું નહિ. બેગમને જવાહેરાતથી નવાજી અને વેર ન લેવા વિનવ્યું.

યઝીદનું રાજ્યારોહણ ઇસ્લામી તવારીખમાં તદ્દન નવીન પ્રસંગ હતો. પ્રજાકીય ચુંટણીને સ્થાને પિતાએ કરેલી નિમણૂક હતી; મોઆવિયાના પુત્ર હોવા ઉપરાંત યઝીદમાં બીજા કોઇ અંગત ગુણ ન્હોતા; તેમ પુત્રમાં પિતાની કાર્ય કુશળતા પણ ન્હોતી. ખિલાફતના સંગીન અધિકાર પર ઇમામતનો ઢોળ ચઢાવી ઇસ્લામી દુનિયાને આંજી નાંખવા યઝીદે ઇચ્છા કરી. હઝરત ઇમામ હુસેન રદી.) પાસે પોતાની બેઅત–ઇમામત કબુલ કરાવવા કાવત્રું રચ્યું.

ત્રણ વર્ષ સુધી (ઇ. સ. ૬૭૭ થી ૬૮૦) હઝરત ઈમામ હુસેન (રદી) એ યઝીદની ખિલાફત સ્હામે વિરોધ દર્શાવ્યો ન્હોતો. તેથી પ્રતીત થાય છે કે ઇમામ હુસેન (રદી.) એકલી ખિલાફત માટે ઝાઝો આગ્રહ કરત નહિ. પણ ઇમામત–એ તો પોતાનો જ જન્મસિદ્ધ હક : તે કેમ છોડાય? જેમણે પોતાની શિશુવયમાં ખુદ પેગમ્બર સાહેબ (સઅમ)ને ઇસ્લામનો પ્રચાર કરતાં જાતે જોયેલા ઈસ્લામનું ગૌરવ જેમની રગેરગમાં ઉછળતું હતું, તે ઇસ્લામને અપમાન શી રીતે કરી શકે?! ઈમામત કંઇ બજારૂ ચીજ ન્હોતી કે ખરીદી શકાય, ઇમામત આપી લેવાતી નથી, લીધી મળી શકતી નથી. તે માટે ગુણ જોઇએ કુદરતી બક્ષિસ જોઇએ, ઇશ્કે ઇલાહીની જાગતી જ્યોતિ જોઇએ. ઇમામતનો ઝગડો ખિલાફતમાં પલટાયો. તલવાર વિના સિપાહી નકામો છે; લશ્કર વિના રાજ્ય હોય નહિં ખિલાફતના ઝોરશોર વિના ઇમામત થાય નહિં. ઈમામતના કાનુન ખિલાફતના ઇન્સાફ અને અંકુશ વિના અમલમાં આવે નહિં.

ખટપટથી દૂર રહેવા, હઝરત ઈમામ હુસેન (રદી.) મદીના છોડી મક્કે ગયા. ત્યાં ત્હેમને કુફાના લોકનું આમંત્રણ મળ્યું. મોઆવિયા સાથેની લડાઇઓ વખતે હઝરત અલી (કરમ.)એ કુફાને પોતાનું પાયતખ્ત બનાવ્યું હતું. તેથી ત્યાંથી ખાસ આમંત્રણ થયું હતું, શુભેચ્છકોએ

કુફાની પ્રજાનો ભરોંસો નહિ કરવા સ્હમજાવ્યું, પણ આ બાબતમાં ભરોંસાનો સવાલ જ ન્હોતો. પોતાને માટે અંગત લોભ હતો જ કયાં? કુફાની પ્રજા યઝીદ વિરૂદ્ધ, ઇસ્લામમાં દાખલ થતી નવીન અનીતિ વિરૂદ્ધ, પોતાની મદદ માગતી હતી, તેને ના કેમ કહેવાય? કુફે જવામાં પોતાને અશાંતિ હતી. વિગ્રહનું જોખમ ખેડવાનું હતું, પણ તેથી શું? તેમ કરવાની ફરજ હતી. ઇસ્લામનું બંધારણ જોખમમાં હતું. "કૈસર" અને "સીઝર" ની જોહુકમી ઇસ્લામમાં દાખલ થતી હતી. તે સ્હામે વિરોધ કોણ કરે? એ ફરજ સૌ મોમીનની–મુખ્યત્વે એહલેબે'તની હતી. કુફાવાળા પોતાની ફરજ બજાવવા તૈયાર થયા હતા. તેઓ માત્ર આગેવાન માગતા હતા. પોતે જવું અને યઝીદ સ્હામે થવું, એ પોતાની ફરજ કરતાં કાંઇ વિશેષ ન્હોતું. ઇમામત પોતાની હતી, ખિલાફત પણ પોતાને મળવી જોઇએ; પણ ત્હેમાં સ્વાર્થ ન્હોતો, અંગત રાજ્યલોભ ન્હોતો, ઇસ્લામની તરક્કી (પ્રગતિ) સિવાય બીજી કોઇ ઇચ્છા ન્હોતી.

આખરે, કુફે જવા નકકી કર્યું. પોતાના ત્યાંના કાર્યમાં વિલંબ ન થાય તે માટે પોતાના ભાઇ મુસ્લિમને અગાઉથી મોકલી, જરૂરી તૈયારી કરી રાખવા જણાવ્યું, પોતે પણ પાછળથી કુફા તરફ કુચ કરી. કબીલો સાથે લીધો. પોતાની ગેરહાજરીમાં અને તે વખતની ડામાડોળ સ્થિતિમાં ત્હેમને પાછળ મુકવામાં યે જોખમ, તેથી કબીલાનો પણ સાથે

જવાનો તેટલો જ આગ્રહ હતો હઝરત ઇમામ હુસેન (રદી) ને કુફામાં કંઇ જોખમ આવી પડે, અને કબીલાનાં માણસો મકકામાં શાંતિમાં વસે, તે કબીલાને પોતાને પણ તેટલું જ અસહ્ય હતું. છેવટે થોડાં અંગરક્ષક માણસો લેવાનું કબુલ્યું.

કુફે કુચ કરવાની આગલી રાત્રે હઝરત ઈમામ હુસેન (રદી.)ને એક અનિષ્ટ સ્વપ્ન થયું, કુફે જવામાં પોતાનું અમંગળ થશે, એમ સ્હમજ્યા છતાં ઉપડયા. આવી આગાહી ત્હેમને પ્રથમથી જ હતી. કહે છે કે પોતાના નાના જાન પેગમ્બર સાહેબ (સલ્અમ)એ જ તે આગાહી કરી હતી. પોતાના પિતાએ પણ તેવી જ વસીઅત કરી હતી. એ બેઉ પરવરદિગારના પ્યારા હતા, અને ત્હેમની અનેક આગાહીઓ સત્ય નીવડી હતી. પોતાના અમંગળની આ પ્રમાણે ખાત્રી હોવા છતાં કર્તવ્ય કરતાં પાછું જોયું નહિ. "**તવક્કલતો અલલ્લાહ**"–અલ્લાહ પર ભરોંસો રાખો!

કુફાની સરહદ પર યઝીદનું એક હઝાર માણસનું લશ્કર હુરૂરની સરદારી નીચે સ્હામે મળ્યું. ઈમામ હુસેન (રદી.)ને કેદ કરી કુફે લઇ જવા હુરૂરને હુકમ હતો, તે જ વખતે કુફાનો થિરમા નામનો એક હિતચિંત્તક ઈમામને મળ્યો. ત્હેણે ઇમામ હુસેન (રદી.)ને કુફાની બદલાયલી પરિસ્થિતિ સ્હમજાવી. હવે આગળ વધવું જોખમ ભરેલું હતું. થિરમાએ ઈમામ હુસેન (રદી.) ને સલામતી માટે

પાસેના ન્હાડી કિલ્લામાં લઇ જવા કહ્યું. તેમ કરવામાં કુફાની પ્રજાનો વિશ્વાસઘાત થાય એમ સ્હમજી ઇમામ હુસેન (રદી.)એ ના પાડી. તેથી થિરમાએ ઇમામ હુસેન (રદી.)ને મકકે પાછા જવા વિનવ્યા. તેમ કરવામાં ભીરૂપણું જણાય, તેથી તે યે કબુલ્યું નહિં. પણ હુરૂરે ત્હેમને આગળ વધવા દેવા ના પાડી. છેવટે આગળ વધતાં હુરૂરે હરકત લીધી નહિં, પરંતુ ત્હેમના ઉપર દેખરેખ રાખવા હુરૂરે પોતાનું લશ્કર ઇમામ હુસેન (રદી.)ના રસાલા સાથે રાખ્યું. એટલામાં યઝીદનું ૪૦૦૦ માણસનું વધુ લશ્કર આવી પ્હોંચ્યું, અને આગળ વધવાનો માર્ગ રોકાયો. હવે કેદી થઇ આગળ વધવા ઇમામ હુસેન (રદી) એ પોતે જ ના પાડી અને ત્યાં જ મુકામ કર્યો, યઝીદ પાસે જાતે જઇ પોતાના કલહનો નિવેડો લાવવા ઇમામ હુસેન (રદી) એ નિડરપણે ઇચ્છા દર્શાવી. મુસલમાનોમાં આંતરવિગ્રહ થાય અને મુસ્લિમોની પોતાની જ ખુનરેજી થાય, તે અટકાવવા પોતે મકકે પાછા ફરવા જણાવ્યું. તેમ પણ નહિં તો તે વખતે ચાલતી યઝીદ તરફની પર રાજ્ય સાથેની કોઇ પણ લડાઇમાં સરદારી લેવા ખુશી જણાવી. આ બધું કબુલ, પણ યઝીદની બયત–તે તો નાકબુલ ! પોતે કોણ! યઝીદ કોણ ! યઝીદની બયત હોય જ નહિં; પોતાનાથી તો તે કબુલ થાય જ નહિં. ઇમામત તો એહલે બે'તની જ હોય. ટેક જાળવવા શિર જાય તો ખેર ! પણ ઇસ્લામથી વિરૂદ્ધ

વર્તાય કેમ ! પેગમ્બર સાહેબની વફાતને પૂરાં સાઠ વરસ પણ ન્હોતાં થયાં, તેટલામાં જ ઇસ્લામની આ બરબાદી !

સૈયદા અનીસ ફાતમા પોતાના " ઝિન્દા જાવીદ, " (ચિરંજીવી), Ever Alive, નામના સુન્દર કાવ્યમાં કવે છે કે—

કસ લી કમર હુસેનને. યે દિલમેં થાન કર,
જાયે તો જાયે સર મેરા. બઢને ન પાયે શર.
બાકી હય દમમેં દમ મેરે જબ તક, મજાલ કયા,
બિગડે ઝરા ભી દીન રસૂલે અનામ કા !
રાહે ખુદામેં કટ કે સરે ઇજ્ઝ યે મેરા,
હક્ક કે ફિદાયયોં કા બને એક રહનૂમા.

આ રાત્રે એક બીજું સ્વપ્ન થયું : મોતના ફિરસ્તાએ મોતની આગાહી આપી! છતાં પોતે કરેલો નિશ્ચય તેવો જ અડગ રહ્યો.

મુકામ નદી કિનારે હતો. પણ દુશ્મને વચ્ચે આવી નદીનું પાણી ઇમામ હુસેન (રદી) નાં માણસોને મળતું અટકાવ્યું હતું. બે દિવસ અને બે રાત રેતીના રણની અસહ્ય ગરમીમાં ગાળ્યાં. નાજુક બીબીઓ અને કુમળાં બાળકો પાણી વિના અતિ અતિ દુ:ખી થયાં. પાણી લેવા જાય ત્યાં તો દુશ્મન તરફથી તીરનો વરસાદ વરસે ! ધૈર્યની કસોટી થઇ. પણ બખ્ત કબુલી પોતાની સલામતી ઇચ્છવી એ તો બને જ કેમ ! અંગત સલામતી ઉપરાંત

વિશેષ અધિકાર પણ મળશે એમ દુશ્મને લાલચ આપી, પણ "ચાર દિવસની ઝિંદગી" માટે દીનની ખરાબી પોતાને હાથે જ કેમ થઇ શકે! દુશ્મને પોતાનાં કબીલાનાં માણસો માટે પાછા જવાના સલામતીના પાસ મોકલ્યા હતા. પણ પોતાના સરદારને જોખમમાં છોડી જવા સૌએ સાફ ઈન્કાર કર્યો. ઇમામ હુસેન (રદી.) એ પોતે પણ પોતાનાં અંગ રક્ષક માણસોને વિદાય થઇ ત્હેમની સલામતી સંભાળવા વિનવ્યા. પણ તેઓ શી રીતે જાય! "સરવરે કાયનાત," પેગમ્બર સાહેબ (સઅમ) ના પ્યારા નવાસાને જાનના જોખમમાં મુકી કયો "મોમીન" જવા હા પાડે! ખુદ દુશ્મનનું છતાં ઈસ્લામી લશ્કર ઇમામ હુસેન (રદી.) સ્હામે હથિયાર ઉંચકવા નારાજ હતું. છેવટે લશ્કરનો સરદાર બદલાયો, અને લડાઇ નક્કી થઇ.

લડાઇની આગલી રાત્રે ત્રીજું સ્વપ્ન થયું. નાના જાન ખ્વાબમાં આવી " જન્નતમાં આવવાની થોડી વાર છે, " એમ કહી ગે'બ થઇ ગયા. પોતાના કબીલાને વાત કરી. સ્વાભાવિક કકલાણ શરૂ થયું. "ઇન્ના લિલ્લાહે, વ ઇન્ના ઇલયહે રાજેઊન," અર્થાત, "અલ્લાહ તરફથી આવ્યા છીએ, અને અલ્લાહ તરફ પાછા ફરવાનું છે." ગ્રીક ફિલ્સુફ સોક્રાત (Socrates) માફક આત્માના અમરત્વ ઉપર વિવેચન કર્યું. બંદગીમાં રાત ગાળી. સ્હવારે લડાઈ શરૂ થઇ. પ્રથમ પોતે આગળ આવી લશ્કરને કુરઆનેશરીફની

સૂરા ૧૦ આયાત ૭૧-૭૨ (પારા ૧૧. રૂકુ' ૧૩)નો બોધ કર્યો:-

ફ લમ્મા અલકવ્ કાલા મૂસા મા જેઅ્તુમ્ બેહિમ્ સિહર્. ઇન્ન'લ્લાહા સયુબ્તેલુહ્. ઇન્ન'લ્લાહા લા યુસ્લેહો અમલ'લ્ મફસેદીન. (૭૧). વ યે હક્કુ-લ્લાહુલ્ હક્કા બે કલેમાતેહી વ લવ્ કરેહલ્ મુજરે-મૂન. (૭૨): જ્યારે એમણે (ફિરઓનના જાદુગરોએ) (પોતાની દોરીઓ અને લાકડીઓ) આગળ નાંખી, ત્યારે હઝરત મૂસા (અલ)એ કહ્યું, જે ચીજો ત્હમે નાંખી છે તે જાદૂ છે. ખુદા પાક હમણાં એમનો નાશ કરશે. અલ્લાહ તઆલા આંતર કલેશ કરાવનારનાં કામ સુધરવા દેતો નથી. (૭૧). અને ગુન્હેગારને પસંદ ન પડે તો પણ અલ્લાહ-તઆલા સત્યને સત્ય તરીકે જ જાહેર કરશે. (૭૨). **सत्य मेव जयते !**

હુરૂર દુશ્મનના લશ્કરમાંથી છુટો પડયો. ત્હેની સાથે ત્હેના ત્રીસ સાથીઓ જુદા પડયા. હઝરત ઇમામ હુસેન (રદી.)ને પ્રથમ રોકનાર તેઓ હતા. આ સર્વ અનિષ્ટના મૂળ પોતે જ છે, એમ ત્હેમને પશ્ચાતાપ થયો. હુરૂર લશ્કરની આગળ આવ્યો, અને તેઓ કોની સ્હામે લડવા તૈયાર થયા છે, ત્હેનું દુશ્મનના સિપાહીઓને ભાન કરાવ્યું, રોઝે હશર (કયામત) માં હઝરત પેગમ્બર (સલઅમ) ને મળવાનું છે, ત્હેમનાં જ પ્યારા નવાસા સાથે લડી, દીન

અને દુનિયાની લા'નત (શ્રાપ) થી સિપાહીઓને ચેતાવ્યા. આ ઉપદેશની કંઇ અસર થાય તે પહેલાં નવા સરદાર શમર લઇન (શ્રાપિત) એ પોતાનું તીર છોડી લડાઇની શરૂઆત કરી. હુરૂર અને ત્હેમના ત્રીસ સાથીઓ ઇમામ હુસેન (રદી.)ની માફી મેળવી એહલેબેત તરફથી લડી શહીદ થયા. લડાઇ નહિ પણ કતલ થઇ! ઇમામ હુસેન (રદી.) નાં સઘળાં માણસો શહીદ થયાં. ૫૦૦૦ ના લશ્કર આગળ ગણ્યા ગાંઠ્યા એકંદર ૧૦૦ માણસોનો શો હિસાબ! ઇમામ હુસેન (રદી.) ની શહાદત થઇ! અને તે પોતાના નાનાની જ ઉમ્મતને હાથે!! ઇસ્લામી તવારીખમાં ગજબ થયો! દુનિયાભરના ઇતિહાસમાં આથી વધારે ગમગીન બનાવ જડતો નથી.

ઉપર કહેલ "ઝિંદા જાવીદ" નાં લેખિકા કવે છે–

થી જાન ઉસ કી નઝર જમાઅત કે વાસ્તે,
રેહતા થા સર બ કફ, વો શહાદત કે વાસ્તે.

હઝરત ઇમામ હુસેન (રદી) ની શહાદત સાથે, જે રાજકીય અને ધાર્મિક તત્વ માટે પોતે જાનને જોખમે લડી પોતાના કબીલાની ખુવારી કરી હતી, તે તત્વ સૈકાઓ માટે અદ્રશ્ય થયાં. જ્યારે યુરોપ જહાલતના અંધકારમાં ડુબેલું હતું, ત્યારે ઇસ્લામે પ્રજામાં પ્રજાતંત્ર યોજ્યું. પ્રજાતંત્ર રાજ્ય વ્યવહારમાં અને ધર્મ બંધારણમાં બેઉ

રીતે દુનિયાને અમલમાં મુકી દેખાડયું. આ પ્રજાતંત્ર રાજ્ય અંગમાં મોઆવિયાએ તોડયું, અને યઝીદે ધાર્મિક અંગ પણ છિન્નભિન્ન કરી નાંખ્યું. ઇમામ હુસેન (રદી.) નો એજ પ્રતિ વિરોધ હતો. યઝીદે ત્યાર પહેલાંની ખિલાફતની સાદાઇ તજી, રૂમી જાહોજલાલી વધાવી, વધારી, પ્રસારી. વિનાશનાં બીજ રોપ્યાં.

"ઝિંદા જાવીદ"નાં લેખિકા કોમને માટે શોકરૂદન કરી કહે છે—

દેખો ઉજડ રહા હય ચમન આજ કોમ કા,
બે આબ આજ હય ગોહરૂ-એ-તાજ કોમ કા,
હુશિયાર ! ફેંસલે કી ઘડી સર પે આ ગઈ,
કુચ્છ તો કરો, બચા તો લો ઇઝ્ઝત રહી સહી.

એહલેબે'તનું વેર વાળવાને બ્હાને અબ્બાસી ખલીફાઓ લોકપ્રિય થયા. પરંતુ પોતાનાં મૂળ ઉંડાં ઉતરતાં, જેમને માટે પોતે લડયા હતા ત્હેમને સહજ વિસરી ગયા. પરિણામે શીઆ પક્ષ ઉપસ્થિત થયો. હઝરત ઇમામ હુસેન (રદી)નાં બેગમ, શહેરબાનુ, ઇરાનના છેલ્લા શાહ, યઝદગર્દનાં શાહઝાદી અને વારસ હતાં. તેથી આખું ઇરાન એહલે બે'તના પક્ષમાં ભળ્યું અને શીઆ પંથી બની ગયું. રાજકીય મતાંતર મઝહબમાં દાખલ થયા અને દિન પ્રતિ દિન વધતા ગયા. આજે ઇસ્લામમાં ન્હાના મ્હોટા ૭૨ ફિરકા (પંથ)

છે. સૌ ફિરકા દીનનો એક જ કલમો પઢે છે: "લા ઇલાહા ઇલ્લલ્લાહ, મોહમ્મદુર્ રસુલુલ્લાહ": છતાં એક બીજા તરફ ઝેરની નજરે જુવે છે! હિન્દુ મુસ્લિમ ભેગા થાય, 'ઐક્ય' સાધે. છતાં શીઆ સુન્ની ભેગા શું ન જ થઇ શકે! અફસોસ! આ બધું શાને લીધે? ઇમામ હુસેન (રદી.) વિજયી થયા હોત તો આજે સ્થિતિ કેવી હોત! ઉર્દુ શાયર "હાલી" ના મુસદ્દસ વાંચો. એનું ગુજરાતી ભાષાંતર "ઇસ્લામનો ભરતી ઓટ" જુઓ.

રાજ્ય વ્યવહારમાં પ્રજાતંત્ર ચાલુ રહ્યું હોત, તો મધ્યકાલની અંધાધુનીને અવકાશ મળત નહિં. યુરોપે પ્રજાતંત્ર ફ્રેંચ રેવોલ્યુશન પછી ૧૮ મા સૈકામાં જોયું. અમેરીકાએ તેથી જરા પ્હેલાં, તોપણ પૂર્ણ રીતે તો હજી પણ અનુભવ્યું નથી. અમેરીકન પ્રેસીડન્ટ વુડરાઉ વિલ્સનનું "ધિ સ્ટેટ" નામનું પુસ્તક વાંચતાં આ સત્ય પ્રતીત થશે. તેમ છતાં સંપૂર્ણ પ્રજાકીય રાજ્યતંત્ર ઇસ્લામે ઇ. સ. ના સાતમા સૈકામાં પ્રત્યક્ષ કરી દેખાડયું હતું. મસ્જીદ તે "અમીરૂ'લ મોમનીન"નો રાજ્યમહેલ; મસ્જીદમાંની મિમ્બર તે રાજ્યાસન, મસ્જીદમાંની ફાટી ટુટી સાદડી તે દરબારની ફરશ; ખુત્બો પઢતાં પકડવાનો "અસો" (લાકડી) તે ખલીફા—શહેનશાહનો રાજદંડ, અમીર અને ગરીબ, શાહ અને ફકીર, એક જ સાદડી પર, એક જ હારમાં, સાથે સાથે, એક જ ખુદાની બંદગી કરે—નમાઝ પઢે, હજ વખતે

અદના ફકીર અને "ખલીફ'તુલ મુસ્લમીન", "અમીરૂ'લ મોમનીન" એક જ પ્રકારનું "એહરામ" પહેરે, અને હજની સૌ વિધિઓ સાથે રહી એક સરખી રીતે કરે. પૈસો અને અધિકાર વિચરી જાય–એથી વિશેષ પ્રજાતંત્રમાં શું હોય ! વિશ્વમય બંધુત્વ–Cosmopolitan Brotherhood તે આ ! ખિલાફત ડમસ્કસથી બગદાદ, અને ત્યાંથી ઈસ્તમ્બુલ જતાં આ બધું વિસરાયું. હવે એંગોરે આવતાં બેઉ રીતે સ્થિતિ બદલાયાનાં શુભ ચિન્હ દેખાય છે. આમીન !

આ લેખ પ્રથમ પ્રગટ થયો છે—

પ્રો. બ. ક. ઠાકોર તરફથી પ્રગટ થયેલ

"કાન્તમાળા," જુન ૧૯૨૪.

અનુસંધાન પાન ૧૬ થી ચાલુ.

૪

ચોથો કલમો અલ્લાહની એકતા બાબત છે. તૌહીદ-વહદ-અહદ ઉપરથી નીકળેલો છે. આ શબ્દોના અર્થ તથા ટીકા માટે કુલહોવલ્લાહની સૂરા જુઓ.

અલ્લાહની વહદાનિયત એ ઇસ્લામના પાયાનો પ્હેલો પત્થર, corner-stone છે. વહદાનિયતનું બીજું અંગ, ઢાલની બીજી બાજુ માફક; શિર્ક—નાસ્તિકતાનું ખંડન છે. રાત અને દિવસ માફક આ બે અકીદા (માન્યતાઓ) એક બીજાની જોડી છે. આ અકીદા ઇસ્લામનું હાર્દ છે, ઇસ્લામનું કેન્દ્ર છે. તે વિના ઇસ્લામ સંભવતો નથી.

લહુલ્ મુલ્કો : સકળ સૃષ્ટિ એ જ કિરતારની છે. લહુલ્ હમ્દો : સઘળી તા'રીફ પણ એની જ થવી જોઇએ. યૂહ્ઇ વ યોમીતો : તે જ જન્મ આપે છે, અને તે જ મરણ શરણ કરે છે. હઝરત ઇસા (અલ) નું જીવન આ સત્યનું જીવંત દ્રષ્ટાંત્ત છે. હઝરત ઇસા (અલ) એમનાં માતા બીબી મરીઅમ (રદી) ની કુંવારી અવસ્થામાં જન્મ્યા હતા. ઇર્ષાખોરો અને નાસ્તિકો બીબી મરીઅમ (રદી) ના નૈતિક જીવન વિશે કુચેષ્ટા કરતા હતા.

કુરઆને પાકમાં અલ્લાહતા'લા ફરમાવે છે કે સત્ય હકીકત તેમ નથી. ખુદા પાકે હઝરત જીબ્રીલ (અલ)

મારફતે બીબી મરીઅમ (રદી) ના શરીરમાં અલ્લાહની રૂહ ફુંકાવી હતી. અને તે રીતે બીબી મરીઅમે હઝરત ઈસાને જન્મ આપ્યો હતો. તેથી જ હઝરત ઇસાનું ઉપનામ "રૂહ અલ્લાહ" પડયું છે. સારાંશ કે અલ્લાહ પાક કુદરતના સામાન્ય કાનુનો ઉલ્લંઘીને પણ પોતાની ઇચ્છા મુજબ જન્મ આપી શકે છે.

તેવી જ રીતે, હઝરત ઇસાને યાહુદીઓએ મો'તની સજા ફરમાવી, સુળી (અરબી : સલબ) cross પર ચઢાવ્યા અને મારી નાંખવા ખીલા માર્યા, અને માની લીધું કે હઝરત ઇસા મરી ગયા. પરંતુ ખુદાપાકની કુદરત હતી કે સુળી પર ચઢાવતી વેળા, અલ્લાહ તઆલાએ હઝરત ઇસા (અલ)ને ચમત્કારી રીતે અદ્ધર ઉઠાવી લીધા, અને ત્હેમને બદલે, એક ત્હેમના જેવી જ આકૃતિનો માણસ મુકી દીધો; જે બીજો માણસ સુળી પર મરી ગયો. હઝરત ઇસા (અલ), ઇસ્લામની માન્યતા પ્રમાણે ચોથા આસ્માન ઉપર એમના દુનિયવી શરીર સાથે હજી હયાત છે; અને કયામત થતા અગાઉ, દુનિયા ઉપર પાછા આવી, ઇસ્લામનો ફરીથી તાજેતર પ્રચાર કરશે.

હઝરત ઇસા (અલ) ના દુનિયા ઉપર હજી એક વખત ફરીથી પાછા આવવા સંબંધે ખ્રીસ્તીઓ પણ સંમત છે.

આ પ્રમાણે મરણનો અધિકાર આયુસનો નહિ પરંતુ

અલ્લાહ તઆલાનો જ છે.

તાત્પર્ય કે આણુસના જન્મ મરણનો અધિકાર માત્ર અલ્લાહ એકલાના જ હાથમાં છે.

જરા વિચારો કે આજકાલની શોધખોળો મુજબ તાર વિનાના સંદેશા; તે દ્વારા અસલ અક્ષરો, ફોટાઓ વગેરે મોકલવાનાં સાધનો; ઘણે દૂર સુધી જોવાનાં Television નામનાં યંત્રો, વગેરે વગેરે કાળા માથાનો માનવી અજમાવી રહ્યો છે. છતાં બાળક કેમ પેદા કરવું એ હજી કોઇ પણ વિજ્ઞાન શાસ્ત્રીને સમજાયું નથી, અને સમજાવાનું પણ નથી.

બે મદેહિલ ખય્ર: સારૂં નરસું ભાવિ માત્ર અલ્લાહના અધિકારમાં છે. અહિં પણ અનેક દેવ દેવીઓના નાસ્તિકવાદનું ખંડન અને વહદાનિયત—અદ્વૈતવાદનું પ્રતિપાદન છે. એ વિષે ઉપર ઘણું કહ્યું છે.

હોવા અલા કુલ્લે શયઇન્ કદીર: હરેક વસ્તુ ઉપર અલ્લાહનો કુલ અખ્ત્યાર છે ઉપર લા હવ્લ વ લા કુવ્વતની ટીકામાં આ સંબંધી જરૂરી હકીકત આપી છે. આ સત્ય એટલું સ્વસિદ્ધ છે કે વિશેષ ખુલાસાની આવશ્યકતા રહેતી નથી.

૫

વહદાનિયતનું બીજું અંગ રદ્દે કુફ્ર છે. કુફ્ર

(નાસ્તિકતા) મટે નહિ ત્યાં સુધી વહદાનિયતનો પ્રચાર અસંભવિત છે. નાસ્તિકતા બે પ્રકારની કહી છે. એક આપણને સ્હમજાય ત્હેવી, અને બીજી ન સ્હમજાય ત્હેવી. કુરઆને પાકમાં શિર્કની ઘણી બાબતો કુફ્ર તરીકે સ્હમજાવી છે. છતાં કોઇ બાબત, જેને આપણે શિર્ક નથી એમ માનતા હોઇએ છતાં તે શિર્ક હોય, ત્હેવી સઘળી બાબતોથી ખુદા પાક આપણને બચાવી લે, ત્હેવી અલ્લાહની બંદગી (પ્રાર્થના) આ કલમામાં કરવામાં આવેલી છે.

ઉદાહરણાર્થે, પીર ઓલિયાની દરગાહોમાં જઇ ત્હેમની તુરબતો (કબરો) આગળ સિજદો કરવો (નમાઝમાં માથું જમીન ઉપર મુકી બંદગી કરે છે તેમ) એ બિદ્અત છે, અર્થાત એક પ્રકારનું કુફ્ર છે. તેવી જ રીતે મોહર્રમમાં તાબુતની માનતા માનવી, ત્હેને નાળિયેર ચઢાવવાં વગેરે પણ એ જ પ્રકારનાં કુફ્ર છે. છતાં આજ કાલ કેટલા બધા મુસલમાનો, કે જેમને આપણે સાધારણ રીતે ધર્મચુસ્ત માનીએ છીએ તેવા મુસલમાનો, આ દેખીતા કુફ્રને ઇસ્લામ સ્હમજી તે મુજબ વર્તે છે. આવાં કુફ્રથી પણ ખુદા રક્ષણ કરો એવી અહિં પ્રાર્થના છે.

તુબ્તો : કુફ્રના અને બીજા ગુન્હાઓની હું તૌબા કરૂં છું, તે ખુદા પાક તું કબુલ કર.

રજઅ્તો : ખુદા પાક ! હું ત્હારી સમક્ષ રજુ થાઉં

છું, તું ચાહે તે કર, એ આ ઉદ્દગારનો આંતરધ્વની છે.

અસ્લમ્તો: સલમ=તે શરણ થયો, he resigned. ઇસ્લામ શબ્દનો ધાતુ પણ એ જ છે. ખુદા પાક! હું ત્હારી સૌ આજ્ઞાને આધિન છું. અર્થાત્, કુરઆને પાકમાં ફરમાવેલાં ત્હારાં સઘળાં ફરમાનો હું સ્વીકારૂં છું, અને તે અનુસાર હું મ્હારૂં વર્તન ઘડવા બંધાઉં છું.

ઇસ્લામનો આ તાત્વિક અર્થ કેટલા મુસલમાનો કરે છે! આજકાલ દાઢી રાખવી અને ગોસ્ત ખાવું ત્હેમાં જ જાણે ઇસ્લામ આવી રહ્યો છે!!! કોઇનું આંતર જીવન ગમે તેટલું ઇસ્લામી કાનુનો અનુસાર હોય, છતાં આ બ્હારનાં 'લેબલો' વિના, કહેવાતા મોલવીઓ ત્હેને માટે કેટલા અને કેવા આક્ષેપો કરે છે!

અકૂલો: હું કહું છું —**અશ્હદો** વગેરે.

અશ્હદો: શહાદતનો બીજો કલમો આખો જ અહિં મુકી દીધેલો છે. એ જ દેખાડી આપે છે કે બીજો કલમો અને ત્હેમાં સમાયલા સિદ્ધાંતો ઇસ્લામની દ્રષ્ટિએ અતિ અગત્યના છે.

આમન્તો.

ઇમાને મોજમ્મિલ.

આમન્તો—	હું ઈમાન લાવું છું—
૧ બિલ્લાહે	૧ અલ્લાહ ઉપર,
૨ કમા હોવા બે અસ્માએહી	૨ ત્હેનાં (સઘળાં) નામ ઉપર,
૩ વ સિફાતેહી	૩ અને ત્હેના (સઘળા) ગુણ ઉપર,
૪ વ કબિલતો જમીઆ અહકામેહી	૪ અને હું સ્વીકારૂં છું ત્હેનાં સઘળાં ફરમાન
૫ વ અરકાનેહી.	૫ અને ઇસ્લામના (સઘળા) અરકાન (મૂળતત્વો).

(મિશ્ર હરિગીત)

ઈસ્લામમાં વહદાનિયત, સૌ સત્યમાં યે સત્ય છે,
" છે એક અલ્લા' " હું વદૂં, ઇમાન લાવું તે પરે;

૨—૩

તુજ નામ સુન્દર, ભાવવાચક, યા ઇલાહી ! છે બધાં,
નવ્વાણું સુન્દર નામ તુજ, "અસ્મા-એ હુસ્ના" એ બધાં;
તુજ નામમાં બરકત ભરી,
તસ્બી પઢું હું તે તણી—
અલ્લાહ તું સત્તાર છે,
જબ્બાર છે,
કહ્હાર છે,
રાઝેકુર્ રઝ્ઝાક છે,
કાઝીઉલ્ કઝ્ઝાત છે.

૪—૫

ફરમાન ત્હારાં શિર ધરૂં, સ્વીકાર સૌનો હું કરૂં,
અરકાન જે ઇસ્લામના, તે યે બધા હું માનું છું;
ઇમાન પ્હેલું સૌ મહીં, હર એક પર એ ફર્ઝ છે,
સલવાત, રોજા તે પછી, બીમારનો અપવાદ છે;
હાલત તવંગર હોય તો, "આતુઝ્ ઝકાતો" પાળશો,
ગુરબા તણી ઇમદાદમાં, હિસ્સો ત્હમારો આપશો;
છેવટ, ત્હમે એક વાર તો, જંજાળની છુટા થજો,
મક્કા–મદીના હજ કરી, જીવન ખરે ! અજવાળજો.
મક્કા જઇ કા'બા તણી, સૌ હજ કરો, અય મોમિનો !
ઇસ્લામનું એ કેન્દ્ર છે, કિબ્લો વળી સલવાતનો;

સૂતા પયમ્બર મદીના મહીં—
(સ્વલ્લુ અલયહે વ આલેહી)—
યદિ હજ કરો તે ટાંકણે, ઝયારત કદી ના ચુકશો,
મહશર તણા મયદાનમાં તો સૌ શિફાઅત પામશો !
આમીન !

૧

વહદાનિયત : એકીશ્વરવાદ. એદ્વૈતવાદ, Monotheism.

અસ્મા–એ–હુસ્ના : અસ્મા : ઇસ્મ : (નામ) નું બહુવચન છે. 'ઇસમ' માણસ, personના અર્થમાં ગુજરાતીમાં પ્રચલિત છે. હુસ્ના=સુન્દર; હુસ્ન=સૌંદર્ય.

અલ્લાહ પાકનાં નવ્વાણું નામોને "અસ્મા–એ-હુસ્ના"નું મુબારક ઉપનામ આપેલું છે.

આ બાબત કુરઆને પાકમાં ૭ : ૧૮૦માં ફરમાવ્યું છે કે— **વ લિલ્લાહિલ્ અસ્માઉલ હુસ્ના ફદઊહો બેહા વ ઝરુલ્લઝીના યુલ્હેદૂના ફી અસ્માએહી. સયુજ્ઝવ્ના મા કાનૂ યઅ્મલૂન** (પારા ૯, રૂકુ' ૧૨): અને ખુદાનાં નામ સૌથી સુન્દર છે. તેથી ત્હેનાં નામ લઇ ત્હેને પોકારો. અને જે લોકો એનાં નામોમાં મનસ્વી ફેરફાર કરે છે, ત્હેમને છોડી દયો. તેઓ જે કરી રહ્યા છે ત્હેની સજા ત્હેમને ટુંક સમયમાં મળશે.

આ નવ્વાણું નામમાંથી થોડાંક નીચે ગણાવ્યાં છે.

પૂરાં નવ્વાણું નામની યાદી. ત્હેમના અર્થ સાથે, આ કાવ્યની ટીકાને છેડે આપેલી છે.

સત્તાર : (માણુસનાં પાપ ઉપર માફીનો) પરદો નાંખનાર,
માફ કરનાર,

જબ્બાર : સર્વ શક્તિમાન, Omnipotent.

કહ્હાર : કેર વર્તાવનાર, સઝા કરનાર, Avenger.

રઝ્ઝાક : રઝક (રોજી–ગુજરાન) આપનાર, Provider.

રાઝેકુર રઝ્ઝાક : બધા રઝ્ઝાકોનો યે રઝ્ઝાક.

કઝ્ઝાત : એકવચન કાઝી, જજ્જ.

કાઝીઉલ્ કુઝ્ઝાત : બધા કાઝીઓનો કાઝી.

બરકત : લાભ. તસ્બી : માળા.

અરકાન : મૂળતત્વો, Elements, Principles;
એકવચન–રૂકન.

ઇમાન : લા ઇલાહા ઇલ્લલ્લાહ, મોહમ્મદુર રસૂલુલ્લાહ : અલ્લાહ એક છે, અને હઝરત મોહમ્મદ (સલ) ત્હેના પેગમ્બર છે.

સલવાત : નમાઝ. દરરોજ પાંચ વખતની ફર્ઝ છે : ૧. ફજર–ઉષા (પરોઢ) નું અજવાળું થયા પછી અને સૂર્યોદય થતા પ્હેલાં; ૨. ઝોહર–મધ્યાનનો સૂર્ય થોડો ઢળ્યા પછી, એટલે ૧ વાગ્યા પછી અને ૪ વાગ્યા પ્હેલાં; ૩. અસર–ઝોહરના વખત પછી, એટલે ૫ વાગ્યા પછી અને સૂર્યાસ્ત થતા પ્હેલાં;

૪. મગરેબ–સૂર્યાસ્ત પછી અને રાત પડતા પ્હેલાં, એટલે સૂર્યાસ્ત થયા પછી ઝાંખો પ્રકાશ રહે છે તે વખતે; ૫. ઈશાં–રાત શરૂ થયા પછી, એટલે તારા નિકળ્યા પછી, અને મધ્યરાત્રિ થતા પ્હેલાં. શુક્રવારે–જુમાની નમાઝ ફર્ઝ છે. તે ઉપરાંત બે ઇદની નમાઝ ફર્ઝ છે.

આ પાંચ ફર્ઝ નમાઝ ઉપરાંત, નફલ (ઐચ્છિક, મરજીયાત) નમાઝ ઘણી છે; ત્હેમાં મુખ્ય બે છે : ૧. તહજ્જુદ–પાછલી રાત્રે ફરજ નમાઝના વખત પ્હેલાં, એટલે રાત્રે ૪ વાગ્યા પછી અને ૫ વાગ્યા પ્હેલાં; ૨. ઇશરાક–શિર્ક–ઉગવું, to rise; સૂર્યોદય થયા પછી, સ્હેજ તડકા નીકળે ત્યારે, અને વધારે તાપ થતા પ્હેલાં; સૂર્યોદય થયા પછી એક કલાકની અંદર.

રોજા : રમજાન શરીફના મહીનાના રોજા ફર્ઝ છે. નફલ રોજા–રમજાન પ્હેલાં રજબ અને શાબાન એ બે માસના રોજા મરજીયાત ગણાય છે. તે ઉપરાંત, દર માસે, ચાંદરાત (New Moon Day); જુમેરાત (ગુરૂવાર) અને પીરનો વાર (સોમવાર); વિશેષમાં, દર માસની ૧૧ મી તારીખ, કારણ કે બગદાદ શરીફવાળા હઝરત પીરાંનપીર સાહેબ (રદી) નો જન્મ જમાદીઉલ અવ્વલની ૧૧ મી તારીખે થયો હતો, ત્હેની યાદગીરી તરીકે; અને દર માસની ૧૩, ૧૪ અને ૧૫ તારીખો, જે હઝરત આદમ (અ૦)ના વખતમાં રોજા

માટે ફર્જ હતી. આ ઉપરાંત, શબે બરાત–રમઝાનની ૧૪મી તારીખ, અને શબે મેઅ્રાજ–રજબની ૨૭ મી તારીખ, ઘણી પાક રાત્રિઓ ગણાય છે; તેમજ મોહરૂરમના પ્રથમ દશ દિવસ, ઓછામાં ઓછા બે દિવસ તા. ૯ અને ૧૦; આખા વર્ષમાં ગમે તેટલા મરજીયાત રોજા રાખવા છુટ છે, પરંતુ બે ઈદ–રમજાન ઇદ અને બકરી ઇદના રોજા "હરામ" (unholy) છે. તે ઉપરાંત ઝીલહજના મહિનાની તા. ૧૧–૧૨–૧૩ના રોજા પણ 'હરામ' છે; અર્થાત્ અતિ સખત રીતે મના કરવામાં આવેલા છે. ઇસ્લામમાં હરામ તરીકે જાહેર કરેલી બાબતનો અમલ કરનાર ઇસ્લામમાં રહી શકતો નથી.

હીજરી સનના મહિના: ૧ મોહરૂરમ, ૨ સફર, ૩ રબીઉલ અવ્વલ, ૪ રબીઉલ આખ્ખર, ૫ જમાદીઉલ અવ્વલ, ૬ જમાદીઉલ આખ્ખર, ૭ રજબ, ૮ શાબાન, ૯ રમઝાન, ૧૦ શવ્વાલ, ૧૧ ઝીલકદ, ૧૨ ઝીલહજ.

આતુઝ્ ઝકાતો: (અરબી) ત્હમે ઝકાત આપો. કુરઆને પાકમાં આ ઉદ્ગાર અનેક જગ્યાએ જડે છે, અર્થાત્; આ ફરમાન વારંવાર કરી મુસ્લિમોને ત્હેનો અમલ કરવા ખાસ આગ્રહ કરેલો છે. "ઝકાત"ને "ખુદાઇ ઇન્કમ ટેક્સ" કહીએ તો વાસ્તવિક છે. વાર્ષિક આવકનો ચાલીસમો હિસ્સો, એટલે સેંકડે અઢી ટકા, ઇસ્લામી રિયાસતો (રાજ્યો)માં

ઉઘરાવી. ગરીબોને દાન યા મદદ તરીકે વ્હેંચવામાં આવે છે. ઇંગ્લૅન્ડ, યુરોપના પુઅર રેટ, Poor Rate, છેક અર્વાચીન છે. કેથોલીક ચર્ચના દશાંશ–Tithes નો પાદરીઓ તરફથી થયેલો દુરૂપયોગ ઇતિહાસના અભ્યાસીઓને સારી રીતે ખબર છે. શેરીએ શેરીએ અને ઘેર ઘેર ભટકતા ફકીરો હિન્દમાં છે. ઈસ્લામી મુલ્કોમાં નથી. ત્હેનું કારણ ઝકાતનો કાનુન છે. ત્યાં Poor House કે Work Houseની જરૂર જણાઈ નથી.

વાર્ષિક આવકના અઢી ટકા ઉપરાંત, સ્થાયી મિલ્કતમાંથી પણ અમુક પ્રમાણ બાદ કરી, બાકીની મિલ્કત ઉપર દર વર્ષે, આ જ હિસાબે ઝકાત આપવી ફરજ્યાત છે.

નમાઝ જેટલી જ અગત્ય ઝકાતને આપવામાં આવેલી છે. કુરઆને કરીમમાં, **અકીમુસ્સલાતો** (નમાઝ ઉપર ઉપર કાએમ રહો–નમાઝ કદિ છોડો નહિ), તે સાથે જ, **આતુઝ્ઝકાતો** (ઝકાત આપો)ના ઉદ્‌ગાર જ્યાં ત્યાં એક સાથે જ પઢવામાં આવે છે.

ઇમદાદ : મદદ. ગુરબા : ગરીબનું અનેકવચન.

હજ : યાત્રા. મક્કા–મદીનાની યાત્રા તે "હજ" કહેવાય છે, ત્યારે બીજા ધાર્મિક સ્થળોની યાત્રાને "ઝયારત" કહે છે. Pilgrimage વિરૂદ્ધ Visit to a Holy Place ના ભાવમાં હજ અને ઝયારતના ભાવ તાદૃશ્ય થાય છે.

કા'બા : મૂળ અર્થ—ચોરસ. Square. મક્કા-શરીફની મુખ્ય મસ્જીદ. વિશેષ ખુલાસા માટે જુઓ પાન ૧૦૦-૧૦૧.

કેન્દ્ર : મધ્યબિન્દુ, Centre. ઈસ્લામની શરૂઆત ત્યાંથી થયેલી છે.

કિબ્લો : જે તરફ મ્હો કરી નમાઝ પઢવી જોઇએ તે જગ્યા : હિન્દમાં પશ્ચિમ દિશા.

યાહુદીઓનો કિબ્લો જેરૂસલમ છે. મુસલમાનોનો કિબ્લો પણ પ્રથમ તે જ હતો, પરંતુ પાછળથી ઇલ્લાહી વહી (શ્રુતિ) ને લીધે કા'બા શરીફનો કિબ્લો ફરમાવવામાં આવેલો છે. જેરૂસલમમાં ઘણા પયગમ્બરોના રોજા છે. વળી, છેવટની કયામત, Resurrection, પણ ત્યાં જ થશે. એમ ઇસ્લામી માન્યતા છે.

સ્વલ્લુ અલયહે વ આલેહી : ત્હેમના ઉપર, અર્થાત્, હઝરત પેગમ્બર સાહેબ ઉપર, અને ત્હેમની ઓલાદ ઉપર અલ્લાહ તઆલાની સલામ હો !

આ દરૂદ શરીફ (Holy Blessing) શેખ સા'દી સાહેબ (રહ) નું રચેલું છે. ત્હેમણે રચેલું આખું દરૂદ આ પ્રમાણે છે :

બલગ'લ્ ઉલા બે કમાલેહી,
કશફ઼દ્ દુજા બે જમાલેહી;

હુસોનત જમીઅ ખેસાલેહી,
સ્વલ્લુ અલયહે વ આલેહી.

અર્થ—જ્ઞાનમાં તેઓ સંપૂર્ણ હતા; સાૈંદર્યમાં કોઈથી ઉતરતા ન્હોતા; ત્હેમનું ચારિત્ર્ય (Character) સુન્દર હતું; ત્હેમના અને ત્હેમના વંશ જ ઉપર ખુદા પાકની સલામ હો !

યદિ : જો, જ્યારે. મહશર : કયામત.
શિફાઅત : મોક્ષ, સ્વર્ગ, જન્નત. મયદાન : મેદાન
આમીન : અસ્તુ. Amen.

અસ્મા—એ—હુસ્ના.

અલ્લાહ તઆલાનાં સુન્દર નામ.

૧ અર્ રહમાનો	દયાળુ, દયાનિધિ, The Merciful
૨ અર્ રહીમો	કૃપાળુ, કૃપાનિધિ, The Beneficent, The Compassionate
૩ અલ મલેકો	શહેનશાહ
૪ અલ કુદ્દુસો	પરમ પવિત્ર, The Holy
૫ અસ્ સલામો	પરમ શાન્તિ, The Peace
૬ અલ મોઅ્મિનો	ઇમાનદાર, The Faithful.

૭ અલ મોહયમિનો	રક્ષણકર્તા, Protecter. સરખાવો નં. ૩૮.
૮ અલ અઝીઝો	સર્વોત્તમ
૯ અલ જબ્બારો	ત્રાસ વર્તાવનાર
૧૦ અલ મોતકબ્બિરો	સૌથી મહાન સરખાવો નં. ૩૭
૧૧ અલ ખાલિકો	સર્જનહાર, The Creator
૧૨ અલ બારીઓ	,, ,, ,,
૧૩ અલ મોસવ્વેરો	કલાનિધિ, The Fashion r
૧૪ અલ ગફ્ફારો	માફી બક્ષનાર નં. ૩૪ સરખાવો.
૧૫ અલ કહ્હારો	કેર વર્તાવનાર, સઝા કરનાર, The Avenger.
૧૬ અલ વહ્હાબો	ઉદાર, દાતા, The Bestower
૧૭ અર્ રઝ્ઝાકો	પાલનહાર, રોજી આપનાર
૧૮ અલ ફત્તાહો	ઉઘાડનાર, The Opener
૧૯ અલ અલીમો	સર્વજ્ઞ, Omniscient
૨૦ અલ કાબિદો	કબજે રાખનાર
૨૧ અલ બાસિતો	ફેલાવનાર,The Spreader
૨૨ અલ ખાફિદો	ખોફ (બ્હીક) કરનાર, ડરાવનાર, The Abaser
૨૩ અર્ રાફિઓ	ઉચ્ચ સ્થાને વા ઉચ્ચ

	આદર્શ પર લઈ જનાર, The Fxalter
૨૪ અલ મોઇઝ્ઝો	ઇઝ્ઝત (આબરૂ) આપનાર
૨૫ અલ મોઝિલ્લો	ગે'ર આબરૂ કરનાર
૨૬ અસ્ સામીઓ	સાંભળનાર
૨૭ અલ બસીરો	જોનાર, દ્રષ્ટા
૨૮ અલ હુકમો અલ હાકિમો	હાકેમ, હુકમ કરનાર
૨૯ અલ અદ્લો અલ આદિલો	ઇન્સાફ કરનાર
૩૦ અલ લતીફો	માયાળુ
૩૧ અલ ખબીરો	ખબર રાખનાર
૩૨ અલ હલીમો	માયાળુ, The Clement
૩૩ અલ અઝીમો	સૌથી મહાન
૩૪ અલ ગફૂરો	માફી બક્ષનાર, નં. ૧૪ જુઓ.
૩૫ અશ્ શકૂરો	ઉપકાર માનવા લાયક
૩૬ અલ અલીય્યો	ઉચ્ચ પદે લઈ જનાર, નં. ૭૭ સરખાવો.
૩૭ અલ કબીરો	સૌથી મહાન, સરખાવો નં. ૧૦
૩૮ અલ હફીઝો અલ હાફિઝો	સંરક્ષણ કરનાર, નં. ૭ સરખાવો.

૩૯ અલ મોકીતો	કુવ્વત (શકિત) આપનાર નં. ૫૩ સરખાવો
૪૦ અલ હસીબો	હિસાબ લેનાર
૪૧ અલ જલીલો	ભવ્ય, The Majestic
૪૨ અલ કરીમો	ઉદાર, સખી
૪૩ અર્ રકીબો	સંભાળનાર
૪૪ અલ મોજીબો	જવાબ આપનાર, પ્રાર્થના કબુલ કરનાર
૪૫ અલ વાસેઓ	પોતાનામાં સૌને સમાવનાર, સઘળે વસનાર, Omnipresent
૪૬ અલ હકીમો	હિકમતવાળો, શાણો, The Wise
૪૭ અલ વદૂદો	સૌને ચાહનાર
૪૮ અલ મજીદો	પરમ પવિત્ર, કીર્તિવંત
૪૯ અલ બાએસો	સર્વ કારણ રૂપ The Cause (of the Universe)
૫૦ અશ્ શહીદો	શાહેદ, સાક્ષી
૫૧ અલ હક્કો	સત્ય, The Truth
૫૨ અલ વકીલો	વકીલ, એલચી, હિમાયતી.
૫૩ અલ કવીય્યો	કુવ્વત (શકિત) વાળો, નં. ૩૯ સરખાવો
૫૪ અલ મતીનો	અચળ, મક્કમ

૫૫ અલ વકીરયો	મુરબ્બી, Patron, મિત્ર
૫૬ અલ હમીદો	વખાણ કરવા લાયક (વખાણુ–સ્તુતિના અર્થમાં)
૫૭ અલ મોહ્સીઓ	હિસાબ કરનાર
૫૮ અલ મુબ્દિઓ	આદિ, શરૂઆત The Beginning
૫૯ અલ મોઇદો	મૂળ સ્થિતિમાં ફરી લાવનાર, (કયામતને દિવસે) ફરી જીવન આપનાર, Restorer to Life
૬૦ અલ મોહયો	જીવન આપનાર
૬૧ અલ મોમીતો	મરણ આપનાર
૬૨ અલ હયો	અમર, અવિનાશી, Eternal
૬૩ અલ કય્યુમો	અવિનાશી, કાયમ રહેનાર,
૬૪ અલ વાજેદો	સંશોધન કરનાર, શોધી કહાડનાર,
૬૫ અલ માજેદો	(મજીદ ઉપરથી) કીર્તિવાળો
૬૬ અલ વાહેદો / અલ અહદો	એક, The One
૬૭ અસ્ સમદો	અનાદિ, અનંત, Eternal
૬૮ અલ કાદેરો	સર્વશકિતમાન Omnipotent
૬૯ અલ મુકતદેરો	" "
૭૦ અલ મોકદ્દેમો	અગ્રેસર, સૌથી આગળ હોનાર

૭૧ અલ મોઅખ્ખરો	સૌથી પાછળ રહેનાર
૭૨ અલ અવ્વલો	આદિ, શરૂઆત
૭૩ અલ આખેરો	અંત, છેવટ
૭૪ અઝ્ ઝાહેરો	ઝાહેરમાં હોય તે
૭૫ અલ બાતેનો	ખાનગી હોય તે, ગુપ્ત,
૭૬ અલ વાલીઓ	હાકેમ
૭૭ અલ મોતઆલી	અતિ ઉચ્ચ, નં. ૩૬ જુઓ.
૭૮ અલ બરૂરો	ન્યાયી, પવિત્ર
૭૯ અત્ તવ્વાબો	તોબા (પશ્ચાતાપ) કબુલ કરનાર
૮૦ અલ મુનૂએમો	ભલુંકરનાર, The Benefactor
૮૧ અલ મુન્તકેમો	વેર લેનાર, સજા કરનાર, The Avenger, નં. ૧૫ જુઓ.
૮૨અલ અફુવ્વો	માફ કરનાર
૮૩ અર્ રઊફો	માયાળુ, મહેરબાન
૮૪ માલેકુ'લ મુલ્કો	સાર્વભૌમ મહારાજા, ચક્રવર્તી
૮૫ ઝુલજલાલે વ'લ ઇકરામે	ભવ્યતા અને ઓદાર્યના અધિષ્ટાતા
૮૬ અર્રબ્બો	માલિક, Lord
૮૭ અલ મુકસેતો	ન્યાયી
૮૮ અલ જામેઓ	ટોળે કરનાર
૮૯ અલ ગનીય્યો	દાતા
૯૦ અલ મુગની	,,

૯૧ **અલ મોઅ્તી**	પરવાનગી આપનાર
૯૨ **અલ માનેઓ**	મના કરનાર
૯૩ **અદ્ દ્વારૂરો**	દુ:ખ આપનાર
૯૪ **અન્ નાફ્રેઓ**	નફો આપનાર
૯૫ **અન્ નૂરો**	જ્યોતિ, પ્રકાશ.
૯૬ **અલ હાદીઓ**	હિદાયત આપનાર, ખરો માર્ગ દેખાડનાર
૯૭ **અલ બદીઓ**	સરખામણી ન થઈ શકે ત્હેવો, Incomparable
૯૮ **અલ બાકી**	છેવટે બાકી રહેનાર
૯૯ **અલ વારેસો**	સૌનો વારસ
૧૦૦ **અર્ રશીદો**	રસ્તો દેખાડનાર
૧૦૧ **અસ્સ સબૂરો**	સબર કરનાર, ધૈર્ય ધરનાર, The Patient.

સૌથી પ્હેલું નામ **અલ્લાહ** છે. બાકીનાં ૯૯ નામને બદલે ૧૦૧ કેમ થાય છે તે સમજાતું નથી. આ નામાવલિ માટે નીચે પ્રમાણે આધાર લીધો છે:—

૧. Hughes' Dictionary of Islam,

૨. Dr. Arnold's Pearls of Faith,

૩. ત્હેનો ગુજરાતી તરજુમો-ઇ**માનનાં મોતી**, કર્ત્તા, હાજી મહમદ અલારખીઆ શીવજી.

૪. પંજ સૂરામાં આપેલાં અલ્લાહનાં નામ.

૫. દલાયલુલ્ ખયરાતમાં આપેલાં અલ્લાહનાં નામ.

પરિશિષ્ટ

અરબી અવતરણોના ઉલ્લેખ.

સૂરા	આયત	પારા	રૂકુ'	સૂરા	આયત	પારા	રૂકુ'
૨	૩૨	૧	૪	૬	૭૩	૭	૧૫
૨	૬૨	૧	૮	૭	૫૪	૮	૧૫
૨	૧૧૭	૧	૧૪	૭	૧૮૦	૯	૧૨
૩	૪૭	૩	૧૩	૯	૩૦	૧૦	૧૧
૩	૫૯	૩	૧૪	૯	૮૦	૧૦	૧૬
૩	૯૬	૪	૧	૧૦	૩	૧૧	૬
૩	૧૪૪	૪	૬	૧૦	૭૧-૭૨	૧૧	૧૩
૪	૪૮	૫	૪	૧૫	૧૦	૧૪	૧
૪	૫૬	૫	૫	૧૫	૮૭	૧૪	૬
૪	૯૪	૫	૧૦	૧૬	૩૬	૧૪	૧૧
૪	૧૧૬	૫	૧૪	૧૮	૧૧૦	૧૬	૩
૫	૬૯	૬	૧૪	૨૫	૬૦	૧૯	૩
૫	૭૨	૬	૧૪	૫૫	૨૯	૨૭	૧૨
૫	૧૦૯	૭	૫	૭૦	૪	૨૯	૭
૫	૧૧૬	૭	૬	૭૮	૩૮	૩૦	૨

વૃદ્ધિપત્રક : Addenda.

પાન	લીટી	
૧૭	૨	આમન્તો નીચે ઉમેરો : ઇમાને મોફસ્સિલ.
૨૪	૭	કિતાબ--પછી ઉમેરો : Psalms.
,,	૧૦	બાઇબલ થયેલું છે-પછી ઉમેરો : ઝબુર-Psalmsનો પણ બાઇબલમાં સમાવેશ કરેલો છે.
૪૦	૧૫	કુરઆને પાકની-પછી ઉમેરો : એક નવમી સૂરા સિવાય બાકીની-
૬૧	૨૦	૧૦ : ૩ પછી ઉમેરો-અને ૭ : ૫૪
૬૪	૧૦	૩ : ૫૯ પછી ઉમેરો— ૬ : ૭૩
૧૫૯	૨	મસ્જિદ પછી ઉમેરો-ચોરસ છે માટે.
૧૬૧	નં. ૮	ઉમેરો — સર્વ શક્તિમાન.
,,	૨૦	,, બંધ કરનાર
,,	૨૧	,, ઉઘાડનાર
,,	૨૨	,, ગર્વ ઉતારનાર.

૧૫૧ } અનુક્રમે છેલ્લે ઉમેરો-આ કાવ્ય પ્રથમ પ્રગટ થયું છે:-
૧૬૬ } સાદિક, (માસિક), રાંદેર, જુન-ઑગસ્ટ-૧૯૨૭.

શુદ્ધિ પત્રક Corrigenda

પૃષ્ટ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૩	૫	**ચેદવાહેઉના**	**ચોદ્ધાહેઉના**

૨૭	૧૭	અદૂલના	બદૂલના
૨૭	૧૮	ગચરહાલેયઝૂકુ'લ	ગચ્રહા] લે[યઝૂકુ'લ
,,	,,	અઝાબઃઇન્નલ્લાહા	અઝઃઆ ઇન્નલ્લાહા
,,	૧૯	લોકે	લોકોએ
,,	૨૧	એમ્હના	એમના
૩૨	૨	બિલ્લાહ	બિલ્લાલ
,,	૧૦	Indax Fuiger	Index Finger
૪૦	૧૭	બિસ્મલ્લાહ	બિસ્મિલ્લાહ
,,	૨૦	૧૪૦	૧૦૪
૪૧	૧	Reveald	Revealed
૪૨	૮	મિલ'ન્	મિન'લ્
૪૩	૧૨	૩૫ : ૬૦	૨૫ : ૬૦
૪૪	૮	નમાન	નમાઝ
૫૮	૯	હિફઝોમા	હિફઝોહોમા
૫૯	૧૨	ફિદ્દીને.	ફિદ્દીન;
૬૨	૧૯	સવ વ્યાપકતા	સર્વવ્યાપકતા
૬૯	૨	be	de
૭૨	૧૭	ભાઇને	ભાઇ
૭૫	૧૨-૧૩	ચોકીમનસ્સાલાતા	ચોકીમૂનસ્સલાતા
૭૬	૨	બેમા	બેમા
,,	૩	મિન્.	મિન્
,,	૪	આખે તે	આખેરતે

૭૭	૬	ક્રોલ્એહિમ્	ક્રોલૂએહિમ્
૮૯	૧૨	અબ્તુમ્	અબ્તુમ્
,,	૧૬	અઅબુદ	અચૂબુદ
૯૧	૧	દોરે	ઘેરે
૧૦૦	૯	અરસ્તાન	અરબસ્તાન
૧૦૫	૧૨	અયે	અય
૧૦૬	૧૬	મયા	મૈયા
૧૧૦	૬	syria	Syria
૧૧૧	૨	શીયા	શીઆ
૧૧૫	૧૧	નબીરા	નવાસા
૧૧૬	૧૯	આચ્છદિત	આચ્છાદિત
૧૧૮	૧૬	વચત	વખત
૧૨૧	૧૨	નબીરા	નવાસા
૧૨૩	૧૭	શ્રાપ	શાપ
૧૨૪	૪	શ્રાપિત	શાપિત
૧૨૯	૧૪	અણુ	અબુ
૧૪૩	૧	શ્રાપ	શાપ
,,	૩	શ્રાપિત	શાપિત
૧૬૧	૧	મેહયૂમિનો	મોહચ્મિનો
૧૬૨	૫	સામીઓ	સમીઓ
૧૬૫	૭૧	મોઅફ્અરો	મોઅફખરો
૧૬૬	૯૮	અલ બાકી	અલ બાકીઓ

નડીઆદ શારદા વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શેઠ હરજીવનદાસ અમરસીએ છાપ્યું.